
737 4-150

વીર સં. ૨૪૮૨ વિ. સં. ૨૦૧૨;

વર્ષ ૧૩ ઓકટોબર * ૧૯૫૬ અંક ૮




શ્રી કોલ્હાપુર ગુજરી વિભાગનું શ્રી સંભવનાથ
જૈનમંદિરનું એક દૃશ્ય
[ શ્રી ચક્રવર્તી ડી. જતરાટકરના સૌજન્યથી ]

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥શિવમસ્તુ સર્વજગતઃ

5527

# નવા સભ્યો અને સહકાર

શ્રી દેવશીભાઇ જીવરાજ થીકાની શુભ પ્રેરણાથી થયેલ સભ્યોનાં શુભ નામો.

રૂા. ૩૦, શ્રી ભારમલભાઇ કાનજીભાઇ થીકા

રૂા. ૩૦, શ્રી કચરાભાઈ ભગવાનજી કગુન્ડો

રૂા. ૧૩, શ્રી દેવશીભાઇ જીવરાજ થીકા

રૂા. ૨૫, શ્રી અમર જૈનશાળા ખંભાત હા. શેઠ શ્રી રમણલાલ દલસુખભાઇ પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૨૫, શ્રી નોંઘણવદર જૈન સંઘ પૂ. પંન્યાસજી સુમતિવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૨૧, શ્રી વિશાશ્રીમાલી જૈન સંઘ સાવરકુંડલા પૂ. ઉપાધ્યાયજી ધર્મવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૨૧, શેઠ ગોડીદાસ ડોસાચંદની પેઢી રાધનપુર પૂ. પંન્યાસજી કનકવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ મહિમાવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૫, જૈન મહાજન ઉંઝા પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી જૈન તપગચ્છ સંઘ ભાગલપુર પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી જૈન સંઘ વાપી પૂ. પંન્યાસજી પ્રવીણવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

શ્રી મેઘજીભાઈ રૂપશીભાઇ ન્યેરીની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભ નામો.

રૂા. ૧૩, શ્રી મુલજીભાઇ મેપાભાઇ રેયરૂ

રૂા. ૧૩, રેયરૂ જનરલ સ્ટોર રેયરૂ

રૂા. ૧૩, શ્રી હીરાલાલ કેશવજી ટુરઓ

રૂા. ૧૩, શ્રી સોમચંદ કેશવજી ઇલ્ડોરેટ

રૂા. ૧૩, શ્રી મેપાભાઇ પૂંજા થીકા

રૂા. ૧૩, શ્રી સોમચંદ રામજી નૈરોબી

રૂા. ૧૩; શ્રી ન્યેરી જનરલ ગ્રોસર ન્યેરી

રૂા. ૧૩, શ્રી નરશીભાઇ પાંચા ન્યેરી

રૂા. ૧૩, શ્રી મેપાભાઇ કાનજી ન્યેરી

રૂા. ૧૩, શ્રી મુલજીભાઇ પૂંજા ન્યેરી

રૂા. ૧૩, શ્રી ન્યેરી ટ્રેડીંગ સ્ટોર ન્યેરી

રૂા. ૧૩, શ્રી રાયચંદભાઇ મેપાભાઈ ન્યેરી

રૂા. ૧૩, શ્રી મુલજીભાઇ લખમણ ન્યેરી

રૂા. ૧૩, શ્રી ગોસરભાઈ માયા ન્યેરી

રૂા. ૧૩, શ્રી ત્રિભોવનભાઈ કાનજી પડીઆ ન્યેરી

રૂા. ૧૩, શ્રી ભોગીલાલ આર પટેલ ન્યેરી

રૂા. ૧૩, શ્રી લખુભાઈ રૂડા પટેલ ન્યેરી

રૂા. ૧૩, શ્રી લાલજી અરજણ વાણુંદ ન્યેરી

રૂા. ૧૩, શ્રી લાલજી મેઘજી ન્યેરી

રૂા. ૧૩, શ્રી ભોજાભાઈ જીવરાજ ન્યેરી

રૂા. ૧૩, શ્રી રામજીભાઇ લાખા ન્યેરી

રૂા. ૧૩, શ્રી કચરાભાઇ લખમશી ન્યેરી

રૂા. ૧૧, શ્રી મુલચંદભાઈ ઉજમશી સુરેન્દ્રનગર શ્રી ચંપકલાલ ચુનીલાલની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી જયંતિલાલ પોપટલાલ સુરેન્દ્રનગર ઉપર મુજબની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી ઠાકરશીભાઈ જેઠાભાઇ ગાંધી પાલીતાણા

રૂા. ૧૧, આણંદજી ભીમશી નાગડા ઘાટકોપર

રૂા. ૧૧, શ્રી નાનચંદ મેઘજીભાઇ મુંબઈ–૯

રૂા. ૧૧, શ્રી રમણલાલ વાડીલાલ શાહ અમદાવાદ

રૂા. ૧૧, રસીલાબેન C/o શ્રી ચીમનલાલ હરિભાઇ મુંબઇ

રૂા. ૧૧, મેસર્સ સુમતિલાલ દલીચંદ સંગમનેર

રૂા. ૧૧, શ્રી કપુરચંદ વીરજીભાઇ સંઘવી શ્રી છોટાલાલ ડી. શાહની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી જેઠાલાલ દેવજીભાઇ વડાલા પૂ મુનિરાજ શ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી જયંતિલાલ અમૃતલાલ મોટા પોશીનાજી શ્રી દેવચંદ ભાઇચંદની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી જવાનલમલ દલાજી સારસોલી

રૂા. ૧૧, શ્રી મણીલાલ કાલીદાસ વડાલી

[ જુઓ અનુસંધાન ટાઇટલ પેજ ત્રીજુ ]

# વિષય દર્શન


| | | |
|---|---|---|
| અદ્ભૂત આરાધના | કાર્યાલય | ૫૦૮ |
| ફુલ અને કાંટા | શ્રી નાથાલાલ દત્તાણી | ૫૦૯ |
| સર્જન અને સમાલોચના | શ્રી અભ્યાસી | ૫૧૧ |
| યોગબિન્દુ | શ્રી વિદૂર | ૫૧૫ |
| શ્રી શ્રમણસંઘ | શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ | ૫૧૯ |
| સ્ત્રીઓ અને નોકરી | કુ. ઉર્મી પુંડરીકરાય મહેતા | ૫૨૧ |
| કહેવું કોને? | શ્રી મોહનલાલ ચુ. ધામી | ૫૨૪ |
| સમકિત અને શીલ | શ્રી ઉજમશી જુઠાભાઈ | ૫૨૭ |
| આત્મહિત કુલક | મુ. શ્રી માનતુંગવિજયજી | ૫૨૮ |
| પૂંજી | શ્રી નગીનદાસ એન શાહ | ૫૩૦ |
| શંકા-સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૫૩૧ |
| પ્રાથમિક સાધના | શ્રી મૃગેન્દ્ર મુનિ મ. | ૫૩૩ |
| શ્રી મૂછાળા મહાવીર | શ્રી કાંતિલાલ વૈદ્ય | ૫૩૫ |
| પૂર્વજન્મ અને પુનર્જન્મ | મુનિરાજ જયપદ્મવિજયજી મ. | ૫૩૭ |
| અંતિમ સમવસરણ | શ્રી સુમંગલ | ૫૩૯ |
| જીવો જીવસ્ય જીવનમ્ | શ્રી વજ્રપાણિ | ૫૪૨ |
| વિચારવા જેવું. | શ્રી દલીચંદ ભુદરભાઈ | ૫૪૭ |
| ધર્માદા ટ્રસ્ટ | શ્રી પ્રભુદાસભાઈ પંડિત | ૫૪૮ |
| આમંત્રણ | કાર્યાલય તરફથી | ૫૫૦ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. | ૫૫૨ |
| સિદ્ધપુરની પ્રાચીનતા | શ્રી ભીખાભાઈ શેઠ | ૫૫૫ |
| ચિંતનમધુ | પૂ. પં. શ્રી કનકવિજય ગણિવર | ૫૫૮ |
| ધાર્મિક મિલકતોને નુકશાન | શ્રી જૈનસંઘ | ૫૫૯ |
| વિશ્વનાં વહેતાં વહેણો | શ્રી પ્રવાસી | ૫૬૧ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૫૬૬ |


# આટલું જરૂર વાંચજો.

જૈનસમાજમાં પોતાના વિશિષ્ટ વ્યક્તિત્ત્વથી ભાત પાડતું 'કલ્યાણ' છેલ્લા પાંચ વર્ષથી દિન-પ્રતિદિન સતત પ્રગતિ કરતું રહ્યું છે. વિવિધ વિષયો દ્વારા સમાજમાં નવ-નવાં સંસ્કારપોષક શ્રદ્ધાપ્રેરક વાંચનનો રસથાળ ધરતા 'કલ્યાણ' માટે સમાજમાં સર્વ કોઇને એક સરખો આદરભાવ છે.

વિ. સં. ૨૦૧૨ના વર્ષમાં **'બાલસંન્યાસદીક્ષા પ્રતિબંધક વિધેય વિરોધ વિશેષાંક'** લગભગ ૧૬ ફરમાનો કલ્યાણે પ્રસિદ્ધ કર્યો. જેને એક સરખી રીતે શ્રદ્ધાળુ સમાજે આવકાર આપ્યો. ચાલુ વર્ષમાં **'વર્ધમાન તપ માહાત્મ્ય વિશેષાંક'** કલ્યાણે પ્રગટ કર્યો. જે ૨૩ ફરમા ઉપરનો દળદાર અંક સર્વને એક સરખી રીતે ગમી ગયો, જેની લોકપ્રિયતા એ છે કે, આજે ૨૫૦૦ નકલો કાઢવા છતાં એક પણ નકલ શીલકમાં નથી, અને ચોમેરથી તેની માંગ થઇ રહી છે.


જેમાં ૪૪ વર્ધમાનતપ અંગેના લેખો. તપના પ્રભાવ વિષેના અન્યાન્ય લેખો, વર્ધમાનતપની આરાધના કરનાર પુણ્યવાન આત્માઓના પ્રેરક પ્રસંગો (જે ખાસ વિશેષાંક માટે તૈયાર કરેલા) અનેક વિશિષ્ટ ચિત્રો, ૨૦૮ પેજનો વિવિધરંગી શાહીમાં છપાયેલો આ વિશેષાંક વર્ધમાનતપના મહિમા વિષેના પ્રસિદ્ધ થયેલા સાહિત્યમાં અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કરે છે.

આવા અનેક વિશેષાંકો, સમૃદ્ધ વિવિધ વિષયસ્પર્શી સાહિત્ય વર્ષ દરમ્યાન લગભગ ૯૦૦ ઉપરાંત પેજોમાં હોવા છતાં દ્વિરંગી પૂંઠું. તીર્થના ફોટાઓ. અને સચિત્ર વિશેષાંક છતાં કલ્યાણનું લવાજમ રૂા. પાંચ છે. જે સમાજના કોઇપણ સામાહિક, પાક્ષિક કે માસિક કરતાં યે સસ્તું છે.

કલ્યાણે અત્યાર અગાઉ **કથા-વાર્તા વિશેષાંક, તીર્થ વિશેષાંક** એમ કુલ ચાર વિશેષાંકો તથા પર્યુષણ વિશેષાંક, દરવર્ષે આપ્યા છે. વર્ધમાન તપ વિશેષાંકની લોકપ્રિયતાથી આકર્ષાઇ, સમાજની માંગણીથી તેમાંના ચૂંટીને તૈયાર કરેલા મનનીય લેખો, શ્રી ચંદ્રકેવલીથી માંડી વર્તમાનના તપસ્વીઓના પ્રેરક જીવનપ્રસંગોથી સમૃદ્ધ પુસ્તક પ્રસિદ્ધ થઇ રહ્યું છે.

સં૦

# ચાર વર્ષના બાળકની અદ્‌ભૂત આરાધના



**ન**વસારીના વતની શ્રી બાબુભાઈ ઝવેરચંદના સુપુત્ર શ્રી **રાજેન્દ્રકુમાર** જેની ઉંમર ૪ વર્ષની છે. પૂર્વભવની આરાધનાને લીધે નાની વયમાં ધર્મશ્રવણ, નવકારશીનું પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ વગેરે કરે છે. કોઈની પણ પ્રેરણા સિવાય પર્વાધિરાજ પર્યુષણ પહેલાં પોતાના મા-બાપની પાસે 'પર્યુષણના પહેલા દિવસે હું ઉપવાસ કરીશ.' એમ કહ્યું. મા-બાપ ખુશી થયાં. એકાસણું કરાવવા પ્રયત્નો કર્યા હતા પણ તે બાળ આરાધકે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, 'હું ઉપવાસ જ કરીશ.' અને ઉલ્લાસપૂર્વક પહેલા દિવસે ઉપવાસ કર્યો.

તેને પ્રશ્ન કરવામાં આવ્યો કે 'ઉપવાસમાં શું શું વપરાય?' તેના જવાબમાં કહ્યું કે, 'ગરમ પાણી સિવાય કશું વપરાય નહિ.'

ઉપવાસ કર્યો તે દિવસ અને રાત ઉપાશ્રયમાં પસાર કરી, બીજે દિવસે ગુરુવંદન, નવકારશીનું પચ્ચક્ખાણ, પ્રભુદર્શન કરી પારણું કર્યું.

બાળ વયના રાજેન્દ્રનું બહુમાન કરવાની શ્રી સંઘની ભાવના થઈ, બાળકને સંઘ સમક્ષ વ્યાખ્યાનની પાટ પાસે ઉભો રાખી પૂ. મુનિરાજ શ્રી રોહિતવિજયજી મહારાજશ્રીએ બાળકની આરાધનાનું વર્ણન કર્યું. શ્રી સંઘે રૂા. એકાવન આપી બહુમાન કર્યું. સંવત્સરીનો પણ ઉપવાસ કર્યો હતો અને પર્યુષણ પહેલાં ચાર આયંબિલ પણ કર્યાં હતાં.

**ધન્ય આરાધના! ધન્ય બાળ તપસ્વી!**

વર્ષ ૧૩ : અંક ૮ : ઓકટોબર : ૧૯૫૬

કલ્યાણ

## ૦ ૦ ૦ ફૂલ અને કાંટા ૦ ૦ ૦

જીવનપંથ ફૂલોથી નહિ, કંટકોથી છવાયેલો છે, પણ દુઃખ સહેનારને જેમ અંતે સુખ પ્રાપ્ત થાય જ છે. તેમ જીવનપંથના કંટકોનાં ડંખનું દર્દ સહન કરનારને અંતે ફૂલની ફોરમ માણવા મળે જ છે.

કાંટા વગરનું ગુલાબ ન સંભવે, તો જીવનપંથ પણ કંટકવિહોણો કેમ હોઇ શકે? જીવનપંથના આ કંટકો એટલે વિકાસવાંછુ જીવન-સરિતાની ગતિને અવરોધતી આપત્તિ-રૂપી શિલાઓ. કાંટાથી ડરનારને જેમ કદી ગુલાબની સૌરભ સાંપડતી નથી, તેમ આપત્તિઓથી દૂર ભાગનારને જીવનમાં કદી સુખચેન સાંપડતાં નથી; અને એની જીંદગી ભય, ત્રાસ અને ભીરૂતાની ત્રિવેણી જ જાણે કે બની રહે છે! કાંટાના આવરણને દૂર કરનાર જ જેમ ગુલાબ પામી શકે છે, તેમ જીવન-પ્રવાહની ગતિને અવરોધતી આ આપત્તિઓનો નાશ કરનાર જ પ્રગતિને પંથે પ્રસ્થાન કરી શકે છે. આમ મહત્તા તો આપત્તિઓથી દૂર ભાગવામાં નહિ, પણ ખુદ આપત્તિઓને દૂર ભગાડવામાં છે.

અને આપત્તિઓથી વળી દૂર ભાગવું શાને? એ કાંઇ દૂર ભાગવા જેવી ખતરનાક વસ્તુ થોડી જ છે? એ તો છે કેવળ કસોટી અને કસોટી, પછી ગમે તે પ્રકારની હોય પણ, કામયાબી તો એને પાર કરનારને જ વરે છે–પીછેહઠ કરનારને નહિ તે નહિ જ. સાચાં મોતી મેળવવાં હોય તો જેમ મહાસાગરમાં પડયે જ છુટકો, તેમ જીવનસાગરમાંથી સફળતાના-વિકાસના મોતી મેળવવાં હોય તો મરજીવા બની મુશ્કેલીઓનાં મોજાનો સામનો કર્યે જ છુટકો! સાધના વગર સિધ્ધિ કેમ સાંપડે?

વળી, સુવર્ણ જેમ અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ વધુ ઉજ્જવળ બને છે, ટીપાઈ ટીપાઇને જેમ અધિક સુંદર બને છે, તેમ માનવી પણ આપત્તિઓની અગ્નિપરીક્ષામાંથી પસાર થયા પછી જ વિપત્તિઓની એરણ પર ટીપાયા પછી જ મહાન બને છે. મેંદી જેમ પથ્થર વડે પીસાયા પછી જ રંગ લાવે છે, તેમ માનવીનાં જીવનનો સાચો રંગ પણ મુસીબતોની ચક્કી વચ્ચે પીસાયા પછી જ ખીલી નીકળે છે.

જીવનની સાચી રંગત જેમ પીસાયા વિના માણી શકાતી નથી. તેમ તીરે ઉભા રહી કેવળ તમાશો જોયા કરવાથી મોતી મેળવી શકાતાં નથી. મોતી મેળવવાં હોય તો મરજીવા બની મહાસાગરમાં ઝંપલાવવું જોઇએ. તેમ સુખનાં મોતી મેળવવાં હોય તો ઝિંદાદિલ બની મુસીબતોના મહાસાગરના ઝંઝાવાતમાં ઝંપલાવવું જોઈએ.

વળી રાહત અને મુસીબત એ તેજ-છાયા સમો સ્વાભાવિક ને કુદરતી ક્રમ છે. અને દરેક કોયડાનો જેમ ઉકેલ હોય જ છે, દરેક તાળાની જેમ ચાવી હોય જ છે, તેમ એક એક આપત્તિનો પણ અંત હોય જ છે. રાત આવે છે ને ચાલી જાય છે, એ માનવી દરરોજ જૂવે છે, જાણે છે, સમજે છે. છતાં સમજ નથી પડતી કે શા માટે એ આપત્તિ આવે છે ત્યારે ત્રાસી જાય છે અને સમતુલા ગૂમાવી બેસે છે. બાકી તો જેનાં જીવન આકાશમાં રાતને સ્થાન જ નથી, એના જીવનમાં પ્રભાત પણ નથી ઉગતું!

અગ્નિમાં તપ્યા પછી જ સુવર્ણમાં તેજ આવે છે. પથ્થર વડે પીસાયા પછીજ મેંદી રંગ લાવે છે, મરજીવા બનનાર જ મોતી મેળવે છે. ઘડાયા પછીજ પથ્થર પૂજા પામે છે, વીંધાયા પછી જ વાંસળી વાગે છે, તેમ સંકટોરૂપી કંટકોના ડંખ સહ્યા પછી સુખચેન રૂપી કુસુમોની સૌરભ સાંપડે છે.

કાંટાના ડંખનું દર્દ સહે, ફુલની ખુશ્બુ એ માણે! **શ્રી નાથાલાલ દત્તાણી.**

❀

## આજે શાની જરૂર છે તેનો કદી વિચાર કર્યો?

વર્તમાનનાં વિષમ વાતાવરણમાં જ્યાં સત્તા દ્વારા અધાર્મિક કાર્યો આચરાઈ રહ્યા હોય, પ્રજાની ધાર્મિક લાગણી સામે ઇરાદાપૂર્વક અડપલાં કરવામાં આવતાં હોય. અહિંસાનાના નામે કરોડો મુંગા પશુઓની ક્રૂર હિંસા કરવામાં આવતી હોય આવા અવસરે તમારે શું કરવું જોઇએ?

## આ વસ્તુનો તમને કદિ વિચાર આવ્યો?

**જો** કાંઈ કરવા જેવું છે, એમ તમને લાગતું હોય તો, ધર્મ, સંસ્કાર, શિક્ષણ તથા સાહિત્યના પ્રચાર કાજે છેલ્લા ૧૨ વર્ષથી સમાજમાં પ્રચાર પામેલા 'કલ્યાણ' માસિકનો વિસ્તૃત ફેલાવો કરવા માટે તમે અમને સહકાર આપો!

## આટલું તો જરૂર કરો!

**જ્યાં** જ્યાં કલ્યાણ ન જતું હોય, ત્યાં ત્યાં કલ્યાણનો પ્રચાર થાય તે માટે તમે પ્રયત્ન કરો! કલ્યાણની પ્રગતિ માટે તેના આપ્તમંડળની યોજનામાં તમે જોડાઇ જાવ અને તમારા સ્વજન-સ્નેહીવર્ગને જોડો.!

## આટલી આશા અમે જરૂર રાખીયે છીએ!

**નવમા** વર્ષે કલ્યાણે ૬૬૪ પેજ આપ્યા, દશમા વર્ષે ૭૩૦ પેજ, ૧૧મા વર્ષે ૭૬૬ અને ૧૨મા વર્ષે ૮૧૦ પેજ આપ્યા. ૧૩મા વર્ષના ૭ અંક સુધી ૫૦૮ પેજ આપ્યા. કલ્યાણના ઉત્તરોત્તર વિકાસનો આ છે નક્કર ઈતિહાસ!

તો આજે જ 'કલ્યાણ'ના સભ્ય બની તે માટે તમારા મિત્રમંડળને પ્રેરણા કરો!

**—સંપાદક**

# સર્જન અને સમાલોચના

—શ્રી અભ્યાસી.

**કૈથા ભારતીઃ તંત્રીઓઃ** બાબુભાઇ અંબાલાલ કાપડીયા. શાંતિલાલ મણિલાલ શાહ. જૈન કથાઓનું ત્રિમાસિકઃ વાર્ષિક લવાજમ મૂલ્યઃ ૨-૮-૦ પોસ્ટેજ સહિત. **પ્રકાશકઃ** શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ ૩૦૯/૪ દોશીવાડાની પોળ, અમદાવાદ.

જૈન કથા સાહિત્યના વર્તમાન દૃષ્ટિને નજર સમક્ષ રાખી, તેના પ્રાણુને જાળવીને સમાજમાં પ્રચાર કરવાના શુભ ઉદ્દેશથી જન્મ લેતાં આ ત્રિમાસિકને અમે સહર્ષ આવકારીએ છીએ. ત્રિમાસિકના સંચાલકો પાસે સાહિત્યનો પ્રચાર કરવા માટેની દૃષ્ટિ છે, લાગણી છે, તથા ઉંડી ધગશ છે. જૈન દૃષ્ટિનો, તેના તપ, ત્યાગ, સંસ્કાર, શિક્ષણ, સંયમ, સત્વ, ક્ષમા, શૌર્ય, ઇત્યાદિ મંગલતત્ત્વોનો ધર્મસંદેશ આપવાની સાત્વિક ભાવનાપૂર્વક પ્રગતિ કરતા આ પ્રકાશનનું અમે દીર્ઘાયુ ઇચ્છીએ છીએ, અને આજના સ્વચ્છંદાચાર; નાસ્તિકતા, તથા જડતાના યુગમાં પ્રસ્તુત પ્રકાશન શ્રદ્ધા, સંયમ તથા સંસ્કારિતાના તેજ કિરણો ફેલાવતું રહો! એ કામના!

**આનંદઘન પદ સંગ્રહ ભાવાર્થઃ ભાવાર્થ લેખકઃ** આ. મ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ **પ્રકાશકઃ** શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મુંબઇ મૂ૦ રૂા. ૧૨.

ક્રાઉન ૮ પેજી સાઈઝના ૪૫૬+૨૦૮ પેજના આ પુસ્તકમાં મહાન તત્ત્વજ્ઞાની પૂ૦ આનંદઘનજી મહારાજના પદો ઉપર તલસ્પર્શી વિવેચન સુંદર શૈલીમાં રજૂ થયેલ છે, ૧૦૮ પદો ઉપરનું વિવેચન તેમજ તેઓશ્રીનાં જીવન તથા કવન ઉપરનો સુંદર પ્રકાશ પાડતો વિસ્તૃત નિબંધ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. ફોરીનના સ્વચ્છ સફેત કાગળો ઉપર આકર્ષક છપાઇ પૂર્વકનો આ ગ્રંથ, બાહ્ય તથા આંતર બન્ને દૃષ્ટિએ સુંદર બન્યો છે. પૂ. આનંદઘનજી મહારાજ જૈનશાસનના સમર્થ જ્યોતિર્ધર તથા ગંભીર વિવેચક અને ગૂઢ તત્ત્વજ્ઞાની છે. એઓશ્રીની પ્રત્યેક કૃતિઓનાં એદંપર્યને જાણવા સમજવા માટે ઊંડા અન્વેષણની જરૂર છે. એઓનાં પદો, ચોવીશીઓ, વ્યવહાર, નિશ્ચય તથા સાપેક્ષ-નિરપેક્ષ શૈલીને સ્હમજીને વિચારવા જરૂરી છે. આ ગ્રંથમાં એ દૃષ્ટિને જાળવી રાખવામાં આવી છે, તે યોગ્ય થયું છે. હજુ કેટલાયે પદો પરનાં વિવેચનની આવશ્યકતા રહે છે. પ્રકાશક અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળની સાહિત્ય પ્રવૃત્તિ હમણાં-હમણાં સવિશેષ લોકોપકારક તથા વિસ્તૃત બનતી જાય છે. અને યોગ્ય મૂલ્યે સારાં સુંદર આકર્ષક તથા સંગીન પ્રકાશનો સંસ્થા તરફથી પ્રસિધ્ધ થતાં રહે છે, જે સંસ્થાની સાહિત્ય પ્રચાર માટેની ધગશનું મૂર્ત પ્રતીક છે, એમ કહી શકાય.

પ્રસ્તુત પ્રકાશન સર્વાંગસુંદર બન્યું છે.

**આવશ્યક મુક્તાવલીઃ સંપા૦ પૂ૦** મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ **પ્રકા૦** શા. છોટાલાલ મણિલાલ કોટ. બોરાબજાર, કીંગલેન, મુંબઇ. મૂલ્યઃ અમૂલ્ય.

ક્રાઉન ૧૬ પેજી સાઇઝના ૬૫૬+૧૬ પેજના આ ખૂબજ આકર્ષક પ્રકાશનની એ વિશિષ્ટતા છે કે, તે ઉંચા જાડા ફોરીન સ્વચ્છ કિંમતી કાગળો ઉપર સમગ્ર ગ્રંથનું મુદ્રણ થયું છે. અને જે ફોટાઓ મૂકવામાં આવ્યા છે, તે બ્લોકોનું મુદ્રણ નહિ, પણ ફોટાઓના છાપવાના કાગળો ઉપર ફોટાઓ છાપ્યા છે. પ્રસ્તુત ગ્રંથમાં પૂ. સાધુ-સાધ્વીજી તથા શ્રાવક-શ્રાવિકા સંઘને

ઉપયોગી આવશ્યક સૂત્રો, સ્વાધ્યાય સૂત્રો, પ્રકરણો ઇત્યાદિનો વિશિષ્ટ સંગ્રહ પ્રસિધ્ધ થયો છે. સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો ઇત્યાદિને પણ પણ સંગૃહીત કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રકાશનનાં સંપાદનમાં સુયોગ્ય પધ્ધતિપૂર્વક વિશિષ્ટદૃષ્ટિને નજર સમક્ષ રાખીને કાર્ય થયું છે.

આવો દળદાર, બહુમૂલ્ય સળંગ ક્લોથ બાઇન્ડીંગ વાળો, અને દરેક રીતે ઉપયોગી ગ્રંથ, પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. શ્રીના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. શ્રીના ૨૯ વર્ષના ચારિત્રપર્યાયની શુભ પૂર્ણાહુતિ નિમિત્તે પ્રકાશક તરફથી પોતાની સુકૃતની સંપત્તિનો સદ્વ્યય કરવા માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે તે માટે ભાઈ શ્રીયુત છોટાલાલભાઈને અભિનંદન!

**તપોરત્ન મહોદધિ અને જીવન-જ્યોતઃ પ્રેરકઃ** પૂ. પંન્યાસજી મહારાજ શ્રી અશોકવિજયજી ગણિવર **પ્રકા૦** વકીલ ચંદુલાલ મયાચંદ, B. A. L. L. B. ધોળકા. મૂ. અમૂલ્ય.

પ્રસ્તુત પુસ્તકમાં તપધર્મની આરાધના કરનારા આત્માર્થી આત્માઓ માટે ઉપયોગી ૧૩૮ તપોનું વર્ણન, તેની આરાધના કરવાની વિધિ ઇત્યાદિનો સંગ્રહ ક્રા. ૧૬ પેજી સાઇઝના ૧૯૨ પેજમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો. અને ૮૦ પેજમાં પૂ. પાદ સ્વ૦ પંન્યાસજી મહારાજ શ્રી ધર્મવિજયજી ગણિવરશ્રીની જીવન જ્યોત પ્રકાશિત કરવામાં આવેલ છે. જેઓશ્રી પ્રસ્તુત ગ્રંથના પ્રેરક પૂ. મહારાજશ્રીના ગુરૂદેવ થાય, એકંદરે ૧૬+૮૦+૧૯૨ પેજ (ક્રા. ૧૬ પેજી સાઇઝ)નું આ બેઇંપટ્ટીનું બાઇન્ડીંગવાળું પુસ્તક સ્વચ્છ છપાઇ, તથા સાદા દ્વિરંગી આર્ટપેપરના જેકેટવાળું ઉપયોગી, અને સુંદર બન્યું છે. તે માટે પ્રેરક પૂ. પંન્યાસજી મહારાજશ્રીનો પરિશ્રમ તથા શ્રુતજ્ઞાનની અને તપની ભક્તિ પ્રશંસનીય છે.

**ગંગા પ્રવાહઃ** (પ્રેરક જાહેર પ્રવચનો) **વક્તાઃ** પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ સંપા૦ પ્રિયદર્શન. પ્રકા૦ ચતુરદાસ ચી. શાહ. દિવ્ય દર્શન કાર્યાલય. કાળુશીની પોળ અમદાવાદ, મૂલ્ય રૂા. ૧ાા

પ્રસ્તુત પ્રકાશનમાં પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજનાં ચાર જાહેર પ્રવચનો પ્રસિધ્ધ થયાં છે. તે પ્રવચનોનાં નામઃ 'માનવનાં તેજ, જીવન સંગ્રામ, જીવનના આદર્શ અને આત્માનાં સૌંદર્ય' એ રીતે છે. ચારે પ્રવચનો અધ્યાત્મદૃષ્ટિને અનુલક્ષીને સંયમ સંસ્કાર તથા તપ, ત્યાગ અને વૈરાગ્યરૂપ આત્મગુણોનો પ્રકાશ સંસારમાં વિસ્તારનારા તેમ જ વર્તમાન જડવાદના વાતાવરણનાં અંધકારને ભેદી આત્મવાદનાં અજવાળાં પાથરનારાં છે. શબ્દોમાં જોમ, વાણીમાં પ્રેરણા તથા શૈલીમાં ત્યાગ, વૈરાગ્યનો જુસ્સો, આ પ્રકાશનમાં પાને પાને તરવરે છે.

પ્રસ્તુત પુસ્તક ત્યાગ, તપ તથા વૈરાગ્યના અભિલાષી આત્માઓએ વાંચન-મનન યોગ્ય છે. સંપાદકે ખૂબજ કાળજીપૂર્વક ગ્રંથનું સંપાદન કર્યું છે. ૪+૨૫૪ (ક્રા. ૧૬ પેજી સાઇઝના) પેજના આ દળદાર પુસ્તકનું છાપકામ સુંદર અને સ્વચ્છ છે. કાચું દ્વિરંગી પૂંઠું પુસ્તકને શોભા આપે છે.

**મહેંદ્ર જૈન પંચાંગઃ** (વિ. સં. ૨૦૧૩) **કર્તા**– પૂ પંન્યાસજી મહારાજ શ્રી વિકાસવિજયજી ગણિવર. **પ્રકા૦** અમૃતલાલ કેશવળદાસ મહેતા. **સંપા૦** વાડીલાલ

જીવરાજ શાહ. મૂલ્ય. ૧૨ આના.

પ્રત્યક્ષ ગણિતના પંચાંગો આજે ચોમેર પ્રચલિત બન્યા છે. કેટલીક બાબતોમાં આકાશના ગ્રહો પ્રત્યક્ષરીતે આ સૂક્ષ્મ ગણત્રીના પંચાંગો મુજબ મલી રહે છે. એટલે આજે સંદેશ, જન્મભૂમિ ઇત્યાદિના પંચાંગો બહુજનમાન્ય બન્યા છે. મહેંદ્ર પંચાંગ પણ તે રીતે સૂક્ષ્મગણત્રી મુજબ ગણિત તૈયાર કરીને પ્રસિદ્ધ કરવામાં આવે છે. છતાં જ્યાં સુધી સમગ્ર જૈન સમાજમાં સર્વમાન્ય તરીકે તે સ્વીકૃત ન બને ત્યાં સુધી 'જૈન' શબ્દ તેને જોડેલો હોવા છતાં પર્વદિવસોની આરાધના માટે આ પંચાંગને કઈ રીતે સ્વીકૃતિ આપી શકાય ?

એક વસ્તુ આજે વિચારણા માંગે છે કે, જૈન પંચાંગ પધ્ધતિ વ્યુચ્છિન્ન થઇ છે. વર્ષો પહેલાં ચંડાંશુચંડૂ પંચાંગને સંસ્કાર આપીને પર્વારાધના માટે, સ્વીકૃતિ આપવામાં આવતી અને તે આજે સમગ્ર જૈનસમાજમાં માન્ય બનેલ છે. પણ એ પંચાંગની પધ્ધતિ આજના પ્રત્યક્ષ પંચાંગો જે રીતે આકાશમાં ગ્રહચારને મલી રહે છે, તે રીતે ચંડાશુચંડૂ પંચાંગ સુસંવાદી બનતું નથી. તો જેમ દીક્ષા, પ્રતિષ્ઠા, આદિના મુહૂર્તો માટે પ્રત્યક્ષ પંચાંગોને સ્વીકૃતિ આપવામાં આવે છે, તેમ પર્વારાધના માટે પણ એક પંચાંગ સર્વમાન્ય અને જ્યોતિષની દૃષ્ટિએ સુસંગત બને તેવું નિશ્ચિત થઈ શકે તો કેવું સારૂં ?

'મહેન્દ્ર જૈન પંચાંગ'માં વિ૦ સં૦ ૨૦૧૩ના વર્ષમાં પર્યુષણાનો પ્રારંભ શ્રા૦ વદિ ૧૦નો લખ્યો છે. શ્રા૦ વદિ ૧૨નો ક્ષય બતાવ્યો છે, અને ભા૦ સુદિ ૩નો ક્ષય બતાવ્યો છે. મહેન્દ્ર પંચાંગના સંપાદકને એક સૂચના કરવાનું મન થાય છે કે, પ્રત્યેક પંચાંગમાં વર્ષ દરમ્યાનના ધાર્મિક કાર્યોના મુહૂર્તો મૂકવા જરૂરી છે. દીક્ષા, પ્રતિષ્ઠા, આદિ મંગલકાર્યો આટલા મહિનામાં. આ દિવસોમાં અને આ ટાઇમે થઈ શકશે. અમુક રાશિવાળા માટે અનુકૂળઃ અને અમુક માટે નિષિધ્ધઃ તે રીતે અમુક મહિનાઓમાં સર્વથા નિષિધ્ધ તેના કારણો વગેરેની નોંધ પણ મુકવી જરૂરી. જેથી અભ્યાસી વર્ગને તથા તે વિષયમાં રસ લેનારને માર્ગદર્શન મળશે.

પ્રસ્તુત પંચાંગમાં દૈનિક લગ્નોની તથા સ્પષ્ટ ગ્રહોની જે નોંધ મૂકી છે, તે પણ ઉપયોગી છે. પણ 'જૈન' પંચાંગ તરીકે જ્યાં સુધી અમુક સર્વમાન્ય નિર્ણય ન થાય, ત્યાં સુધી પર્વારાધનામાં આને સ્વીકૃતિ કેમ મલી શકે ? એ એક પ્રશ્ન છે.

**સંસ્કાર જ્યોતઃ** ભા. ૧-૨ (જાહેર પ્રવચનો) **વ્યાખ્યાતાઃ** પૂ. પંન્યાસજી મહારાજ શ્રી યશોભદ્રવિજયજી ગણિવર **અવતરણકારઃ પૂ** મુનિરાજ શ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજઃ ચીમનલાલ શાહ. 'પાલીતાણાકર' **પ્રકાશકઃ** જશવંતલાલ ગિરધરલાલ શાહ. ૧૨૩૮ રૂપાસુરચંદની પોળ, અમદાવાદ ૧.

પૂ વ્યાખ્યાતા મહારાજશ્રીએ મુંબઈ તથા પરાઓમાં આપેલાં સાત જાહેર પ્રવચનોનો પ્રસ્તુત ગ્રંથમાં સુંદર સંગ્રહ પ્રસિધ્ધ થયો છે. સત્તાનો મોહ, હવે તો જાગો, કર્મ તારી કળા ન્યારી, સંસારના રંગ, સંસ્કારધન, સર્વોદય, ખોવાયેલાં હૈયાં' આ સાતે ય પ્રવચનો, ઉદ્બોધક તથા સ્વાર્થમાં અંધ બનીને સત્તા તથા સંપત્તિનો ભયંકર દુરુપયોગ કરી, તેમજ માનવજીવન જેવા ઉચ્ચતમ જીવનને વેડફીને અનેક પ્રકારના સ્વ તથા પરનું અહિત કરનારા આજના

સંસારને ઉદ્દેશીને ખૂબજ પ્રેરણા આપનારાં છે.

પૂ. વ્યાખ્યાતા મહારાજશ્રી ટુંકમાં સચોટ ઉપદેશ પ્રવાહને અહિં વહેતો કરે છે. જે સર્વ ગ્રાહી તથા લોકોપકારક છે. સંપાદનમાં એક વસ્તુ જરૂરી છે. પ્રત્યેક પાને પ્રવચનનો-ક્રમ મૂકવાથી વાચકને પાનું હાથમાં લેતાં તરત પ્રવચન કેટલામું તે ખ્યાલમાં આવી જાય. પ્રવચનોમાં જૈન રામાયણના પ્રસંગો ઉપરથી વર્તમાન વાતાવરણને અનુલક્ષીને સંસ્કૃતિનો મંગલ સંદેશ આપવામાં આવ્યો છે. તે ઉત્તમ અને ઉપયાગી છે.

ક્રા. ૧૬ પેજી સાઇઝના ૮+૧૧૬ પેજના આ પુસ્તકમાં પૂ. મહારાજશ્રીનો જે સદુપદેશ પ્રસિદ્ધ થયો છે, તે ખોવાયેલાં હયાઓને જાગ્રત કરી સર્વોદયનો અમર કલ્યાણકર માર્ગ ચીંધી જાય છે.

**નીતિ દીપક શતક:** (ગુર્જર ભાષાનુવાદ સહિત) **કર્તા.** શ્રી કાનજીમહારાજ, સ્થાનકવાસી જૈન લીંબડી સંપ્રદાય. **પ્રકા૦** જયંતિલાલ મૂળજીભાઈ કોઠારી. ૩૬૬, કાલબાદેવી રોડ મુંબઇ-૨

સ્થાનકવાસી જૈન સંપ્રદાયના મહારાજશ્રી કાનજીસ્વામીએ સ્વયં રચેલા સંસ્કૃત ૧૦૦ શ્લોકો, કે જે સામાન્યરીતે નીતિ, સદાચાર, સત્ય, સંયમ, ધર્મ, અહિંસા ઇત્યાદિનો સદ્બોધ આપનારા છે. તેના ઉપર વેદાંતશાસ્ત્રી વ્રજલાલજી પંડિતે ગૂર્જરભાષામાં વિવેચન કર્યું છે. જેનું સંપાદન શ્રી રૂપચંદ્રજી મહારાજે કર્યું છે. પ્રાચીન સિંદૂર પ્રકારની શૈલીને કાંઇક અંશે અનુસરતો આ ગ્રંથ, સામાન્યરીતે વાચકોને નૈતિક તથા ધાર્મિક ઉદ્બોધન આપે છે. ક્રા. ૧૬ પેજી ૩૪+૬૪+૬ પેજના બોર્ડપુટ્ટાના પૂંઠાવાળા આ ગ્રંથનું સંપાદન તથા પ્રકાશન સ્વચ્છ તથા આકર્ષક બન્યું છે. પુસ્તકનું મૂલ્ય લખ્યું નથી.

**સુખનો સિંધુ:** **લે૦** પૂ. મુનિરાજશ્રી સુજ્ઞાનવિજયજી મ. **સહલે.** પુનમચંદ નાગરલાલ દોશી. **પ્રકા૦** જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન મંદિર થરાદ. બનાસકાંઠા. મૂલ્ય: ૧-૦-૦

પ્રસ્તુત પુસ્તકમાં બન્ને લેખકોના સહકારથી શ્રાવક સમાજને ઉપયોગી શ્રાવક સમાજના છ કર્તવ્યો ઉપર વિસ્તૃત વિવેચન બોધક શૈલીમાં લખવામાં આવ્યું છે. ૧૨૬ પેજમાં આ કર્તવ્યોને દર્શાવ્યાં છે. સામાન્ય રીતે શ્રાવકસમાજને આ ગ્રંથ બોધપ્રદ બને તેવો છે. પાછળના પેજોમાં ગહૂંલિઓ તથા દાદાના દીકરા શબ્દચિત્ર છે. જેમાં ભરત-બાહુબલિના યુધ્ધની પૂર્વભૂમિકા આલેખાએલી છે. કાચા પૂંઠાના એકરંગી જેકેટવાળું આ પુસ્તક શ્રાવક કર્તવ્યોનું દર્શન કરાવી જાય છે.

**સચિત્ર સાર્થ સામાયિક-ચૈત્યવંદન:** **પ્રકા૦** જૈન સાહિત્યવિકાસ મંડળ, વિલેપારલે મુંબઇ-૨૪ મુલ્ય ૮ આના.

પંચપ્રતિક્રમણ-પ્રબોધટીકાના જે ત્રણ ભાગો પ્રસિધ્ધ થયા છે તે ગ્રંથોના આધારે સામાયિક તથા ચૈત્યવંદનના સૂત્રો, શબ્દાર્થ, અર્થસંકલના, તથા સૂત્રપરિચય આ પુસ્તિકામાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી અભ્યાસક વર્ગને અનુકૂળતા રહે. ૯૬ (ક્રા. ૧૬ પેજી) પેજની આ પુસ્તિકામાં અત્યારસુધી પ્રચલિત કેટલાક સૂત્રોના ફેરફારો નોંધપાત્ર છે. 'જગચિંતામણિ'માં જગહનાહ, મહુરિપાસ, બત્તીસસય બાસીઆઈં, ઇત્યાદિ સુધારાઓ ધ્યાન ખેંચે છે. દરેક મૂલ સૂત્રોની નીચે સંપદા, ગુરુ, લઘુ, ઇત્યાદિની

[ જુઓ અનુસંધાન પેજ ૫૬૬ ]

# યોગબિન્દુ [ભાવાનુવાદ] શ્રી વિદૂર

[લેખાંક ૧૨ મો]

એ પ્રમાણે સધ્ધેતુદ્વારા જનિત હોય તો અબાધિત જ હોય. તેના યોગે પણ ફલ પ્રાપ્ત થઈ શકે છે એટલે સદ્ધેતુજન્ય અનુમાન સંવાદિ-પ્રવૃત્તિજનક હોઈ પ્રમાણભૂત છે.

આગમકથિત અર્થ યદિ પ્રત્યક્ષવત્ અનુમાન-યુક્તિબાધિત હોય, તો તે આગમ સફળ પ્રવૃત્તિજનક બની શકે નહિ.

માટે જ એમ માનવું જોઇશે કે-આગમકથિત આત્માદિ તત્ત્વો પ્રત્યક્ષ અને અનુમાનદ્વારા અબાધિત જ જોઇએ. આત્માનું અસ્તિત્વ જેમ આ પ્રમાણો-દ્વારા અબાધિત સિદ્ધ થાય છે, તેમ તેનું અપેક્ષાએ નિત્યાનિત્યત્વ સદસત્ત્વ અને પરિણામિત્વ પણ અબા-ધિત સિદ્ધ થાય છે.

તેથીજ એ આગમકથિત દૃષ્ટ અર્થમાંય પ્રવૃત્તિ થઇ શકે છે અને સ્વર્ગ-મોક્ષ સાધક યમ-નિયમાદિ અનુષ્ઠાનમાં ય પ્રવૃત્તિ થઈ શકે છે અને તે યુક્તજ છે.

અર્થાત્ જીવમાત્રને સુખ ઈષ્ટ છે અને દુઃખ સ્વભાવતઃ અનિષ્ટ છે, તેથીજ તેની સુખાર્થે ઇચ્છા અને દુઃખવિષયક દ્વેષ રહે છે, એટલે જ એ સુખ પ્રાપ્ત્યર્થે પ્રવૃત્તિ કરે છે અને દુઃખના દૂરીકરણાર્થે દોડધામ કરે છે.

એ સુખ ઈષ્ટ હોઇને જ **ઉપાદેય** છે અને દુઃખ અનિષ્ટ હોઇને જ **હેય** છે,-ત્યાજ્ય છે જેને જેની ઇચ્છા હોય તેણે તેના સાધનમાં પ્રવૃત્તિ કરવી જોઇએ અને અનિષ્ટ હોય તેના સાધનથી નિવૃત્તિ કરવી જોઇએ.

ઈષ્ટ હોય તોય એ નિર્ણય કરી લેવો જોઈએ, કે- આ ઇષ્ટ તાત્કાલિક છે, ભાવિમાં દુઃખદ છે કે વાસ્તવ અને ચિરકાલિક છે ? યદિ તાત્કાલિક હોય, તો તે વાસ્તવ ઇષ્ટ નથી. વાસ્તવ ઈષ્ટ તેજ છે કે જે ચિરકાલિક હોય તેની પ્રાપ્ત્યર્થે તેના સાધનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. અને જે અનર્થકર હોય-અનિષ્ટ હોય તેનાં સાધનોથી નિવૃત્તિ કરવી જોઇએ.

એ ઉપાદેય અને હેયના સ્વીકાર અને પરિહારમાં પ્રવૃત્તિ તેના જ્ઞાપક દ્વારા થાય છે, એ જ્ઞાપક આગમ છે. આગમના યોગે ઇષ્ટાનિષ્ટનું અને તેના સાધનનું જ્ઞાન થાય છે. કારણ એ આગમમાં તાદૃશ તત્ત્વનું આલેખન કરવામાં આવ્યું છે.

માત્ર એ આગમ તેજ સફળ પ્રવૃત્તિજનક હોય, જે પ્રત્યક્ષ અને અનુમાથી અબાધિત હોય. પણ જે બાધિત હોય, તે પ્રવર્ત્તક બની શકે નહિ.

જેમ માયાવી-ધૂર્તશેખરના વચનથી કોઇ ભોળો પ્રવૃત્તિ કરે, તો મહા અનર્થને પામે, તેમ જે મૂઢ જીવ અસતશ્રદ્ધાના યોગે પ્રત્યક્ષ અને અનુમાન-દ્વારા બાધિત પણ આગમથી પરલોકના કલ્યાણાર્થે તે તે ઉત્કટ પણ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે, તે અનર્થનેજ પામે પણ ફળને ન પામે.

જે ભાગ્યશાલી જીવ કાંઇક પુણ્યના ઉદયે ધર્મ-કરણનો વાંછુ બન્યો હોય, તે ભાગ્યવંત જીવ અવશ્ય આગમને પ્રમાણ માને. આગમ પર આદર બહુમા-નાદિરૂપ ભાવ ધરાવે. કારણ-ધર્મ આત્માનો સ્વભાવ છતાં તેનું જ્ઞાપક શાસ્ત્ર છે, એ શાસ્ત્રદ્વારા બાહ્ય શુભાનુષ્ઠાન કરવામાં આવે અને તેના યોગે અંતર-નિર્મળતારૂપ ધર્મની પ્રાપ્તિ થાય, તેથી પરલોકમાં કલ્યાણ હાંસલ થાય.

બાહ્ય અનુષ્ઠાન પણ આંતર શુદ્ધ ધર્મની પ્રાપ્તિનું અમોઘ-અનન્ય સાધન છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ ન થાય. માયા આદિ પૂર્વક કરાયલાં બાહ્ય શુભા-નુષ્ઠાન ખચિત આંતરશુદ્ધ ધર્મનું સાધન નથી. પણ તેથી જે જે શુભાનુષ્ઠાન નિષ્કામભાવે શુભ ક્ષયોપ-શમના યોગે કરવામાં આવ્યું હોય, અથવા વિશિષ્ટ શુદ્ધ પરિણામ ન હોવા છતાં; તેની પ્રાપ્તિના ધ્યેયથી કરવામાં આવ્યું હોય, તેની સાધનતા તો નષ્ટ થતી નથી જ. જેઓ માત્ર આંતર-શુદ્ધ-ધર્મની વાહિયાત વાતો કરી બાહ્ય તપ-સંયમ આદિ અનુષ્ઠાનોની અનાવશ્યકતા જણાવે છે યા વ્યભિ-ચારિતા જણાવે છે તેઓ તો ઉભયથી ભ્રષ્ટજ છે.

કારણ-પ્રત્યક્ષ પ્રમાણ પણ અનેક સ્થલોમાં દૂષિત છે-વ્યભિચારિ છે. શંખમાં શ્વેતિમા છતાં પીતિમાનું જ્ઞાન પણ કામલરોગિષ્ઠને થાય છે. તિમિરરોગિષ્ઠને ચંદ્ર એક છતાં અનેકરૂપે ભાસે છે પણ તેથી પ્રત્યક્ષમાત્ર અપ્રમાણ માની શકાતું નથી, તેમ અનુમાન પણ કોઇક અસદ્‌હેતુ સ્થળે બાધિત હોવા માત્રથી સદ્‌હેતુ સ્થળમાં બાધિત બની જતું નથી, અન્યથા વ્યવહાર માત્ર વિચ્છિન્ન થઈ જશે.

તેમજ માયા-ખ્યાતિ-લાભાદિ સ્થળે શુભાનુષ્ઠાન બાધિત છતાં, નિર્દંભભાવે શુધ્ધનિષ્ઠાથી કરાતું હોય, તો તે આવકારદાયક જ છે. અધિકારવશાત્ ખ્યાતિ આદિ અર્થે પણ કરાતું શુભાનુષ્ઠાન કલ્યાણસાધક બની શકે છે, શાસ્ત્રમાં તેના ઉલ્લેખો પણ છે.

એ શુભાનુષ્ઠાનનું મુખ્ય ધ્યેય પરલોકકલ્યાણ છે. પરલોક અને તેના કલ્યાણસાધક અનુષ્ઠાનનું જ્ઞાન આગમદ્વારા પ્રાપ્ત થાય છે, એથીજ આગમ પ્રામાણિક જોઈએ પણ બાધિત ન જોઈએ. જેના માટે શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે—

**अतोऽन्यथाप्रवृत्तौ तु, स्यात्साधुत्वाद्यनिश्चितम् ।**
**वस्तुतत्त्वस्य हन्तैवं, सर्वमेवासमञ्जसम् ॥ २६ ॥**

પ્રત્યક્ષ-અનુમાનદ્વારા બાધિત આગમને અનુસરી પ્રવૃત્તિ કરવામાં આવે, તો વસ્તુતત્ત્વની સમ્યક્‌તા યા અસમ્યક્‌તાનો વાસ્તવિક નિર્ધાર ન થઇ શકે અને એથી જ સઘળું ય અનુષ્ઠાન અસંગત થઈ જશે.

ધર્માર્થિ જીવની ફરજ છે કે- પરલોકસાધન શુભાનુષ્ઠાનમાં પ્રવૃતિ કરવી હોય અને એને સફળ બનાવવી હોય, તો જે તે આગમથી પ્રવૃત્તિ ન કરવી જોઈએ.

યદિ તે જીવ ધર્માર્થી છતાં, પ્રત્યક્ષ-અનુમાનબાધિત પણ આગમથી તે તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે, તો આત્માદિરૂપ વસ્તુતત્ત્વની યથાર્થતા કે અયથાર્થતાનો તાત્ત્વિક નિર્ધાર થઈ શકશે નહિ.

શુભાનુષ્ઠાનનાં મૂળ આત્માદિ તત્ત્વો છે. તેની યથાર્થતામાં જ તે સફળ થઇ શકે. તેની યથાર્થતા યા અયથાર્થતા આગમદ્વારા જ્ઞેય છે.

પણ જે આગમ સ્વયંબાધિત હોય, તે આગમદ્વારા આત્માદિ તત્ત્વની યથાર્થતા યા અયથાર્થતા કેમજ વસ્તુત: નિર્ણીત થાય? કારણ-જે સ્વયં અપ્રામાણિક હોય-બાધિત હોય; તે અન્યની યથાર્થતા કે અયથાર્થતાના વાસ્તવ નિર્ધારમાં કારણ હોઈ શકેજ નહિ.

આત્માદિ વસ્તુનો તાત્ત્વિક નિર્ણય તો શુદ્ધ આગમદ્વારા જ થઇ શકે. કારણ-એ આગમ પ્રામાણિક છે-અબાધિત છે. જે સ્વયં પ્રમાણભૂત હોય-યથાર્થ હોય, તેના દ્વારા અન્યની ય યથાર્થતા કે અયથાર્થતાનો વાસ્તવ નિર્ધાર થઇ શકે છે.

પણ જે જીવ ધર્માર્થી છતાં બાધિત પણ આગમદ્વારા પ્રવૃત્તિ કરે, જેણે તેણે બનાવેલ-કલ્પિત આગમદ્વારા પ્રવૃત્તિ કરે, તે જીવને તો વસ્તુતત્ત્વના સાધુત્વ કે અસાધુત્વનો યથાર્થ નિર્ણય ન જ થઇ શકે.

આત્માદિ વસ્તુનો તાત્ત્વિક-નિર્ધાર નહિ થવા છતાં, તે ધર્માર્થી જીવ, તાદૃશ આગમને અનુસરી તે તે યમનિયમાદિરૂપ અનુષ્ઠાન યા તાદૃશ અન્ય અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થાય, તો સઘળું ય આ લોક અને પરલોક સાધક અનુષ્ઠાન અસંગત થઇ જશે. વિસંવાદિ, સફળપ્રવૃત્તિજનક નહિ હોઇ સંશય યા ભ્રમનું કારણ બની જશે. કિંવા સત્ક્રિયા પ્રતિજ અરુચિકર બની જશે.

સંભવ છે કે- તે આગમકથિત વિધિ અનુસાર યમ-નિયમમાં પ્રવૃત્તિ કરવા છતાં નિષ્ફળતા સાંપડી તેથી દ્વેષ થઈ જાય.

યદિ વર્તમાન લોકમાંય તે તે વ્યાપારાદિના વ્યવહારના જેઓ અનભિજ્ઞ હોય, જે જે રીતે વ્યાપાર વગેરે કરવાં જોઇએ તેના અજાણ હોય તે વ્યવહારિઓ બીલકુલ ફળ મેળવી શકતા નથી.બલકે નુકશાની મેળવે છે. કારણ? વિના જાણે-સમજે તેઓએ તે તે વ્યાપારમાં ઝુકાવ્યું છે તેથીજ ફલ કેમ પ્રાપ્ત થાય? બલકે અનર્થજ પામે.

તો પરલોકસાધક શુભાનુષ્ઠાનમાં સાચા તત્ત્વના વાસ્તવ નિર્ધાર વિના જે તે આગમથી, જે ધર્માર્થી ઝંપલાવે, તે પણ લાભ ન પામે. કલ્યાણ ન પામે પણ અનર્થજ પામે. એથીજ એણે વસ્તુતત્ત્વની યથાર્થ

વ્યવસ્થા જાણવી જોઇએ અને સમજવી જોઇએ. બાદ જ પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી તેની પ્રવૃત્તિ સફળ થઇ શકે પણ નિષ્ફળ ન થાય.

આજ વસ્તુની સ્પષ્ટતા ગ્રંથકાર મહર્ષિ કરે છે—

**तद्दृष्टाद्यनुसारेण, वस्तुतत्त्वव्यपेक्षया ।**
**तथा तथोक्तिभेदेऽपि, साध्वी तत्त्वव्यवस्थितिः ।।२७।।**

પ્રત્યક્ષ અને અનુમાનદ્વારા જે રીતે વસ્તુતત્ત્વની વ્યવસ્થા થાય, તે રીતે તત્ત્વવ્યવસ્થા માનવી જોઇએ ભલે પછી નામભેદ હોય.

અર્થાત્ જે અર્થ પ્રત્યક્ષદ્વારા ઉપલબ્ધ હોય અથવા અનુમાનદ્વારા નિર્ણીત થતો હોય, જે હેતુનું સાધ્યના સદ્ભાવમાં જ અસ્તિત્વ ઘટી શકે પણ તેના અસદ્ભાવમાં ન ઘટી શકે, તે હેતુ સાધ્યનો અનુમાપક બની શકે છે. કારણ–તેનીજ સાધ્ય સાથે વ્યાપ્તિ છે–અન્યથાનુપપત્તિ છે. આત્માદિ અર્થો જેમ પ્રત્યક્ષદ્વારા ઉપલબ્ધ થાય છે, તેમ આ રીતે સદ્હેતુદ્વારા પણ નિશ્ચિત થઇ શકે છે.

એટલે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણદ્વારા જે રીતે આત્માદિ તત્ત્વોનો નિર્ધાર થઈ શકતો હોય, તે રીતે વસ્તુસ્વભાવને સ્વીકારવો જોઇએ. પરિણામિતા, અપેક્ષાએ નિત્યાનિત્યત્વ, સદસત્ત્વ આદિ ધર્મો વસ્તુના સ્વભાવભૂત છે કારણ–પ્રત્યક્ષ અને અનુમાનદ્વારા એ રીતે જ ઉપલબ્ધ થાય છે.

એથીજ પરિણામિત્વાદિરૂપે વસ્તુના સ્વભાવને માનવામાં આવે, તો જ જીવાદિ તત્ત્વોની વ્યવસ્થા અવિરુદ્ધ બને– પ્રમાણભૂત થાય.

અગર વસ્તુતત્ત્વ પ્રત્યક્ષ અને અનુમાનથી સિદ્ધ થતું હોય અને એ રીતે તત્ત્વવ્યવસ્થા થતી હોય, તો તે તે દર્શનમાં તે તે પ્રરૂપકની પ્રજ્ઞાપના–દેશનામાં તે તે રીતે એક જ આત્માના પુરુષ, ક્ષેત્રવેત્તા વિજ્ઞાન આદિરૂપે નામભેદ હોય તોય બાધ નથી.

અગર નામભેદ ન હોય પણ એક જ નામે આત્માદિ તત્ત્વોનો સ્વીકાર થતો હોય તો કાંઇ પ્રશ્નજ નથી, કિન્તુ તે તે દર્શનોમાં આત્માદિ તત્ત્વોને અલગ અલગ નામે સ્વીકારાતાં હોય, છતાં જો અપેક્ષાએ નિત્યાનિત્યત્વ, સદસત્ત્વરૂપે ન સ્વીકારાતાં હોય અને પરિણામીરૂપે ન મનાતાં હોય તો જીવાદિતત્ત્વની વાસ્તવ વ્યવસ્થા થઈ શકશે નહિ.

પણ આ રીતે માનવામાં આવે, તો વસ્તુવ્યવસ્થા વાસ્તવ થઇ શકશે. ભલે પછી નામભેદ હોય તે બાધક નહિ જ બને. કારણ જે નામભેદ અપારમાર્થિક અર્થવિષયક હોય, તેજ નામભેદ બાધક હોય છે. જેમ હિંસા–અહિંસા વિષયક અથવા જે વચનભેદ તત્ત્વવિષયક હોય તે બાધક હોય છે જેના માટે ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે—

**अमुख्यविषयो यः स्या–दुक्तिभेदः स बाधकः ।**
**हिंसाहिंसादिवद्यद्वा, तत्त्वभेदव्यपाश्रयः ।। २८ ।।**

અર્થાત્ અતાત્ત્વિક વસ્તુવિષયક શબ્દભેદ અવશ્ય બાધક બની શકે છે. જેમ એકાન્તતઃ નિત્ય યા અનિત્ય આત્મામાં હિંસા યા અહિંસાનો બાધ છે તેમ.

—ક્રમશઃ

❀

કોઇ પત્રના તંત્રીએ બર્નાર્ડશૉને દુનિયાનાં બાર મહાન લેખકોનાં નામ આપવા કહ્યું. શૉએ પોતાની લાક્ષણિકતાથી લખી મોકલ્યું,

(૧) જ્યોર્જ બર્નાર્ડશૉ (૨) જી બર્નાર્ડશૉ (૩) જી. સી. શૉ (૪) જ્યોર્જ બી. શૉ. (૫) જી. બી. એસ. (૬) જ્યોર્જ શૉ (૭) બર્નાર્ડ શૉ (૮) જ્યોર્જ (૯) બર્નાર્ડ (૧૦) શૉ. (૧૧) બી. જ્યોર્જ (૧૨) શૉ જ્યોર્જ બર્નાર્ડ.

# શ્રી શ્રમણ સંઘ અને શ્રી શ્રાવક સંઘ

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ એમ. એ.

શ્રીમદ્ વીતરાગ પરમાત્માના શાસનની વ્યવસ્થા કોઇ અનેરી અદ્દભૂત છે. તેનો ફાઉન્ડેશન–પાયો એવા સચોટ સિધ્ધાંતો પર ઘડાયો છે કે એને કોઈ ડગમગાવી શકે જ નહિ. એ પાયો જ્યારે ડગમગશે યા ' ક્ષેત્ર અપેક્ષાએ અસદ્દભાવને પામશે તે યુગમાં ધર્મ અને નીતિ જેવી વસ્તુ રહેવા પામશે નહિ.

આવા અકાટય પાયા પર રચાયેલા ધર્મ-પ્રાસાદ પર આંતર–બાહ્ય અનેક પ્રત્યાઘાતો પ્રસંગે પ્રસંગે આવે છે, આવ્યા છે અને આવશે. તે વખતે સુજ્ઞ સજ્જન મહાનુભાવો પારવિનાનું દુઃખ જરૂર અનુભવે છે. પરંતુ ધૈર્યથી કુશળતાપૂર્વક અને દીર્ઘદૃષ્ટિથી સુયોગ્ય માર્ગ શોધે છે અને શાસનને સ્થિરીભૂત બનાવે છે.

વર્તમાનકાળમાં પણ આવી એક આંધી કેટલાક વર્ષોથી શાસન અને સંઘ પર પથરાયેલી છે અને દિનપ્રતિદિન ઘેરી બનતી જાય છે. તેમાં મુખ્ય કારણ તો શાસ્ત્રનિરપેક્ષ વિચારો, સત્યસિદ્ધાંતનું અજ્ઞાન, જડવાદના વિચારોનું વ્યાપેલું સામ્રાજ્ય, વિલાસમય વાતાવરણ અને હક્કવાદનું મહાભુંડુ ભૂત છે. સમ્યક્-સુવિચારણા કરવાની તૈયારી નથી. શાસન–પદ્ધતિના જ્ઞાનમાં પ્રાયઃ મીંડું હોય છે. અને વડાઓ પર સત્તા ધરાવવાનો ઘમંડ માતો નથી.

શ્રી જૈનેન્દ્રશાસનમાં પૂ. શ્રમણસંઘ મુખ્ય વડાસ્થાને છે. ઉપાસ્ય–આરાધ્ય અને પૂજનીય છે. શ્રી શ્રાવકગણ ઉપાસક–આરાધક અને પૂજક છે. આ પરિસ્થિતિની મર્યાદામાં જ્યારે ઘેરો ફેરફાર થાય છે, હદ વટાવી જાય છે ત્યારે ભારે વિચિત્ર નાજુક તબક્કો ઉભો થાય છે. અને તેમાંની એક ગુંચ ઉકેલતાં અનેક ગુંચો ઉભી થાય છે.

ત્યારે શું ચાલે છે તેમ જ ચાલવા દેવું? કોઇ સુંદર અને સુઘડ વ્યવસ્થા નિપજાવવી જ નહિ? શ્રી સંઘમાં સુવ્યવસ્થા–શાંતિ–એકસંપી–એકદીલી સ્થપાય એના જેવી બીજી સુવર્ણપળ કોઈ છે જ નહિ. પણ એના મારગ જૂદા છે. એના રાહ અનેરા છે, એ માટે સમયનો–તન, મન અને ધનનો પણ એકધારો અને ખૂબજ માનસિક સંયમપૂર્વકનો જરા લાંબો અને મોટો ભોગ આપવો જોઈશે જ. સુશ્રદ્ધાવાન આત્માઓએ સ્વક્ષયોપશમદ્વારા શક્ય તેટલો વિધિપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરવો પડશે, સુવિચારકોએ સારીએ પરિસ્થિતિનો દીર્ઘ-દૃષ્ટિ ભર્યો આંતર–અભ્યાસ કરવો પડશે. પૂર્વ-પુણ્યથી ધનાઢ્ય બનેલા આત્માઓએ સારા પ્રમાણમાં ધનનું પણ સમર્પણ કરવું પડશે. આવા આવા સુંદર શ્રાવકોએ એકત્રિત થઇ પ્રથમ તો પૂ. શ્રમણસંઘને ચરણે પોતાના વિચારો ધરવા જોઇશે, પોતાની ભૂલ હોય તો સુધારવા તૈયારી રાખવી પડશે. કદાચ છદ્મસ્થ અવસ્થાને કારણે સમજફેર યા ભૂલ થતી હોય તો વિનમ્રભાવે પણ સ્પષ્ટ અને સચોટ રીતે તે સૂચવવી જોઈએ. જરાએ દાક્ષિણ્યતા વગર સૂચવાએલી સાચી સમજફેર યા ભૂલને જરાયે આંચકો ખાધા વિના, અહમ્ ભાવની સંભાવના હોય તો તેને દૂર કરીને, અવશ્ય સરળભાવે પૂજ્યોએ સ્વીકારવી જોઇએ. અને તો જ પૂજ્યોનો શાસનપ્રાપ્ત પૂજ્યભાવ કાયમી બન્યો રહેશે અને સાથે સાથે આરાધક આત્માઓનો ઉલ્લાસ

ટકી રહેશે.

આમાં કાંઈ અજુગતું છે જ નહિ. શ્રી ચતુર્વિધ સંઘ એ મહાકુટુંબ છે. જેનો જગતમાં જોટો શોધ્યો જડે એમ નથી. કાળબળે કરી કુટુંબમાં અસ્તવ્યસ્તતા આવી પણ જાય. નાના ભૂલે અને મોટા પણ નજ ચૂકે એમ નહિ. પરસ્પર સહિષ્ણુતાભાવમાં રહી, મર્યાદાને ઓળંગ્યા શિવાય, એકમેકના ઉન્નત ભાવનાથી જે સુષ્ઠુ પ્રયાસો થાય તે સુરમ્ય અને સફળ જ બને.

ગાય વાળે એ ગોવાળ. ગાડું ન્રીલે પાડે એ ડાહ્યો અને અનુભવી. પછી તે નાનો હોય કે મોટો હોય. ધનાઢ્ય હોય કે સામાન્ય હોય. વિદ્વાન્ હોય કે અલ્પાભ્યાસી હોય. શાસ્ત્ર પારંગત હોય કે અષ્ટપ્રવચન માતાનો જ્ઞાતા હોય. તેનામાં વીતરાગ પરમાત્માના વચનમાં અટળ શ્રધ્ધા જરૂર હોવી જોઈએ, શાસન પ્રત્યેનો તેનો પ્રેમ ઉછાળા મારતો અને વિચારપૂર્વકનો હોય એટલે ઘણું.

શ્રી ચતુર્વિધ સંઘ એ શ્રીમદ્ તીર્થંકર પરમાત્માસ્થાપિત વ્યવસ્થિત અને પરસ્પર સહાયક અંગો છે. અને શાસન એ અંગોને સુવ્યવસ્થિત રાખવાનું પવિત્ર બંધારણ છે. બંધારણની પવિત્રતાને અડપલું કર્યા વગર વ્યવસ્થાતંત્ર માટે જેટલા હૃદયપૂર્વકના વિવેકભર્યા પ્રયાસો થશે તેટલા જ સફળીભૂત બનશે. આવા મહાન કુટુંબની વ્યવસ્થામાં ઉતાવળીયાપણું કે આંધળી દોટ કેવી ગેરવ્યવસ્થા—અશિસ્ત અને અશાંતિની આંધી ઉભી કરી દે એ સહુ કોઇ સુવિચારક સજ્જન સમજી શકે તેમ છે.

આ પળે પૂ. શ્રમણ સંસ્થાના પદસ્થ અને સર્વ સામાન્ય મુનિભગવંતોને વિજ્ઞપ્તિ કરવાનું સહેજે મન થઇ જાય છે કે—શ્રીમદ્ તીર્થંકરદેવોના અભાવમાં આપ એમને સ્થાને છો. સુસાધુઓ આપનો પ્રચારક ગણ છે. અને અમે આપના સેવકો આપના પ્રચારકાર્યમાં સહાયક અંગ ગણાઈએ છીએ. તો આપ કૃપાળુઓ પણ સમયના એંધાણ તરફ મીટ માંડી, શ્રી સંઘને વ્યવસ્થિત કરવાના મહાહેતુથી, બીજી પ્રવૃત્તિઓને થોડાક સમય માટે ગૌણ બનાવી આપની વડી સંસ્થાને સુસજ્જ અને સમૃદ્ધ બનાવવા તરફ એકધ્યાની અને એકતાની બનો. આપ સુસજ્જ અને સમૃદ્ધ બન્યા એટલે અમારી આળસ, પ્રમાદ, અવિવેકિતા, અવિનય આદિ જે કાંઇ સંભવિત હશે તે ઘડીના છઠ્ઠા ભાગમાં ખંખેરાઇ જશે. એમ આ સેવકની દૃઢ માન્યતા છે. માટે જ વિનમ્રભાવે પણ ખૂબ જ ખુલ્લા દિલથી કહેવા દો કે—સમય પાકી ગયો છે. મોડું એટલું ભુંડું એમ સમજી શાસનનો સાચો દોર હસ્તગત કરી આંતરબાહ્ય આવેલી અને આવતી આપત્તિઓ દૂર કરી શાસનનું સુરાજ્ય સ્થાપો અને શ્રી સંઘમાં આરાધકભાવની શાંતિ પ્રવર્તાવો.

❀

**શીખવા જેવું................સંગ્રાહક —ભદ્રિક એ. ચોકસી મુંબઈ.**

**સારા** કામમાં વિશ્વાસ રાખો અને નઠારા કામ માટે શક અને અવિશ્વાસ રહેવા દો.

**નાનામાં** નાનું કાર્ય પણ જો હૃદયપૂર્વક યથાર્થ કરવામાં આવે તો તેનું અદ્ભૂત પરિણામ આવે છે.

**મૂર્ખ** માણસ ઢોલ સમાન છે, કે જે શોર બહુ કરે પણ અંદરથી પોલો હોય છે.

**શક્તિનું** માપ આપણે શું કરી શકીએ છીએ તે પરથી નહિં પરંતુ શું કરી શકયા છીએ તે પરથી કાઢો.

**જે** વાત આપણે જાણુતા ન હોઇએ અને ઉપયોગી હોય તો તે વાત બીજાને પુછવામાં શરમ ન રાખવી જોઇએ.

# સ્ત્રીઓએ નોકરી ન જ કરવી જોઈએ.

## કુમારી ઉર્મિ પુંડરીકરાય મહેતા ભાવનગર

**આજકાલ સ્ત્રીઓને અંગે અનેક નવી નવી શિખામણો અપાતી રહી છે, તેમાં સ્ત્રીઓએ ઓફીસમાં કે પેઢીઓમાં નોકરી કરવી જોઈએ એવો જે પ્રચાર ચાલી રહ્યો છે, અને તે અંગેનો અખંડ આનંદના અંકમાં એક લેખ આવેલ છે, જેનો ટૂંક પ્રત્યુત્તર લેખિકા બ્હેન અહિં આપે છે.**

દિન-પ્રતિદિન મધ્યમવર્ગના આર્થિક સંજોગો વધુ અને વધુ કપરા બનતા જતા હોવાથી મધ્યમવર્ગીય બહેનો નોકરી કરવા લાગી છે. અને તેમાં મે ૧૯૫૬ ના "અખંડ આનંદ"ના અંકમાં "ગૃહ ગંગાને તીરે તીરે"ના મથાળા નીચે પ્રગટ થતા લેખોમાં "પરણ્યા પછી" નામે જે લેખ પ્રગટ થયો છે. તેમાં લગ્ન પછી સ્ત્રીઓએ કમાવું જોઈએ એ સંબંધી જે ચર્ચા કરવામાં આવી છે તેમાં કેટલાક વિધાનો સાચા નથી અને ગેરસમજ ઉભી કરે તેવા જણાય છે.

"પરણ્યા પછી તો ખાસ કમાવું જોઇએ એથી ઘર વિંખાતું હોય તો ભલે વિંખાય" આ વિધાન કેવું બેહુંદુ, ગેરવ્યાજબી અને નાક કાપીને પણ અપશુકન કરવા તૈયારી બતાવવા જેવું છે, આજે પશ્ચિમના દેશોએ ઘરની ચાર દિવાલો વચ્ચે ગોંધી રાખવું નાપસંદ કરીને, સમાનતાના નામે પોતાની સ્ત્રીઓને કમાવા મોકલવાનો એક અખતરો કરી લીધો છે, જે ખતરનાક નિવડયાનું આજ આટલા વરસના અનુભવ પછી જણાયું છે. મોટા બાળકોને બાળમંદિરો કે શાળામાં મોકલીને, નાનાઓને આયાને સોંપીને તથા લોજમાંથી તૈયાર ભાણું મંગાવીને જ્યાં જ્યાં સ્ત્રીઓ નોકરી કરવા ગઈ છે ત્યાં ત્યાં એનું આખરી પરિણામ કુટુંબ અને સમાજ માટે અત્યંત વિકૃત જ આવ્યું આડેધડ ઉછરતા જંગલી ઝાડોની જેમ બાળકો કોઇ સારા સંસ્કાર વિના મોટા થાય છે, અને બગડે છે. તથા કુટંબમાં અરસપરસ લાગણી જેવી કોઇ ચીજ જ રહેતી નથી. ઘરનો ઘાટ એક લોજ જેવો બની જાય છે. જ્યાં સૌ પોત-પોતાના વખતે આવી તૈયાર પડેલાં ભાણા જમી જાય છે, અને રાતે સૂવા આવે છે. આ ઉપરથી પશ્ચિમના દેશોના સમાજશાસ્ત્રીઓ ભારે ચિંતામાં પડયા છે. કુટુંબ અને સમાજની થતી છિન્નભિન્ન અવસ્થા ટાળવા તથા બાળકોને બગડતા અટકાવી સારા સંસ્કારો આપવા શું કરવું તેની ભારે ચિંતા સેવી રહ્યા છે. ત્યારે આપણે આ વિષમય પ્રયોગો કરવા વિચારી રહ્યા છીએ, એ કેવી વિચિત્ર છતાં સત્ય હકીકત છે!

પરણ્યા પછી સ્ત્રીએ કમાવું જોઇએ કે નહિ? એ પ્રશ્ન ઉંડી વિચારણા માગી લે છે. માત્ર આર્થિક સંજોગોને કારણે સ્ત્રીને નોકરી કરવાની ફરજ પડે એ સમાજ અને સરકાર માટે શોભાસ્પદ ન જ કહેવાય. બાકી, "ઉચ્ચ અને નીચ વચ્ચે સાચો પ્રેમ ન સંભવી શકે માટે પૈસાના મહત્ત્વના આ યુગમાં સમાનતા સ્થાપવા માટે બન્ને જણા કમાતા હોય એ જરૂરનું છે." એ વાત અને "સાચો પ્રેમ સમાન વચ્ચેનો જ હોઇ શકે" એ વિધાન સકારણ વ્યાજબી જણાતું નથી. સમાનતાના નામે કે પ્રેમના રૂપાળા ઓઠા નીચે સ્ત્રીઓ

ખોટું જ છે, એટલું જ નહિ પણ એ કુટુંબદ્રોહ જ કર્યો કહેવાય. જુના જમાનામાં અને આજે અભણ મનાતા દંપતી વચ્ચે પણ પ્રેમ ક્યાં નથી હોતો? પ્રેમ માટે નોકરી કરવી જોઈએ એવું ક્યાં છે? સમાનતાના નામે સ્વચ્છંદતા અને નોકરીને નામે ભટકવા જવા સિવાય એની પાછળ બીજો કોઈ ઉદ્દેશ વિચાર કરતા જણાતું નથી.

જેને બાળકો છે, કુટુંબ છે, ઘરકામ રહે છે, એવી સ્ત્રીઓ ઘરને મૂકીને માત્ર સમાનતાના નામે અને સાચો પ્રેમ સ્ત્રી પુરૂષ વચ્ચે ઉભો થાય એ ખાતર જ નોકરી કરવા જાય અને પાછળ બાળકો બાળમંદિરમાં અને આયાની આંગળીએ રહીને મોટા થાય એની તો ઘર બાળીને તીરથ કરવા જવા જેવી જ દશા આખરે થાય છે. સ્ત્રી પુરૂષ વચ્ચે પરસ્પર વિશુધ્ધ પ્રેમ હોય તો ઉચનીચ, સમાન-અસમાન વગેરેનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી.

પરણ્યા પછી ખરચાઓ વધે અને એટલે આર્થિક ભીંસ પણ વધે એથી કરીને માત્ર પુરૂષની કમાણીમાંથી ઘરસંસાર બરાબર ન ચાલે એવી પરિસ્થિતિ આજે મોટા ભાગના મધ્યમ વર્ગીય ઘરોમાં ઉભી થઇ છે અને એટલે સ્ત્રીઓને નોકરી કરવાની ફરજ જ ઉભી થાય છે, પણ એથી કરીને ય બહેનો ઘરમાંથી બાળકોને મૂકીને કોર્ટ, કચેરી કે સરકારી દફતરમાં નોકરી કરવા જાય તો જ ઘરસંસાર ચાલે અને નહિ તો તૂટી જાય એવું પણ નથી હોતું. કારણ-ઘેર બેઠા બેઠા પણ ઘણા પ્રકારના ગૃહઉદ્યોગો થઇ શકે છે. શીવવાનું કામ કરીને, ભરતગૂંથણ કરીને, સેવ પાપડ વગેરે સહકારી ધોરણે લત્તાની બહેનો ભેગી થઈ વણી શકે અને વેચી શકે છે, શૃંગારના સાધનો ઓછા ખરીદીને અને બીજા બીનજરૂરી દેખાદેખીથી અને ફેશનના નામે કરાતા ખોટા ખરચો ઘટાડીને કરકસર થઇ શકે છે. બાકી તો દેશમાં આજે બેકારી કુદકે ને ભુસકે વધતી જાય છે અને બીજી પંચવર્ષીય યોજના, પાંચ વર્ષ પછી પૂરેપૂરી સફળ થાય (જેની શકયતા નથી એમ સરકાર જ હવે કહે છે) તો પણ પાંચ વર્ષને અંતે ૭૫ લાખ બેકારો રહેવાના એમ ખુદ સરકારી આંકડા જ જણાવે છે. આવી વિષમ પરિસ્થિતિ વચ્ચે બહેનો નોકરી કરે એથી સારાએ સમાજમાં આર્થિક સંજોગો સુધરી જવાના નથી. ઉલટું એક ખાલી પડેલી કોઇ જગ્યા ઉપર સ્ત્રી નોકરી કરવા જાય એથી વધુ શિક્ષિત પુરૂષ બેકાર રહે છે, એને નોકરી મળતી નથી એટલે તેના એક નાનકડા કુટુંબને વધુ ને વધુ આર્થિક ભીંસ બીજી નોકરી મળતા સુધી ભોગવવી પડે છે. આ ઉપરથી બહેનો ઘરના આર્થિક સંજોગો ખાતર જ નોકરી કરવા ઈચ્છતી હોય તો પણ કોર્ટ, કચેરી કે સરકારી ઓફીસનો મોહ પડતો મૂકી ઘેર બેઠા ગૃહઉદ્યોગની નોકરી કરે એ પોતાના માટે જ નહિ પણ સમાજ માટે પણ જરૂરી અને લાભદાયક છે.

તાજેતરમાં પશ્ચિમના વિચારક શ્રી. વિલ્ફ્રેંડ વેર્લાકે આધ્યાત્મિક મૂલ્ય સમજ્યા વિના ઉત્તમ આધ્યાત્મિક વિચાર પણ ભૌતિક વિચાર અને આંદોલનમાં પરિવર્તન પામે છે એમ જણાવી પશ્ચિમના સમાજવાદના ઈતિહાસ ઉપરથી પૂર્વને ચેતવણી લેવા વિનંતી કરી છે, એ ઉપરથી આપણે ઘણું ઘણું નવેસરથી વિચારવાનું છે. કારણ આજે ભારતમાં પણ ભૌતિકવાદનો જન્મ થઇ જ ગયો છે. શ્રી વિલ્ફ્રેંડ વેર્લાક જે સ્થિતિ જેમાં ગમે તેટલી આવક છતાં "પુરૂ થતું

નથી" એવો અસંતોષ, ખૂબ ખૂબ કમાવાનો ઉન્માદ, ઉધાર લેવાની વૃત્તિ, પરિણામે દેવાદાર થતા જ જવું, દેવામાં ડૂબી જવું, મોજશોખને જ સાચું જીવન માનવું વગેરે જે મુખ્ય છે, તે અહીં પણ કયાં જન્મી નથી? સંપત્તિને સ્વામી માનતા આજના આપણા આ સમાજમાં કાયમ માટે અસંતોષ અને "પુરૂં થતું નથી" એવી વિકૃત માન્યતા રહેવાની જ, અને એટલે કુટુંબના એ કયા વધુ માણસો નોકરી કરે એથી આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવે તેમ નથી. એમાંયે વળી આજે આપણા દેશમાં જ જે ગરીબી, બેકારી, મોંઘવારી, વધતી આર્થિક ભીંસ, કરભારણમાં થતો વધારો વગેરે હોવાને લીધે એક સાંધતાં તેર તૂટે એવી દશા મધ્યમવર્ગના કુટુંબની છે અને એટલે જીવન જીવવું તથા વ્યવહાર ચલાવવો તથા શરૂ રાખવો ભારે મુશ્કેલ બનતો જાય છે. એટલે કુટુંબના સ્ત્રી અને પુરૂષ તો શું પણ તેનાં બાળકોય સાથે નોકરી કરવા લાગે તો પણ ઘરનો વ્યવહાર કદાચ ન ચાલે એવી કઢંગી પરિસ્થિતિ આજે છે, જેમાંથી મારગ કાઢવા આપણી સરકાર તનતોડ પ્રયાસો કરી રહી છે, નીત નવા પ્રયોગો પણ કરે છે, પરંતુ પરિણામ જોઈએ એવું આશાજનક નજીકના ભવિષ્યમાં દેખાતું નથી એમ આપણા રચનાત્મક કાર્યકરો જણાવી રહ્યા છે. પડતા-આખડતા આખરે ધાર્યું પરિણામ નથી આવી શક્યું.

[મુંબઈ સમાચાર]

# મહા મંત્રનો જાપ.

जो पुण सम्मं गुणिउं, नरो नमुक्कारलक्खमखंडं ।
पुएइ जिणं संघं, बंधइ तित्थयरनामं सो ॥

અર્થ–જે મનુષ્ય એક લાખ નવકારને અખંડપણે ગણે તથા શ્રી જિનેશ્વર દેવ અને સંઘને પૂજે તે તીર્થંકર નામકર્મને બાંધે છે.

—બૃહત્ નમસ્કાર સ્તોત્ર.

थंभेइ जलं जलणं, चिंतियमित्तोवि पंचनवकारो ।
अरिमारिचोरराउलघोरुवग्गं पणासेइ ॥

અર્થ–શ્રી પંચ પરમેષ્ઠિ નવકાર ચિંતવવા માત્રથી જલ તથ અગ્નિને થંભાવે છે. શત્રુ, મરકી, ચોર અને રાજ્ય તરફથી થનાર ઘોર ઉપદ્રવોનો નાશ કરે છે.

—શ્રી મહાનિશીથ સૂત્ર

यो लक्षं जिनबद्धलक्ष्यसुमनाः सुव्यक्तवर्णक्रमम्,
श्रद्धावान् विजितेन्द्रियो भवहरं मन्त्रं जपेच्छ्रावकः ।
पुष्पैः श्वेतसुगन्धिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनम्,
यः संपूजयते स विश्वमहितः श्रीतीर्थराजो भवेत् ॥

અર્થ–શ્રી જિનેશ્વર પ્રત્યે બાંધ્યું છે લક્ષ્ય જેણે એવા સુંદર મનવાળો જે જિતેન્દ્રિય અને શ્રદ્ધાવાન શ્રાવક સુસ્પષ્ટ વર્ણોચ્ચારપૂર્વક સંસારનો નાશ કરનાર એવા પંચપરમેષ્ઠિ નમસ્કારનો એક લાખ વાર જાપ કરે અને શ્વેતસુગન્ધિ લાખ પુષ્પોવડે શ્રી જિનેશ્વર દેવની પૂજા કરે, તે ત્રિભુવનપૂજ્ય તીર્થંકર થાય.

—શ્રી રત્નમંડન ગણિ

# કહેવું કોને ?

શ્રી મોહનલાલ ચુ. ધામી.

આજે આપણી આસપાસના આપણા સમાજજીવનમાં કેટલી વિકૃતિ ઘુસી ચૂકી છે અને આપણું ભાવિ કયાં જઇને અથડાશે એનો વિચાર જો આપણે આ પળે નહિ કરીએ તો મને લાગે છે કે-પછી આપણને પસ્તાવાનો પાર નહિ રહે અને પરિસ્થિતિ રાંડયા પછીના ડહાપણ જેવી સરજાશે.

આપણે માત્ર બે દાયકા પહેલાંનો જ વિચાર કરીએ અને તે કાળના સમાજજીવનની નૈતિક છબી નજર સામે રાખીએ તો આપણને સમજાશે કે- આપણે આગળ વધી રહ્યા છીએ કે કોઈ ઉંડી ખાઇમાં પડી રહ્યા છીએ ?

માત્ર વીસ વરસ પહેલાં આપણે ગુલામ હતા, આપણા પર પરદેશી સત્તાનું શાસનચક્ર હતું, આપણા પર દેશી રજવાડાંઓની સત્તા હતી અને આપણે પુરા પરાધીન હતા.

પરંતુ આ બધું કેવળ રાજકીય દૃષ્ટિએ હતું. આપણા સમાજજીવનની નૈતિક તાકાત તો જીવંત પડી હતી.

લોકો ચોરી કરતાં કંપતા હતા, ભીખ માગવામાં શરમ અનુભવતા હતા. ભેળસેળ કરવામાં કે ઓછા તોલમાપમાં પાપ જોતા હતા, પરિવારમાં મર્યાદા જળવાતી, સ્ત્રી-પુરૂષનો સંબંધ પણ મર્યાદાથી મઢેલો રહેતો, કોઇની બહેન દીકરી પ્રત્યે કુદૃષ્ટિ કરવામાં નાનપ ગણાતી, સંતોષપૂર્વક જીવન જીવવામાં ગૌરવ લેખાતું. જે કંઇ ન્યાયોચિત મળે તે જ ઉત્તમ લેખાતું, અન્યાય કરતાં, હિંસા કરતાં કે કોઈની લાગણી દુભવતાં લોકો ધ્રુજી ઉઠતા.

સાદાઇમાં રહેવું, રહેણી-કરણી સ્વચ્છ અને પવિત્ર રાખવી, બહુ નાટક-ચેટક જોવાં નહિ, બહુ વ્યસનો કરવાં નહિ, જુગાર રમવો નહિ, કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ, કોઇની થાપણ ઓળવવી નહિ, કોઇની ચાડી-ચુગલી કરવી નહિ, વગેરે ઉત્તમ ગુણો આપણા સમાજ-જીવનમાં સ્વાભાવિક રીતે વણાયેલા હતા અને લોકો કોઈ પણ દુ:ખને સંતોષના શસ્ત્ર વડે મારીને મોજથી પી શકતા હતા.

પરદેશી કેળવણી હોવા છતાં શાળાઓ-માંથી પણ સંસ્કાર અને સદાચાર ભૂંસાયા નહોતા.

છેલ્લા વિશ્વયુધ્ધથી આપણી નૈતિક સંપત્તિ પર ક્ષય રોગ શરૂ થયો અને સ્વરાજ પ્રાપ્ત થયા પછી તો એ રોગ ભારે ઝડપી બનવા માંડયો અને આપણે ધારેલા ભૌતિક વિકાસ પછી આપણા સમાજની વિકૃતિ કઇ સીમાએ પહોંચી જશે તેની કલ્પના કરવી ભારે કઠણ છે.

સૌરાષ્ટ્રના પાટનગર ખાતે એક નાનકડો કિસ્સો બની ગયો છે. એક કન્યાશાળામાં ભણતી અગિયાર વર્ષની બાળાએ પોતાના ઘરમાંથી ચોરી કરી. ચોરી નાની નહોતી, લગભગ સાડા ત્રણસો રૂપિયાની ચોરી કરી અને લગભગ આઠેક દિવસ સુધી બહેનપણીઓ અને બીજી નાની સહિયરોને નાસ્તા કરાવ્યા ને એ રીતે પૈસા ઉડાડી નાખ્યા. પણ પોણોસો જેટલા રૂપિયા રહી ગયેલા અને તે તેણે પોતાની કંપાસપેટીમાં રાખેલા. શાળામાં એ પેટી ઉઘાડતાં બાજુની કોઇ વિદ્યાર્થિની જોઇ ગઇ અને તેણે

શિક્ષિકાને જણાવ્યું. આમ આ ચોરી પકડાઇ ગઇ.

સવાલ એ છે કે આજની કેળવણી કેટલી વિકૃત બની ગઇ છે? એક નાની અગિયાર વરસની બાલિકા પણ આવડી મોટી ચોરી કરી શકે છે.

આ ચોરી કોણે કરી એ અમારે મન મહત્ત્વનું નથી. પરંતુ આવા કિસ્સાઓ પાછળ આજે નૈતિક જીવનની વિકૃતિ કેટલી ભયંકર રીતે ફાલી રહી છે, એ જ મહત્ત્વનું છે.

અગાઉ તો બાળકો બે ઘડી પ્રભુનાં મંદિરમાં જાય, ત્યાગી સાધુપુરૂષોની ધર્મકથા સાંભળવા જાય, ઘરમાં પણ દાદીમા કે બા નીતિની વાતો કહે અને એ રીતે બાળકોને સદાચારના, ધર્મના અને સંસ્કારના બોધપાઠ મળ્યા જ કરે.

છેલ્લા સ્વરાજ યુગમાં તો એટલો અધર્મ ઘર કરવા માંડયો છે કે લોકો ભગવાનનાં દર્શનમાં રસ નથી લેતા, રસ લે છે ફિલ્મો જોવામાં. આજે આવતી કાલની પેઢીનો આદર્શ પણ સીનેઆલમના તારક–તારિકાઓ બની ગયાં છે!

અને સાદાઈ તો રહી જ નથી. ખાવાપીવાના સાધનોમાં સાત્વિકતા નથી રહી, મોજશોખ માટે મન ઝંખતું હોય છે અને રવિવાર તો જાણે મોજશોખનો તહેવાર બની ગયો છે!

માબાપો જીવનની હાય–બળતરામાં એટલાં પરોવાઇ ગયાં છે કે તેઓ પોતાના બાળકોની કશી કાળજી રાખી શકતા નથી. બાળકોને જે તે ખવરાવવામાં પણ માબાપો પાછું વાળીને જોતાં નથી. બાળકો કોઇ નકામી વસ્તુનો હઠાગ્રહ કરે તો તે પણ માબાપો પોષતા હોય છે, બહારની સડેલી પીપરમેંટ, ચોકલેટ, બિસ્કીટ, કુલ્ફી, એવા નિર્માલ્ય ભ્રષ્ટ અને શરીર માટેના નકામા પદાર્થો ખવરાવવામાં પણ માબાપો કંપતા નથી. આમ બાળકોને ખુશ રાખવા ખાતર તેઓ બધું કરી છુટે છે....કરે છે, પરંતુ એનામાં સંસ્કાર કેટલા છે? એનામાં ગુણનો વિકાસ થાય છે કે નહિ? એ સદાચારી છે કે કેમ? એના મિત્રો અને સાથીઓ કેવા છે? એના છૂપા દુર્ગુણો કેટલા છે? વગેરે તરફ નજર રાખવાની માબાપોને જાણે પુરસદ જ મળતી નથી! ઘરની એકાદ ખુરશી ખરાબ થઇ ગઈ હોય તો કાળજું કકળી ઉઠે, પણ બાળકો ખરાબ થઇ ગયાં હોય એનું જાણે કશું નથી હોતું!

એજ દશા આજના કાતિલ બની રહેલાં કેળવણીના કારખાનાઓની છે. વાણીના વિલાસો અને યોજનાઓના ભરડાઓ સિવાય ત્યાં કોઈ પ્રકારની જાગૃતિ રહી નથી!

હૃદયની આ વેદનાઓ માટે કોને કહીએ?

## —: વિદ્યાની પાંખ :—

વિદ્યા–વિહંગમને ઉડવા સારૂ તેની બે પાંખ માનવામાં આવી છે. એક છે વિનય અને બીજો છે વિવેક.

'વિનય' એની જમણી પાંખ છે અને 'વિવેક' એની ડાબી પાંખ છે. બે પાંખોમાંથી એક પાંખની જો ત્રુટી હોય તો તે વિદ્યા–વિહંગમ સચ્ચારિત્ર રૂપી આકાશમાં ગતિમાન ન બનતાં સ્વચ્છંદતારૂપી ગર્તામાં અટવાઇ જાય છે.

કારણ કે સામાન્યરીતે પક્ષી પણ પોતાની બે પાંખોદ્વારા જ પ્રગતિ કરી શકે છે.

બાલમુનિરાજ **શ્રી મૃગેન્દ્રમુનિ મહારાજ**

# "સમકિત અને શીલરૂપી તુંબડીઓથી જીવ તરે છે."

## શ્રી ઉજમશી જુઠાભાઈ શાહ .

આગમમાં પ્રમાણ છે કે, "આ કાલે, આ ક્ષેત્રે, જીવ સાતમા ગુણઠાણાથી આગળની યોગ્યતા નહિ પામે." તે સૂચવે છે કે, આ કાલે, આ ક્ષેત્રે, આત્માનું જે અપૂર્વ સામર્થ્ય તે કોઈ જીવ ફોરવી શકશે નહિ.

આ કાલે, આ ક્ષેત્રે, શરીર–સંઘયણ ઘણાં નબળાં હોવાથી વ્યક્તિમાં હૃદયનું અપૂર્વ બળ નથી. પરિણામે આત્માનું અપૂર્વ સામર્થ્ય નહિ પ્રગટતું હોવાથી, સાતમા ગુણઠાણાથી આગળની યોગ્યતા જીવમાં પ્રગટતી નથી.

જો વ્યક્તિમાં અપૂર્વ પ્રકારનું હૃદયબળ હોય તો તે વ્યક્તિ પ્રશસ્ત કે અપ્રશસ્ત માર્ગે તેનું શૌર્ય દાખવ્યા વિના પ્રાયઃ રહે નહિ. જો તેનામાં વિવેક પ્રગટયો હોય તો તેનું તે અપૂર્વ હૃદયબળ પ્રાયઃ તેને આત્મોન્નત્તિનું પરમ સાધન બની જાય. અને જો વિવેકનો અભાવ હોય તો તે હૃદયબળ વ્યક્તિનું સાતમી નારકીનું કારણ પણ બની જાય, તે એટલું જ સંભવિત છે.

પૂર્વકાલે જ્યારે શરીર–સંઘયણ મજબુત હતાં, વ્યક્તિમાં અપૂર્વ પ્રકારનું હૃદયબળ સંભવિત હતું, ત્યારે વિવેકી જીવોમાં ભાવ-સત્ત્વ ઠીક પ્રમાણમાં ટકી રહેતું. અને તેને લીધે સત્સમાગમ કે અન્ય કોઇ નિમિત્તો, જે વ્યક્તિના સુષુપ્ત આત્માને ઢંઢોળતા. તેનાથી તે વ્યક્તિ સતત જાગૃત બની જતી. અને અપ્રમત્તભાવે પોતાના કિલષ્ટ પાપોને તે ભેદી નાખતી. કેટલીક મહાભાગ્યશાળી વ્યક્તિઓ તો નિમિત્ત મળતાં બે ઘડીમાં જ પોતાનું જીવન-ધ્યેય–મોક્ષ હાંસલ કરતી. જે સંભાવના આ કાલે, આ ક્ષેત્રે નથી.જો કે, તેથી હતાશ થવાની કોઇ જરૂર નથી.

આજે શરીર–સંઘયણ નબળાં છતાંયે, મુક્તિની ચાવીરૂપ સમ્યક્ત્વ અને શીલગુણના આવિર્ભાવથી. આત્માના અન્ય વિશિષ્ટ ગુણો ખીલવાનો પુરેપુરો સંભવ છે. જે ગુણોના સંકલનથી વ્યક્તિનો મોક્ષ અતિનિકટ બની જાય છે.

સમ્યક્ત્વ અને શીલ એ ઉભય આત્મોન્નત્તિની સીડી ચઢવામાં અતિ સહાયક છે. તો આપણે એ સીડીએ ચઢવા પ્રયત્ન આદરીએ. એટલે કે, મોક્ષનું લક્ષ્ય રાખી આપણે સમકિત અને શીલ ગુણના આવિષ્કાર માટે વિવેકપૂર્વક જીવીએ અને આગળ વધીએ.

સમક્તિ અને શીલગુણના આવિષ્કાર માટે વ્યવહાર શુધ્ધિ, જિનવચનનો આદર, પ્રશસ્ત અનુષ્ઠાનોનું સેવન, આહાર, વિહાર, નિહાર આદિનો વિવેક એ બધું જ ખુબ જરૂરી છે.

સમકિત અને શીલ ગુણના આવિષ્કાર માટે સુસંસ્કારો જેમ સહાયક છે. તેમ ભક્ષ્ય અને પથ્ય આહારનો વિવેક પણ જરૂરી છે.

ભક્ષ્ય અને પથ્ય આહારના ઉપયોગ–વિવેકથી ચિત્તની સ્વસ્થતા વધે છે, અને સુવિચારણાનું બળ સાંપડે છે. પરિણામે આત્માનો વિકાસ થાય છે.

ભક્ષ્યાભક્ષ્ય અને પથ્યાપથ્ય આહારની સારી માઠી અસર મન પર અવશ્ય નિપજે છે.

જૈનશાસ્ત્રોમાં ભક્ષ્યાભક્ષ્યની જે સૂક્ષ્મ વિચારણા છે, તે વિચારણા વિવેકપૂર્વક આદર કરી, જેઓ ભક્ષ્ય અને પથ્ય આહારમાં સંયમ

# —: શ્રી આત્મ–હિત–કુલક–સાર :—

## અનુ૦ પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ.

૧ પોતાના ગુરૂ ભગવંતના ચરણના પસાયથી, સંસારના વિચિત્ર વિપાકને જાણીને, સારી રીતે વૈરાગ્યવંત ચિત્તવાળો થઈને, કાંઈક આત્મહિત ચિંતવું છું.

૨ હે જીવ! કાલને ઉચિત શ્રી જિન આજ્ઞા પાલવાને સદા તલસી રહેલા મને પ્રમાદરૂપી શત્રુ ધર્મમાં બરાબર ઉદ્યમ કરવા દેતો નથી.

૩ હે જીવ! જો અત્યારે મળેલી સામગ્રી કોઈ પણ બ્હાને હારી જઇશ, તો પશ્ચાત્તાપથી પરલોકમાં નિષ્ફળ વિલાપ કરવા પડશે.

૪ હે હતાશ પ્રાણી! રાગથી અંધ થઇ, મોહથી અંધ થઇ તું કાર્ય અને અકાર્યને સમજતો નથી. ધતુરાથી ભ્રમિત થયેલો બધું સોનું જ ભાળે છે.

૫ વૈરાગ્યના માર્ગમાં એકાદ ક્ષણ મહામુશ્કેલીથી આત્માને લીન બનાવું છું, તેને ચંચળ ચિત્ત થોડીવારમાં જ બીજે લઇ જાય છે, અને ઉંચા મનોરથ ફળતા નથી.

૬ પોતાના ચરિત્રને સમજનાર એક આત્મા જ હાથમાં આવવો મુશ્કેલ છે. જો ધર્મસાધનની ઇચ્છા હોય, તો પહેલા એને જ સજ્જ કરવાની તૈયારી કર.

૭ જો આત્માના સુખને ઇચ્છિતો હો, અને દુઃખોથી સાચી રીતે ખિન્ન થયો હો તો સાચા ધર્મમાં ઉદ્યમ કર, કોદરાને વાવીને શાલિની ઇચ્છા ન કરીશ.

૮ હે જીવ! તેં પહેલા જેવું બીજ વાવ્યું છે, એને તું અત્યારે લણે છે, અને જે અત્યારે વાવે છે, તેને આગળ લણીશ.

૯ હે અજ્ઞાની જીવ! હજુ તું અકાર્યથી દૂર કેમ ખસતો નથી? મોહના ફંદામાં ફસાયેલો યોગ્ય–અયોગ્યને કેમ સમજતો નથી?

૧૦ હે મૂઢ પ્રાણી! સંસાર–અટવીમાં મને ઇંદ્રિય–ચોરોએ લુંટી લીધો, એમ બોલીશ નહિ, કારણ કે તું જાણીને જ એ કારમા ચોરોના હાથમાં ફસાય છે. તને શું કહેવું?

૧૧ હે આત્મા! તું બીજાને ખુશી કરવા માટે કાંઇ બોલે છે, અને કરે છે વળી એનાથી બીજું કાંઈ જ, તો પણ આ તારૂં કપટ ઉઘાડું તો થઇ જ જાય છે.

૧૨ દુઃખના પ્રસંગે શોક કરે છે, પણ પહેલા ઉપકારી પુરૂષોએ નાનકડું પણ ધર્મનું કામ બતાવ્યું હોય ત્યારે શક્તિ નથી એમ કહીને એ લાભથી જીવને વંચિત રાખ્યો, હવે શોક શા માટે કરે છે? પોતાની અવળાઇ વિચાર.

૧૩ કોઈપણ ધર્મક્રિયા કરતી વખતે મનમાં એવાજ ભાવ રાખ્યા કે, અત્યારે રાત્રિ છે, અથવા અંધારૂં છે, મને કોઇ જોતું નથી, માટે હાલવા દો, જેમ તેમ ધકેલીને પૂરૂં કરી નાખો, એમ કરીને ગોટાળા વાળ્યા અને લોકની વચ્ચે લોકરંજન કરવા શુદ્ધક્રિયાના ભાવ દેખાડે છે. તને શરમ નથી આવતી?

૧૪ હે જીવ! તું ગુણવાન ઉપર મત્સર રાખે છે, અવગુણ ઉપર દ્વેષ ધરે છે, પારકી ઋદ્ધિ સુખ

---

કેળવશે, તેઓ તેના ગુણના લાભને અવશ્ય અનુભવશે.

એટલે કે, સમ્યક્ત્વ અને શીલગુણના આવિષ્કાર માટે સદાચારની જેમ ભક્ષ્ય અને પથ્ય આહારમાં પણ ઉપયોગ–વિવેક રાખવો પડશે. જીવન ટકાવવા પુરતો જ, માત્ર ભક્ષ્ય અને પથ્ય આહાર લેવો પડશે. સ્વાદ માટે કે અન્ય કોઈ હેતુસર ગમે તે વાનગીઓ નહિ આરોગાય.

પૂર્વકાલના દૃષ્ટાંતો ફાવે તેમ અયોગ્ય-રીતે ઘટાવી, આપણે તેનું ખોટું અનુકરણ કરીશું અને આપણું સામર્થ્ય નહિ વિચારીએ તો આપણે આ કાલે, આ ક્ષેત્રે, આત્મવિકાસ અલ્પ પણ સાધી શકવાના નથી, અને આપણું જીવન વ્યર્થ વહી જવાનું છે.

વગેરે જોઇને બળે છે, અને પારકી નિંદા કરે છે. તારૂં શું થશે?

૧૫ હે જીવ! તું હમેંશાં પ્રમાદમાં લીન રહે છે, સુખનો અભિલાષી છે, કોઇપણ ભૂલ બતાવીને ટાળવાની પ્રેરણા કરે તો ક્રોધ કરે છે, તારાં આ બધાં વિચિત્ર લક્ષણો હોવા છતાં, મહાગુણી હોવાનો ગર્વ મનમાં ધરે છે!

૧૬ હે પામર જીવ! "હું બધું જાણું છું પણ ભારેકર્મી છું, એથી કાંઇ કરી શકતો નથી" એમ કહ્યા કરે છે. કંઠને અને મનને નકામી મહેનત કરાવનાર એવા તારા જ્ઞાનને પણ ધિક્કાર છે. કારણ કે જ્ઞાનનું ફળ તું લઈ શકતો નથી.

૧૭ રે જીવ! તું એમ કહ્યા કરે છે કે–ઉત્તમ આરાધનાના કાર્યો આજ કરીશ અથવા કાલ કરીશ, એમ આજકાલ કરતાં જીંદગી પૂરી થવા આવી છતાં હજુ ખોટા ખોટા મનોરથોમાં જ દિવસો કાઢે છે, આવી રીતે પહેલા અનેક જન્મો નિષ્ફળ ગુમાવ્યા છે, તે યાદ કર, અને હવે બરાબર સજ્જ થા.

૧૮ હે આત્મન્! આ જગતની સર્વ વસ્તુએ ઇંદ્રજાલ જેવી નજરે જોવા છતાં, જાતે અનુભવવા છતાં, જાતે ધુતારાથી ઠગાયેલાની જેમ તું તારો પોતાનો વિચાર કેમ કાંઇ કરતો નથી?

૧૯ જેમ ઝાડ ઉપર પંખીઓનો મેળો થાય છે, અથવા ધર્મશાળામાં મુસાફરો ભેગા થાય છે, તેવી રીતે મનુષ્યોનો કુટુંબ–મેળો ભેગો થાય છે. સહુ સહુના સમયે જુદી જુદી દિશામાં ચાલ્યા જવાના છે.

૨૦ હજુ પણ તું પોતાનો વિચાર કરી લે, આત્મહિત સાધવા તૈયાર થઈ જા, તો કાંઈ બગડયું નથી, પણ આ ભવ એળે જશે તો પરભવમાં અરણ્યરૂદન જેવા વિલાપ કરવા પડશે.

૨૧ કુતરા વગેરે તિર્યંચો પણ ખાય પીએ છે, જો માણસમાં પણ આજ આચરણ હોય તો, એની મનુષ્યમાં ગણતરી કેમ કરાય?

૨૨ જેઓ મોટા અવાજથી જગતને ઉપદેશ આપે છે કે "હે લોકો પ્રમાદ–વૈરીને જીતવા તૈયાર રહો, નહિ તો બૂરા હાલ થશે" તેઓ પણ કોઇ પ્રસંગે પ્રમાદથી છળાઈ જાય છે. શું કરવું? શું વિચારવું? શું બોલવું?

૨૩ મોટા ભાગે લોકો આંખથી જુએ છે, હૈયાથી જોતા નથી, વિષયથી વિરાગ કેમ પામે? ધર્મને ક્યાંથી કરી શકે?

૨૪ રે જીવ! દુષ્ટબુદ્ધિના કરાવેલા ખોટા સંકલ્પ–વિકલ્પો ત્યજી દે, અને સુંદર ધર્મરૂપી બગીચામાં, વિચરીને, આત્મકલ્યાણના ઉદ્યમ રૂપી મીઠી દ્રાક્ષના સ્વાદનો આનંદ લે.

૨૫ રે જીવ! ગુરૂની આજ્ઞાને અનુસારે સારી રીતે પરોપકારમાં, સંયમમાં, જ્ઞાનમાં, ક્ષાયોપશમિક ભાવ પામવામાં આ બધામાં સદા ઉદ્યમ કર.

૨૬ હે જીવ! 'આવું અનુપમ ધર્મસામ્રાજ્ય મલ્યું છે. દિવસોની ગણતરી કર, ઘણા થોડા દિવસો તને આરાધના માટે મળ્યા છે, માટે સ્વપરના ઉપકાર વિનાની એક ક્ષણ પણ જવા દઇશ નહિ, ક્ષણનો ય ભરોસો રાખીને સુતો ન રહીશ.

૨૭ આટલું કહેવા છતાં ભાગ્યહીન જીવોને કાંઇ લાભ થતો નથી, વિષ્ટાનો કીડો અશુચિને છોડીને બીજે કયાં ય આનંદ પામતો નથી.

૨૮ આ ભવમાંથી નીકળ્યા પછી, કોને ખબર છે કે કયારે ગુરૂમહારાજના ચરણની સેવા અને ધર્મ આરાધનાનો સમય તથા સામગ્રી મળશે?

૨૯ રે બેશરમ પ્રાણી! લાખો ધર્મ ઉપદેશના વચનો સાંભળવા છતાં તારા હૈયાને કાંઇ પણ અસર થતી નથી, તો પછી મારે તો હવે મૌનનું શરણ લેવા જેવું છે.

૩૦ જે મુનિવરો વિષયોથી વિરક્ત છે, અને કાળને ઉચિત સંયમની આરાધનામાં અવંચકપણે લીન છે, તેમના પગની ધૂળને પણ જીંદગી સુધી દરરોજ ત્રિકાળ વંદન કરૂં છું.

૩૧ હે જીવ! જો ભવદુઃખના તાપથી ઉદ્વેગ પામ્યો હો અને પરમ સુખની અભિલાષા બરાબર જાગી હોય, તો આ ઉપદેશ વચનો, દરરોજ સમયે સમયે યાદ કરજે, ક્ષણ પણ ભૂલીશ નહિ.

૩૨ પોતાની નિર્મલ કીર્તિવડે ભુવનને વ્યાપ્ત કરનારા **શ્રી ધર્મસૂરિ** પ્રભુના શિષ્ય **શ્રી રત્નસૂરિએ** આ કુલક રચ્યું છે.

# પૂંજી  શ્રી નગીનદાસ એન. શાહ. મુંબઈ.

**પૂં**જી એટલે ધન, દૌલત, પૈસા, મિલ્કત વિગેરે. જે મેળવવા માટે દરેક વ્યક્તિ જીંદગીમાં કેટલી ય મહેનત કરે છે. અગવડો ભોગવીને રાતદિવસ મજૂરી કરીને પણ એકઠી કરે છે. પણ એ પૂંજી પહોંચે છે કયાં સુધી? અને આપણને કેટલી કામમાં આવે છે? માત્ર જીવીએ ત્યાં સુધી. કેટલાક તો તે મેળવતાં જ ખપી જાય છે. કેટલાકોને તે મળે છે છતાં ઉપયોગ કરી શકતા નથી. કેઈક કરોડપતિઓનું ધન ગુપ્ત રીતે પડી રહે છે. જેના વ્યાજમાંથી જ વેપાર-ધંધા અને જીવન-નિર્વાહ ચાલે છે એવી પૂંજીનો ઉપભોગ પણ કરી શકતા નથી. કારણ કે તેને એક જાતનો ભય રૂપી રોગ લાગુ પડે છે, રખેને કોઇ ચોરી જાય, રખેને નાશ થઇ જાય, કે જપ્ત થઈ જાય, તેની ચિંતા કાયમ રહે છે. એવી સોનેરી સાંકળી શું કામની જે ગળામાં ખૂંચે ને સૂતાં-બેસતાં, હરતાં-ફરતાં ખટકયા કરે.

લક્ષ્મીના ત્રણ ક્ષેત્રો છે:- દાન, ભોગ અને નાશ. પહેલા ક્ષેત્રમાં જો તેનો ઉપયોગ થાય તો એનાથી વિશેષ ઉત્તમ બીજું કંઈ નથી. કારણ કે દાનમાં ખર્ચેલું ધન એક અદશ્ય, અમૂલ્ય અને અખૂટ પૂંજી પેદા કરે છે. તે છે પુણ્ય રૂપી પૂંજી. જે આ જન્મમાં તથા મૃત્યુ પછીના બીજા કોઇ ભવમાં શુભ પરિણામ આપે છે. આત્માને ઉચ્ચગતિએ પહોંચાડે છે. માટે જેટલી મહેનત ધનરૂપી પૂંજી એકઠી કરવામાં કરીએ છીએ તેના કરતાં પણ વિશેષ મહેનત કરી પુણ્યરૂપી પૂંજી એકઠી કરીએ તો આત્મા મુક્તિને પંથે વળશે.

ભોગી વ્યક્તિઓ તથા વિલાસીજનો લક્ષ્મી મળતાં જ તેનો ઉપયોગ કરી ફના થઈ જાય છે. કારણ કે તેઓને પુણ્ય-પાપ, જન્મ-મરણ, આલોક-પરલોક, કે આત્મા-પરમાત્માનો ખ્યાલ જવલ્લે જ આવે છે. એવી વ્યક્તિની ડીકશનેરી (શબ્દકોષ)માં "સંગ્રહ" એટલે એકઠી કરવાનો શબ્દ જ હોતો નથી. આવી વ્યક્તિ માટે કોઈ પણ જાતની પૂંજી (ભૌતિક કે આધ્યાત્મિક)ની આશા રાખવી ફોગટ છે.

હવે પૂંજીનું છેવટનું પરિણામ જુઓ. એક કૃપણને લોભી વ્યક્તિ પોતાના વારસો માટે દુઃખ ને અગવડો ભોગવી પાઈ પાઈ બચાવી પૂંજી એકઠી કરે છે. નથી દાનમાં ખરચતો કે નથી ભોગવી શકતો. એવી વ્યક્તિનું ધન, માલ-મિલ્કત; આગ, ચોરી, લૂંટ-ફાટ કે ધરતીકંપનો ભોગ બની જાય છે. કારણ કે એ બધું રહે છે કયાં સુધી? પુણ્ય પહોંચે છે ત્યાં સુધી. પુણ્ય પરવારતાં બધું જ સાફ થઇ જાય છે. લાખોની લેવડ-દેવડ કરનાર કેટલીક વ્યક્તિઓએ માત્ર બે પાંચ હજારની ટાંચથી બચવા માટે દેવાલા ફૂંકયાં છે. કેટલાકોએ તેની હાય લાગવાથી આત્મહત્યા કરી છે.

ધનરૂપી પૂંજી માત્ર આજીવન કામ લાગશે પણ પુણ્યરૂપી પૂંજી તો આત્મા સાથે રહી ભવોભવ સુખી કરશે. એને સાચવવા માટે તાળા-કૂંચીની જરૂર નહિ પડે તથા નાશ થવાનો ભય પણ નહિ રહે. કારણ કે પુણ્ય રૂપી પૂંજી આત્મા સાથે ઓતપ્રોત થઈ રહે છે. પુણ્યનો ઉદય થતાં તેનું ફળ મળે છે. આવી પૂંજી એકઠી કરવાનું કામ દરેક જણ કરી શકે છે. પછી ભલે તે ગરીબ હોય કે

# શંકા અને સમાધાન

## પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

'કલ્યાણ'માં દરમહિને પ્રસિદ્ધ થતા આ વિભાગની લોકપ્રિયતાથી પ્રેરાઇને અનેક જિજ્ઞાસુ મહાનુભાવો પોતાની શંકાઓનું સમાધાન મેળવવા શંકાઓ મોકલે છે. પણ દરેકના પ્રશ્નોના સમાધાન તાત્કાલિક પ્રસિદ્ધ થઇ શકે નહિ. સર્વના પ્રશ્નોના પ્રત્યુત્તરો ક્રમશઃ પ્રસિદ્ધ થતા રહેશે, માટે સર્વેએ એ વિષે નિશ્ચિંત રહેવું. અને પોત-પોતાને જે કોઈ વિષયમાં જાણવા-સમજવા જેવું લાગે તે વિષયના પ્રશ્નો અમારા ઉપર મોકલી આપવા, પૂ. પાદ આચાર્યદેવશ્રીની પુણ્યકૃપા 'કલ્યાણ' પ્રત્યે વરસતી રહી છે. તે માટે અમે તેઓશ્રીના ઋણી છીએ!

[ પ્રશ્નકારઃ-આત્માર્થી ]

**શં૦** અનીતિ વિના ધન મળે તેમ ન હોય તો શું કરવું?

**સ૦** ધનના લોભથી જ ધનને મેળવવાની જેને ઇચ્છા નથી અને અનીતિને આચરવી નથી, એવો જેનો નિર્ણય છે, તેને નીતિપૂર્વકનો પ્રયત્ન કરવા છતાં પણ ન જ મળે, અગર તો જરૂરી કરતાં ઓછું મળે, એવું ઓછું બને; છતાં તે ય અસંભવિત તો નથી; પરંતુ એવા પ્રસંગે એવો માણસ પોતે કેમ ઓછામાં ઓછી જરૂરે નિભાવી શકે, તેનો ય પ્રયત્ન કરે, 'ભૂખ્યા મરવું તે હા, પણ અનીતિને તો નહિ જ આચરવી.' આવી મનોદશાવાળા આત્માઓ પણ હોઇ શકે છે. ધન કરતાં ધર્મને અધિક માનનારથી કદાચ અનીતિ આચરાઇ જાય તો ય તેને અનીતિ ખૂબ ખૂબ ડંખે છે. આજે આવો અનુભવ વિરલ બની ગયો છે. ગૃહસ્થોને માટે શાસ્ત્રે એવું વિધાન નથી કર્યું કે-'ધન કમાવું જ નહિ.' 'પણ ધનર્જનમાં ન્યાયનો ત્યાગ કરવો નહિ.' એવું વિધાન તો જરૂર કર્યું છે. આ વિધાનનું પાલન ધનના અતિલોભથી બને નહિ.

**શં૦** ધન વિના જગતમાં કાંઈ મળતું નથી,એટલે ધન મેળવે નહિ તો ગરીબો આજીવિકા કેમ ચલાવે?

**સ૦** એવું પણ જીવન છે, કે જે જીવનમાં ધનની જરૂરજ નથી. સાચું સાધુજીવન વગર ધને જીવાય છે. પણ સાધુજીવનને જીવવાને બધા લાયક પણ ન હોય, અને બધા શક્તિમાન પણ ન હોય, એટલે આજીવિકાના નિર્વાહ પૂરતો જ ધનને મેળવવાનો પ્રયત્ન થાય છે? ધન ન હોય ત્યારે આજીવિકા પૂરતો વિચાર આવે પણ ધન મળવા માંડે એટલે બીજી કેટકેટલી ય ઇચ્છાઓ જોર કરે છે. આજીવિકા માટે ગૃહસ્થોએ ભિક્ષાવૃત્તિને સ્વીકારવાની હોય નહિ, પરંતુ ધનને મેળવવાના પ્રયત્નમાં ય અનીતિ આદિનો ત્યાગ કરવાનું લક્ષ્ય રાખવું જોઇએ.

---

તવંગર, રાજા હોય કે ભિખારી.

ધન-દૌલત મેળવવા માટે તો ધન ખરચવું પડે છે. અનેક જાતના કાવાદાવા કરવા પડે છે, જેથી પાપબંધ પડે છે. પણ પુણ્યરૂપ પૂંજી કમાવા માટે એક પૈસાનો ખર્ચ ન લાગે અને પરિણામે આત્મા અજરામર પદ પામે છે.

શં૦ સાધુ-સાધ્વીથી દીવો ન વપરાય તેનું કારણ શું ?

સ૦ અગ્નિકાયના જીવોની રક્ષાને માટે સાધુ અગર સાધ્વી સચિત્ત પ્રકાશવાળા કોઈ પણ સાધનનો ઉપયોગ કરે નહિ. સચિત્ત પ્રકાશ જ્યાં જ્યાં પ્રસાર પામતો હોય, ત્યાં ત્યાં અગ્નિકાયના જીવોની વિરાધનાનું કારણ છે. દીવો કોઇએ સળગાવ્યો હોય, તો પણ તેના પ્રકાશમાં સાધુ-સાધ્વી રહે નહિ, કેમકે-અગ્નિકાયના એ જીવો જ્યાં શરીરને સ્પર્શે, એટલે એ જીવો મરે. અગ્નિકાયમાં જીવો પેદા થયા કરે અને મર્યા કરે. આથી તો સાધુ-સાધ્વીઓને કોઈ વખતે દીપક આદિના પ્રકાશમાં થઇને પસાર થવું જ પડે તેમ હોય, તો તેઓ પોતાના શરીરને ગરમ કામળીથી ઢાંકી દે છે, કે જેથી અગ્નિકાયના જીવોનું રક્ષણ થઇ શકે.

શં૦ સમ્યગ્દૃષ્ટિ પરસ્ત્રીને ભોગવે જ નહિ ?

સ૦ સમ્યગ્દર્શન એમજ સૂચવે છે કે-ભોગ તજવા જેવા જ છે, અને પરસ્ત્રી આદિની સાથેના ભોગ તો વિશેષ કરીને તજવા જેવા છે. સમ્યગ્દર્શન આવા ભાનને જીવન્ત રાખે, પરંતુ જો અવિરતિનો તીવ્ર ઉદય હોય, તો પરસ્ત્રીને પણ પોતાની અનુરાગિણી આદિ બનાવી લઇને તેને ભોગવવાની લાલસા જન્મે, એ શક્ય છે. પાપથી વિરામ પામવા દે જ નહિ, એવા પાપકર્મનો ઉદય હોય, તો સમ્યગ્દૃષ્ટિ પણ મહાપાપોને સેવનારો હોય એ બને, પરંતુ સમ્યગ્દર્શનની હાજરીના યોગે, એને ભોગસુખ ઉપાદેય તો લાગે જ નહિ.

શં૦ પ્રશસ્ત ક્ષાયોપશમિક ભાવ ક્યારે હોય ?

સ૦ પ્રશસ્ત ક્ષાયોપશમિકભાવની શરૂઆત સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણથી મનાય, પરંતુ મંદમિથ્યાત્વના કાળમાં પણ ક્ષાયોપશમિકભાવની પ્રશસ્તતાની ઝાંખીનો અનુભવ થઈ શકે છે.

શં૦ પ્રશસ્ત ક્ષાયોપશમિકભાવની ઉચ્ચ કક્ષા કયી ?

સ૦ દર્શનમોહનીયના ક્ષયોપશમ પછીથી ચારિત્રમોહનીયનો પણ સુંદર પ્રકારનો ક્ષયોપશમ થાય, તો પ્રશસ્ત ક્ષાયોપશમિકભાવની એઉચ્ચ કક્ષા છે, એમ કહી શકાય.

શં૦ મુનિપણાને પામવાની તીવ્ર ભાવના હોવા છતાં પણ ધર્મમાં ઝટ પ્રવૃત્તિ થઇ શકતી નથી, જ્યારે સંસારની ભાવના એટલી જોરદાર ન હોય તો પણ તેમાં ઝટ પ્રવૃત્તિ થાય છે, તો તેનું કાંઇ કારણ તો હશે ને !

સ૦ જો આ વાત સમજપૂર્વકની અને પ્રમાણિકપણાથી પણ સહિત હોય તો કહેવું જોઈએ કે-એ પણ બનવાજોગ છે. એનું કારણ એ છે કે- સંસારની ભાવનાને વેગ આપે, તેને અનુસાર પ્રવૃત્તિ કરાવે, એવાં કર્મો આત્માને વળગેલાં છે. ત્યાં કર્મો જેમ સહાયક બને છે તેમ મોક્ષની સાધનામાં કર્મો અંતરાય કરનારાં બને છે. મોક્ષની સાધના, ક્ષયોપશમની સાથે જ્યારે આત્માના પુરૂષાર્થનો યોગ થાય છે, ત્યારે થઇ શકે છે; અને આત્માને પુરૂષાર્થ કરવામાં ઉત્સાહિત બનતાં અટકાવે તેમજ આત્માના પુરૂષાર્થને તોડી પાડવાને માટે મથે, એવો ય કર્મોદય હોઈ શકે છે. આથી સંસારની સામાન્ય ભાવનાથી પણ ઝટ પ્રવૃત્તિ થાય અને મુક્તિની સાધનાની ભાવના એના કરતાં જોરદાર હોય તોય તેમાં ઝટ

પ્રવૃત્તિ ન થઈ શકે એ શકય છે; પરંતુ ખરી વાત એ છે કે-આપણાં કર્મો એવાં છે કે નહિ, તેનું આપણને જ્ઞાન નથી. આપણાં તેવાં પણ કર્મો કયારે હલકાં બન્યાં કે બનશે ? તે આપણે જાણી શકતા નથી. આથી એ આધારે બેસી ન રહેવાય. રોજ મુકિતની સાધનાની ભાવનાને, મુનિપણાની ભાવનાને, વેગ આપવાનો પ્રયત્ન કર્યા કરવો. એ ભાવનામાં અને એ પ્રયત્નમાં પણ કર્મોને નિર્જરવાની તાકાત છે. એ ભાવનાને વેગ આપવાનો પ્રયત્ન કરતે કરતે એક દહાડો ઠેકાણું પડી જાય, પણ કર્મોના નામે લમણે હાથ દઇને બેસી રહો તો વળે શું ? રોજ વિચાર કરવો, વારંવાર વિચાર કરવો કે 'આપણા બધા મુનિઓ મુનિપણાનું પાલન કરે છે અને હું કેમ મુનિપણાનું પાલન કરી શકું નહિ ?' એટલે ચરણ-કરણાનુયોગને પામવાને માટે તો, ખૂબજ પ્રયત્નશીલ બની જવું જોઇએ.

# પ્રાથમિક સાધના

સંસારની રંગભૂમિ પર માનવો અનેક તરેહની સાધના કરી રહ્યા હોય છે. પણ સૌથી પ્રથમ માનવે 'માનવતા' મેળવવા સારૂં માનવતાની સાધના કરવી જોઈએ. મનુષ્ય પોતે મનુષ્યના આકારમાત્રથી પૂજ્ય બની શકતો નથી. પરંતુ આકારની સાથે સાથે તેમાં મનુષ્યોચિત ગુણો વિકસાવવા જરૂરી ગણાય. નહિં તો આહાર, નિદ્રા, ભય અને મૈથુન ઇત્યાદિ ચેષ્ટાઓ પશુમાં પણ પ્રકૃતિસિદ્ધ દેખાય છે. પશુઓ પોતાના આંતરિક ભાવને કોઇપણ પ્રકારે છૂપાવવા પ્રયત્ન કરતા નથી. અંદર ક્રોધ હોય તો બહાર ક્રોધને પ્રકટ કરે છે, મનમાં વિષાદ હોય તો ચહેરા ઉપર જણાય છે, પરંતુ આ માનવ-જન્તુ તો એવો છે કે અંદર રાગની આગ ધકધકતી હોય ને બહારથી વિરક્ત બની જાય છે. મન શોકસાગરમાં બૂડેલું હોય ને બહાર હર્ષનો સ્વાંગ કરે છે, અંદરથી પાકો નાસ્તિક હોય ને બહારથી આસ્તિકતાનો દેખાવ કરી ધર્મોપદેશક બની બેસી જાય છે. વગેરે અપ્રાકૃતિક માયા-જાળમાં લપટાઇ આ માનવ, પશુથીયે અધમ જીવન વ્યતીત કરે છે.

પશુમાં કૃત્યાકૃત્યનું જ્ઞાન હોતું નથી. એ જ એમાં મુખ્ય દોષ ગણાય છે, આથી તેમાં અજ્ઞાનતા પ્રકૃતિ-સિદ્ધ હોય છે. પણ તેવું મનુષ્ય પરત્વે હોતું નથી.

આથી જ માનવે સૌથી પ્રથમ પાશવતાનો ત્યાગ કરી માનવતા કેળવવી જોઇએ. પ્રાચીન સમયમાં ગુરુકુલવાસ, ગુરુશુશ્રૂષા સદાચાર-નિષ્ઠા આદિ ઉત્તમોત્તમ પ્રથાઓનાં પ્રભાવથી જ માનવમાં માનવતાનો વિકાસ આપોઆપ થઈ જતો. તે સમયે મનુષ્યને માનવતાની સાધના કરવી એ કાંઇ દુષ્કર કાર્ય ન હતું.

જો મનુષ્યમાં મનુષ્યત્વ ન હોય તો તે માનવ દિવ્યગુણસંપન્ન દૈવી મનુષ્ય કેવી રીતે થઈ શકે ? અને દિવ્ય સાધનાઓ કેવી રીતે સાધી શકે ? આથી હે માનવ ! પહેલાં માનવતા કેળવી તદનુકૂળ આચરણ કર.

મનુષ્યમાં જો કોઇ પ્રકૃતિ-સિદ્ધ મહાન વસ્તુ હોય તો એક 'ધર્મ' જ છે. તે માટે કહેવામાં આવે છે કે "धर्मो हि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः" આથી સાચે જ માનવતાની સાધના એ મોક્ષ-મહેલમાં પહોંચવા માટેનું પ્રથમ સોપાન છે.

બાલમુનિરાજ શ્રી મૃગેન્દ્રમુનિ મહારાજ.

# શ્રી મૂછાળા મહાવીરસ્વામીનું તીર્થ.

વૈદ્યરાજ કાંતિલાલ દેવચંદ શાહ. ઝીંઝુવાડા.

અડતાલીશ હજાર ચોરસ ફુટનાં વિસ્તારમાં, ચૌદસો ચુમાલીશ સ્થંભ ઉપર નકશીદાર ચોવીસ રંગ મંડપ. ત્રણ મજલા, અને ચતુર્મુખી દેરાસરજીથી ત્રણે લોકને અજવાળતાં રાણકપુરની પંચતીર્થીમાં મૂછાળા મહાવીરતીર્થ આવેલું છે.

મારવાડના સ્થળોની મહાન યાત્રાનો લાભ લઈ વળતાં શ્રી. મૂછાળા મહાવીર દેવનાં ચમત્કારી બિંબનો દર્શન–પૂજનનો અનુપમ લ્હાવો લીધેલો. તે વખતે જોએલી, જાણેલી, અને મેળવેલી હકિકત ઉપરથી આ લેખ લખ્યો છે.

ઉંચા ઉંચા અરવલ્લીનાં ડુંગરાઓ, અને વનરાજીથી શોભી રહેલા કુદરતી પ્રદેશમાં જાણે કે દેવલોકમાંથી દેવવિમાનજ ઉતરી આવ્યું ન હોય આવું અલૌકિક, અનુપમ, અદ્ભૂત મંદિર જોતાં સ્હેજે કલ્પના થઈ જાય છે.

મૂછાળા મહાવીર નામ કેમ પડયું તેનો ઈતિહાસ નીચે પ્રમાણે છે. મેવાડના સૂર્યવંશી, શૌર્યશાળી, મહાપ્રતાપી મહારાણાઓની ખ્યાતિ, ભારતભૂમિમાં ઘરે ઘરે હૈયે હૈયે ગુંથાએલી છે.

એક વખત મેવાડના મહારાણા મારવાડના આ ગોડવાડ પ્રદેશમાં ફરતા ફરતા આવી ચઢ્યા. મુસાફરીના શ્રમથી શ્રમિત થએલા મહારાણાએ સ્નાન અને પૂજાની સામગ્રી તૈયાર કરવાનું હજુરિયાને સૂચન કર્યું.

સ્નાન કરવાથી શ્રમ–મુક્ત બનેલા મહારાણા અને હજુરીયા પૂજાના ઉત્તમ વસ્રો પરિધાન કરી મંદિરમાં આવ્યા.

કેસર, કસ્તુરી, બરાસ, આદિ ઉત્તમ દ્રવ્યોથી તૈયાર કરેલું ચંદન, અને સુગંધીદાર પુષ્પોથી મહેક મહેક થઇ રહેલો થાળ પૂજારીએ હાજર કર્યો, હજુરીયાની દૃષ્ટિ ચંદનની વાટકીમાં પડી. વાટકીમાં કાળો વાળ દેખ્યો. વિસ્મય પામ્યો.

પૂજારીને પૂછયું, શું ભગવાનને પણ દાઢી–મૂછ ઉગ્યાં છે? નહિતર આ કેસરની વાટકીમાં વાળ આવે કયાંથી!

પૂજારી સરલ હોવાથી ભોળા ભાવે બોલી ગયો કે, 'ભગવાન તો ચમત્કારી છે, દાઢી–મૂછ પણ ઉગે છે.'

આ વાત સાંભળી મહારાણા પણ અજાયબ થયા. પૂજારીને ઉદ્દેશીને બોલ્યા કે, 'અમને પણ ચમત્કાર દેખાડ,દાઢી–મૂછવાળા ભગવાનના દર્શન કરાવ.'

સરલ હૃદયનો પૂજારી બોલતાં બોલી ગયો. પણ હવે થાય શું? પણ અચળ શ્રદ્ધાથી પૂજારી તો પ્રભુ સન્મુખ લયલીન બની ગયો. એકાકાર બની ગયો, બે દિવસ બે રાત્રિ વીતી ગયાં, પૂજારીનાં હૃદયમાં 'તુંહિ તુંહિ તુંહિ તુંહિ' જાપ ચાલી રહ્યો છે. ત્રીજે દિવસ પણ પસાર થઇ ગયો. પૂજારી તો એક ધ્યાનથી બેઠો છે, ત્રીજી રાત્રિનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો છે, વાતાવરણ શાંત છે, ત્યાં એકદમ જળહળતી જ્યોતિ–તેજ પૂજારીનાં જોવામાં આવ્યું. પૂજારી વિસ્મિત થયો. અધિષ્ઠાયક દેવની વાણી સંભળાઇ.

'પૂજારી! ગભરાઇશ નહિં. તારા અઠ્ઠમ તપના પ્રભાવથી, એકાગ્ર ધ્યાનથી મજબુત મનોબળથી હું પ્રત્યક્ષ થયો છું. જો ભગવા-

નને દાઢી–મૂછ ઉગેલાં જ છે,' આવું દૃશ્ય જોઈ પૂજારીનાં હર્ષનો પાર રહ્યો નહિં. આંસુ વહેવા લાગ્યા, રોમે રોમ વિકસ્વર થયાં, વાત વાયુ વેગે વિસ્તરી.

સૂર્યોદય થતાં માનવમેદનીથી મંદિર ભરાવા લાગ્યું. સેંકડો આંખો મૂર્તિ સન્મુખ મંડાઇ ગઇ. મહારાણાના આવવાની આતુર નયને રાહ જોવાય છે, ત્યાં તો મહારાણા, હજુરીયા અને માનવવૃંદ સાથે પૂજારી આવી પહોંચ્યો.

મહારાણાની અધ્યક્ષતામાં સેંકડો મનુષ્યોએ ગર્ભદ્વાર ઉઘડતાની સાથે જ તેજથી જળહળી રહેલાં પ્રભુનાં બિંબને દાઢી–મૂછ ઉગેલાં જોયાં જોનારના મસ્તક આ અદ્દ્ભુત, ચમત્કારથી નમી પડયાં. 'મુખમાંથી સાચા દેવ, સાચા દેવ.' એમ સહુ બોલવા લાગ્યા. મહારાણાને પણ આ દૃશ્ય જોઈ ખૂબ શ્રદ્ધા થઇ.

ત્યાં હજુરીયો બોલ્યો. 'સાહેબ! આ પૂજારીની કરામત તો નહિં હોય ને? પાકી ખાત્રી કરવી જોઇએ.' આ સાંભળી પૂજારી તો લાલચોળ બની ગયો.

આ પ્રમાણે શંકાશીલ વાત થવાથી મહારાણાની આજ્ઞાથી ન્હાઇ, શુધ્ધ વસ્ત્રો પહેરી, હજુરીઆએ પાકી ખાત્રી કરવા પ્રભુની મૂર્તિ પાસે જઇ મૂછનો વાળ ખેંચ્યો. વાળ ખેંચ્યો એટલે થયો લાંબો, લંબાવતા લંબાવતા ઠેઠ મંદિરમાંથી બહાર નિકળવાના દ્વાર સુધી હજુરીયો આવ્યો. ત્યાં સુધી વાળ તો લંબાતો જ ગયો. જ્યાં બહાર પગ મૂકવા જાય છે, ત્યાં વાળ તુટયો. દૂધની સેડ ફુટી. જયજયકાર થયો. ઘંટાનાદ થયા. ચારે કોર આહ્‌લાદ, આહ્‌લાદ છવાઈ ગયો 'મુછાળા મહાવીરકી જય, મૂછાળા મહાવીરકી જય!' ઘોષણાથી મંદિર ગાજી ઉઠયું.

પણ આ પરીક્ષાથી પૂજારીનો ક્રોધ એકદમ વધી ગયો. મુખ લાલચોળ બન્યું. લોહી જોરથી ફરવા લાગ્યું. જ્ઞાનતંતુ ઉશ્કેરાવાથી શરીર ધ્રુજવા લાગ્યું. રોમે રોમ ક્રોધ વ્યાપી ગયો. તેણે હજુરીયાને શ્રાપ આપ્યો કે, 'આજથી તારા વંશમાં કોઇને દાઢીમૂછ ઉગશે નહિં.' હજુરીયો શ્રાપ સાંભળી કરગરવા લાગ્યો પણ જે બનવાનું હતું તે બની ગયું. આજે પણ આ હજુરીયાનું કુટુંબ નમૂછીયા તરીકે પ્રસિદ્ધ છે.

આ ચમત્કારની વાત જોત–જોતામાં હિંદભરમાં ફેલાઇ ગઇ. ગામોગામથી યાત્રાળુઓ મૂછાળા મહાવીરની યાત્રાએ આવવા લાગ્યા. મૂછાળા મહાવીર તરીકે તીર્થ ચારે કોર પ્રસિધ્ધિમાં આવ્યું. તીર્થનો મહિમા અધિષ્ઠાયક દેવના પ્રભાવથી વધતો ગયો. જૈનો જ નહિ પણ બધી જ્ઞાતિઓમાં મૂછાળા મહાવીરનો પ્રભાવ વ્યાપ્યો. મારવાડના ગોડવાડ પ્રદેશમાં આજે સેંકડો વર્ષો વીતી ગયાં છતાંયે દરેક કોમના લોકો શ્રદ્ધાથી મૂછાળા મહાવીરતીર્થને આજે પણ માને છે.

આવા ચમત્કારિક બિંબની યાત્રા–પૂજા જીંદગીમાં એક વાર તો અવશ્ય કરવી જોઇએ. મનુષ્યપિંડ એ કાચા ઘડામાં ભરેલ જળ જેવો ક્ષણિક છે, વણસતા વાર નથી લાગતી. તો સંસારદાવાનલનાં દાહને શાંત કરનાર, અજ્ઞાનને દૂર કરી સાચું જ્ઞાન આપનાર અગાધ જળમાં ડુબી રહેલા જીવને પાર ઉતારનાર, ભયંકર અટવીમાં ભૂલા પડેલા મુસાફરને સાચા રસ્તે ચડાવનાર, ચરમ તીર્થપતિ, છેલ્લા મહાન ઉપકારી મૂછાળા મહાવીરદેવનાં બિંબને ભેટવા એ જીવનની સફળતા છે.

# પૂર્વજન્મ અને પુનર્જન્મનો પ્રત્યક્ષ પુરાવો.

પૂ૰ મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ.

**પૂ**ર્વજન્મ અને પુનર્જન્મનો પુરાવો છે? એમ પૂછનારને જવાબ તા. ૨૮–૧૧–૫૧ના દિવસે પાટણમાં જન્મ પામેલ (૩ા વાગે) નરેશકુમાર બાબુલાલ ડાહ્યાલાલ આપે છે. (હવે પાંચ વરસનો થશે.) હમણાં તે નાની-વાણીયાવાડ, ચાણસ્મામાં રહે છે. (પાટણ પાસે.)

૧. બે–સવાબે વર્ષનો હતો ત્યારે કહેઃ– 'હું વીરમગામનો છું.'

૨. ત્રણ વર્ષનો થયો ત્યારે કહેતો કે, અમારી બંગડીઓની દુકાન હતી. દુકાનમાં સ્લેટપેન, રમકડાં, છત્તરીઓ વગેરે રાખતા. હું મારા પિતાજી સાથે મુંબઈ માલ ખરીદવા જતો. અમો એક વખત પાલીતાણા ગયા હતા. સિધ્ધગિરિના ડુંગર ઉપર ચડયા હતા. ત્યાં કેટલાએ ભગવાન હતા. અમારા ઘર જોડે ઉપાશ્રય હતો. એક **શ્રી નેમીનાથ** તથા એક **શ્રી શીતલનાથ** ભગવાનના બે દેરાસરજી હતા. તેમાં દરરોજ **દર્શન** કરવા જતા.

૩. ચાર વર્ષનો થયો. એટલે કહેતો હતો કે, 'હું વીરમગામનો હરગોવન પટેલ છું. મને બધા ભા કહેતા. મારી વહુ હીરા હતી. બે છોકરા, બે છોકરીઓ હતી. અમે ખેતી કરતા. ઘરે ગાડું, બળદ, હળ, ભેંસ તથા સફેદ ઘોડી હતી. તાંસળામાં દૂધ લેતા તથા છાબડીમાં રોટલા રાખતા. ભેંસ પણ દોહતા. દૂધમાંથી ઘી બનાવી વેચતા. કોઈ પ્રશ્ન કરે તો દોહવાની એકટીંગ કરતો તથા ઘી કેમ બનાવતા તે બધું બરોબર કહેતો. આ ઉપરથી જાતિસ્મરણ જ્ઞાન થયું છે, એમ લાગવાથી કેટલાકે વિરમગામ લઈ જઈ ખાત્રી કરવા સલાહ આપી. તે વખતે ચોમાસાના કારણે જઈ ન શકયા. વળી કહેઃ– 'અમારી પાડોશમાં મંજુલા નામની ૧૫ વર્ષની છોકરી હતી તે કઠેડા વગરના કુવે પાણી ભરવા ગઈ તેમાં પડી મરી ગઈ. હું બિમારીથી ખાટલાવશ હતો, બેઠો ન થઈ શકું તેવો રોગ થયો હતો.

૨૧–૧–૫૬ના ભોયણી યાત્રા કરી વીરમગામ બીજે દીવસે ગયા. નરેશે એ દીવસે કજીયો કર્યો હતો અને રસ્તામાં બકરીઓ સાથે રમવામાં પડી ગયો જેથી બતાવી ન શકયો. બીજે દીવસે ક્રાન્તિભાઈ નરેશને બધી હકીકત પૂછતા હતા. તે વખતે ઘણા સાંભળવા ભેગા થયા હતા. નરેશ તે વખતે ઉમંગમાં હોવાથી બોલી ઉઠયો, 'ચાલો મારૂં ઘર બતાવું'. પછી તે આગળ અને પાછળ અમે ચાલવા માંડયું. પછી પરકોટામાં ખોખરા મહોલ્લામાં વાદળી રંગની ખડકી વાળું એક ઘર બતાવ્યું. તપાસ કરતા કહેઃ– 'આ ઘર હરગોવન પટેલનું હતું.' તેમના મરણ બાદ તે વેચી નાખેલ. ખરીદનારે તેમાં બહુ ફેરફાર કરાવેલ છે. હરગોવન પટેલનો છોકરો મણીલાલ તથા હીરાડોશી મલ્યા. તેમને ઉપરની હકીકત કહેતા ૧૨–૧૪ આની હકીકત બરોબર છે. હરગોવન પટેલ સંબંધી વિશેષ હકીકત પૂછતાં તેમણે કીધું કેઃ– તેમને મરણ પામ્યે લગભગ ૨૧ વર્ષ થયા. ૬૫ વર્ષની ઉમરે લકવાની બીમારીથી ખાટલે પડયા હતા. છેલ્લા દીવસોમાં પોતે સાજા નહિ થાય એમ માનીને **અનશન** જેવું કરેલું. નાના છોકરાઓને પાસે આવવા દેતા નહી. તેઓ **બહુ ભોળા ધાર્મિક,** દૃઢ મનવાળા અને બહુ બળીઆ હતા. પછી અમે ઉપરીઆળા યાત્રા કરીને વળતા વીરમ-

ગામ આવ્યા, ત્યાં અમારી રાહ જોતા ઘણા સારા માણુસો બેઠા હતા. નરેશ બધાની વચમાં બેઠો. કાન્તિભાઇએ પુછતાં કહે કેઃ– 'અમે આઘેથી ગાડામાં પીપ મુકીને પાણી લાવતા હતા. અમારી ધોળી રેવાલદાર ઘોડી મારા સિવાય બીજા કોઇને બેસવા દેતી નહી. એક નાના છોકરાને પછાડયો હતો.' મણીલાલ તથા તેનો ભાઇ નાનજી અમદાવાદ રહે છે. એ નરેશે કહેલી વાત સાચી પડી. આમ હરગોવન પટેલના મરણુ અને નરેશના જન્મ વચ્ચે લગભગ ૧૬ વર્ષનો ગાળો છે. વચલા ભવનું પુછતાં ખબર નથી એમ કહે છે. પરંતુ કલમ નં. ૨ નો જવાબ એ ભવનું લાગે છે. પોતાનું તથા ગામનું નામ કહી શકતો નથી. એ વર્ણુન ઉપરથી કોઈ ભાઈને ખ્યાલ આવે અગર નરેશને યાદ આવી જાય તો ખુટતી કડી મલી જાય, નરેશની મોટો થાય ત્યારે દીક્ષા લેવાની અતિ ઉત્તમ ભાવના છે.

આ ઉપરની હકીકત ઉપરથી પૂર્વજન્મ અને પુનર્જન્મ છે. એ પ્રત્યક્ષ પુરાવાથી સિદ્ધ થાય છે. એ સંબંધી શાસ્ત્રમાં ઘણા દાખલા છે. પરંતુ આજના ભૌતિકવાદીઓ માનતા ન હતા, પુરાવો માંગતા હતા. તેમને આ બનાવથી સ્પષ્ટ સમજાશે કે શરીરની પાછળ ૨૪ કલાકની મહેનત ફોગટની છે. કારણ ભાડાનું ઘર છે. ટાઈમ થયે ખાલી કરવાનું છે. એના કરતાં જે અમર આત્મા છે, તેને લાભ થાય તેવા પ્રયત્ન કરવાની જરૂર છે. નહિ કે વિનાશના સાધન હાઈડ્રોઝન બોમ્બ વગેરેની!

❀

## 'ત્રણ ની ખુબી'

નવીનચંદ્ર મગનલાલ શાહ (મુદરા)

પ્રધાનોમાં ત્રણુ જ્ઞાન હોવાજ જોઈએઃ– નીતિશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર અને તર્કશાસ્ત્ર.
પ્રમાણિકતાથી ત્રણુ વસ્તુ પ્રાપ્ત થાય છેઃ– નચિંતાઇ, નિર્ભયતા અને સલામતી.
સુખેથી નિદ્રા કરનાર ત્રણુ જણા છેઃ– સત્યવાન, સંતોષી અને દાનેશ્વરી.
જગતમાં ધિક્કારવા યોગ્ય ત્રણુ છેઃ– ક્રૂરતા કૃતઘ્નતા અને મગરૂરી.
માનવીને જુસ્સો ચડાવનાર ત્રણુ છેઃ– હિંમત, વાજું અને વચનબાણ.
હંમેશા સંગ્રહ કરવા લાયક ત્રણુ છેઃ– સુમિત્રો, સંતોષ અને આરોગ્યતા.
તરત જ બિમારી લાવનાર ત્રણુ છેઃ– આળસ, અનિયમિતતા અને ગંદકી.

**કલ્યાણ માસિક, વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ.**

# શ્રી પાવાપુરીજી તીર્થમાં અંતિમ સમવસરણ

**શ્રી સુમંગલ.**

**ચરમ** તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનાં દીક્ષિત જીવનમાં રાજગૃહનગર અને પાવાપુરી ( અપાપાપુરી ) આ બન્ને સ્થાનોએ અતિ-મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રાજગૃહનગર, ભગવાનના ચૌદ ચોમાસાથી અને બીજી પણ અનેક ઘટનાઓથી મહત્ત્વભર્યું બન્યું છે; જ્યારે પાવાપુરીમાં ભગવાનનાં જીવનના મહત્ત્વના ચાર પ્રસંગો બન્યા છે. **સૌથી પ્રથમ પ્રસંગ બન્યો કાનમાંથી ખીલા કાઢવાનો:** જૈનસિદ્ધાંતમાં ગ્રંથકારો ઠેરઠેર ફરમાવે છે કે, ' મધ્યમ અપાપા ( હાલનું પાવાપુરી )માં ભગવાનને કાનમાંથી ખીલા કાઢવાનો ઉપસર્ગ થયો. રાસકારો પણ અનેક સ્થળે લખી ગયા છે કે, પાવાપુરીમાં ખીલા કાઢવામાં આવ્યા. આ રીતે ભગવાનના જીવનના મહત્ત્વના, પરંતુ ભક્તિ કરવા માટે કરાયેલા અંતિમ ઉપસર્ગથી આ સ્થાન પ્રખ્યાત બન્યું.'

**બીજો પ્રસંગ બન્યો તીર્થસ્થાપનાનો.** જ્યારે શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્માને ઋજુવાલુકા નદીને તીરે, લોકાલોકને પ્રકાશિત કરનાર, અપ્રતિમ દીપક સમું કેવળજ્ઞાન પ્રગટ થયું; ત્યારે તે તારક ભગવંતે, તે સ્થાને દેવતાઓએ કરેલા સમવસરણમાં, પોતાના કલ્પ મુજબ પ્રથમ દેશના આપી. પરંતુ ભરતક્ષેત્રના જીવોના અધમ ભાગ્યને સૂચવતી એવી તે દેશના નિષ્ફળ થઈ. અને ભગવંતે રાતોરાત ત્યાંથી વિહાર કર્યો અને વિહાર કરી બાર યોજન દૂર આવેલ અપાપાપુરી ( પાવાપુરી )ના મહસેન વનમાં, એ તારક તીર્થપતિ પધાર્યા. ત્યાં દેવોએ સમવસરણ રચ્યું, ઇન્દ્રભૂતિ આદિ ૧૧ બ્રાહ્મણોનું ત્યાં આવાગમન થયું અને પોત–પોતાની શંકાનું નિવારણ કરી, તેઓ પોત–પોતાના પરિવાર સહિત દીક્ષિત બન્યા અને ભગવંતે ગણધરો તેમજ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ચતુર્વિધ સંઘની સ્થાપનાથી આ સ્થાન બીજીવાર પ્રખ્યાત બન્યું.

**ત્રીજો પ્રસંગ પણ આ ભૂમિ પર જ બન્યો:** દીક્ષિત બન્યા બાદ ૪૨ વર્ષ અને કેવલ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ પૂરા ૩૦ વર્ષ પર્યંત આ ભારતના ભૂતલ પર ભગવંત વિચર્યા અને અનેક જીવોને મોક્ષમાર્ગના માલિક બનાવ્યા. જ્યારે તેઓશ્રીને, આ જીવન પૂર્ણ કરવાનો અને ૪ ભવોપગ્રહી કર્મ ખપાવી, મોક્ષપુરીમાં જવાનો સમય આવી લાગ્યો. ત્યારે ભગવંતની અંતિમ દેશના સંભળાવવાનો તેમ જ અંતિમ સમવસરણથી પાવન થવાનો લાભ આ જ ભાગ્યવંતી ભૂમિને મળ્યો, પૂરા સોળ પ્રહર પર્યંત, પતિતપાવન એ પરમાત્માએ જગતના જીવોની અપ્રતિમ કરૂણાથી, આ ભૂમિપર દેશનાના જાણે કે મેઘો ઢલાવ્યા અને કંઇક હૈયાં સંસારથી વિમુખ બન્યા. અંતિમ દેશના સમાપ્ત થઇ. અને ભગવાનનું સમવસરણ આ ભૂતળ પર હવે નહિં મંડાવવાનું જાણે કે નિર્માણ થઈ ગયું. આ રીતે ત્રીજા આ મહત્ત્વના પ્રસંગથી આ નગરી પ્રખ્યાત બની.

**ચોથો પ્રસંગ બન્યો એજ પાવનકારી પ્રભુનાં નિર્વાણનો.** ભારતના જીવોના ભાગ્ય પલટાયાં. નિષ્પ્રતિમ કરૂણાશાલી ભગવાન શ્રી મહાવીર પરમાત્માના સદાકાળ માટેના વિરહનો સમય આવી લાગ્યો. અને એ તારક પરમાત્માનો ઉપદેશ, હજી તો હવામાં ગૂંજી રહ્યો હતો ત્યાં તો અચાનક વજ્રઘાત જેવા ભીષણ સમાચાર દશે દિશાઓમાં ફેલાઇ ચૂક્યા કે " આપણો એ વ્હાલો નાથ આપણને રોતા અને નિરાધાર મૂકીને પોતાનું કાર્ય સાધી ગયો: શાશ્વત સુખને પામી ગયો; જન્મ જરા અને મરણના બંધન સદા માટે તેણે તોડી નાખ્યાં. આ સંસારનું દુ:ખદ ભ્રમણ તેને માટે હંમેશાનું બંધ પડ્યું. પરમસુખનો ભોક્તા બન્યો" અને આ સમાચાર દેવલોક અને અસુર લોકમાં પણ ફેલાઈ ચૂક્યા. સૌને ખૂબજ દુ:ખ થયું. દુ:ખિત દિલે તેઓએ અત્યાર સુધી જે નગરીને **અપાપા** તરીકે પોકારી હતી તેને **પાપા** નામથી સંબોધી અને આ નગરીનું નામ પાપાપુરી પડ્યું. કાલક્રમે પાપાપુરીનું પાવાપુરી નામ થયું, આ રીતે ચોથો દુ:ખદ અને અવિસ્મરણીય પ્રસંગ પણ આ ધરતી પર જ બન્યો. આ ધરતી ચોથીવાર (દુ:ખદ સંસ્મરણથી) પ્રખ્યાત બની. આપણા આસન્ન ઉપકારી, મહાવીરપ્રભુના જ ચાર ચાર પ્રસંગ જે ભૂમિપર બન્યા

તે ધરતી આપણા માટે કેટલી બધી મહત્ત્વભરી છે. તે વાત આથી ખ્યાલમાં આવે છે.

આપણા દિલના દેવ મહાવીર પ્રભુએ જ્યાં સંસારનો અંતિમક્ષણ પસાર કર્યો, તે સ્થાને આજે વિશાળ જિનમંદિર, ભૂતકાળની ગૌરવગાથાઓ ગાતું, અને અનેક ભવ્યાત્માઓને પોતાની નજીક બોલાવતું શોભી રહ્યું છે.

જે સ્થાને ભગવંતનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો, તે સ્થાને ભગવંતના વડીલબંધુ નંદિવર્ધન રાજવીએ બંધાવેલું અને અનેક ચડતી પડતી જોઇ ચૂકેલું, સુશોભિત જલમંદિર અનેક જીવોને નિર્જરા કરાવતું, અને નવનવી ભાવનાઓના ધોધ વહાવતું, પૃથ્વીને પાવન કરી રહ્યું છે.

ત્યારે ભગવંતની અંતિમ દેશના ભૂમિ, અંતિમ સમવસરણ ભૂમિ પર કશું જ સ્થાપત્ય બચવા પામ્યું નથી. કાલની અનેક થપ્પડોમાં, તે સ્થાન પર કોઇ સ્થાપત્ય સર્જાયું હશે તે સંભવિત છે, તે પણ નાશ પામ્યું છે અને તે સ્થાને કેવળ ૧ સ્તૂપના આકારનો થાંભલો, ખુલ્લા આકાશ નીચે, ટાઢ અને તડકા સહતો, વરસાદમાં ભીંજાતો, અને પોતાની પૂર્વની સ્મૃતિઓને સંભાળતો આજે "આ દેશનાભૂમિ હતી" એવી આછી આછી એંધાણી આપતો ઉભો છે અને આપણા હૈયાઓને કાળનું કુરપણું સમજાવે છે.

જે સ્થાને આ સ્તંભ ખડો છે, તે સ્થાને જો કશો જ નવો ઉદ્ધાર કરવામાં ન આવે અને કેવળ તેના પર ઉપેક્ષાબુદ્ધિથી જ જોવામાં આવે, તો કદાચ ૫૦ વર્ષ બાદ "આ દેશનાભૂમિ હતી" એટલું કહેનાર આ પ્રતિકનો પણ આપણે, આપણી સગી આંખોએ વિનાશ નીરખવો પડે અને એ વિનાશના હિસ્સામાં આપણે પણ ભાગીદાર બનીયે.

આવું બનવા ન પામે અને ભાવિકાલને માટે એક પવિત્ર તથા મહત્ત્વનું ઉપકારક સ્થાન ચિરંજીવ રહે, એ ઉત્તમ હેતુથી તે પરમતારકનાં મંગલકારી સમવસરણસ્થાનનો ઉદ્ધાર થાય તે માટે પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીનો સુંદર સદુપદેશ પ્રાપ્ત થતાં વિ. સં૦ ૨૦૧૦ની સાલમાં આ પાવનકારી પુણ્ય સ્થાનનો ઉદ્ધાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો, અને તે માટે એક કમિટિ નીમવામાં આવેલ છે. જેમાં કલકત્તા, મુંબઇ, અજીમગંજ આદિ સ્થાનોના ભાવુક ગૃહસ્થો છે, આ રીતે, આ જીર્ણોદ્ધાર કરવાનું ઉત્થાન થયું, અને આજે તો એ કાર્ય ઝપાટાબંધ સાકાર બનતું જાય છે ત્રણ ગઢ, તે પર આરસનું વિશાલ અશોકવૃક્ષ, પગથીયાં, સમવસરણ ફરતી બાઉન્ડરી, વગેરે તો તૈયાર થઇ ચૂક્યાં છે ૩૫ ઇંચના ૪ પ્રતિમાજી કે જે સફેદ દૂધ જેવા, ખાસ વિધિપૂર્વક તૈયાર કરવામાં આવ્યાં છે, તે પણ ત્યાં ગામના દેરાસરમાં કામચલાઉ રાખવામાં આવ્યા છે, અને લગભગ બધું કાર્ય માગસર માસમાં પૂર્ણ થાય તેમ કરવા, કમીટિના ગૃહસ્થો ઇચ્છા સેવે છે.

જ્યારે આ સમવસરણ તૈયાર થઈ જશે અને ૩૫ ઇંચના પ્રતિમાજી તે પર પ્રતિષ્ઠિત થશે, ત્યારે આ સમવસરણની રોનક જોનારને ભગવાન મહાવીર પરમાત્માના અંતિમ સમવસરણની કંઇક આછી આછી છતાં સુમધુર યાદી આપશે, અને જ્યારે નાલંદાનું બૌદ્ધતીર્થ જોવા માટે પરદેશીયો આ ભૂમિપર આવે છે ત્યારે, ઘણા પરદેશીયો મહાવીર પરમાત્માની ભૂમિ પાવાપુરી જોવા માટે પણ આવે છે, જ્યારે આ સમવસરણ, તેની રચના, તેની શાસ્ત્રીય બાંધણી, શાસ્ત્રીય વ્યવસ્થા વગેરે તેઓ જોશે અને સાંભળશે ત્યારે જૈનેતર એવા પણ તે પરદેશીયોનાં માથાં અવશ્ય ઝૂકી પડશે.

ચારે તરફ કુદરતી સૌંદર્યની વચમાં, વસતિથી એકાંત, અને દુનિયાના કોલાહલોથી દૂર રહેલું આ સમવસરણ, અનેક ભવ્યાત્માઓને આધિ-વ્યાધિના ત્રાસથી મુક્ત બનાવશે.

જડવાદના ઝેરી અને વિષમ પવનો જ્યારે ચોતરફથી આત્માને દઝાડી રહ્યા છે, ત્યારે પરમશીતલતા આપતા અને અનેક કર્મોની નિર્જરા કરવામાં સહાયભૂત એવા આવાં સ્થાપત્યો, આજે આપણાં પરમ ભાગ્યથી જ બની રહ્યાં છે. પૂર્વના મહાપુરૂષોના બનાવેલા ધર્મસ્થાનોને સાચવવા, સંભાળવા એ જેમ આપણી ફરજ છે, તેમ તે સ્થાનો જીર્ણ બને તો તેની નવેસરથી બાંધણી કરવી એ પણ આપણી

ફરજ છે.

જેમ આપણા પૂર્વજો આપણા માટે તીર્થો, મંદિરો અને ધર્મસ્થાનો મૂકી ગયાં, તેમ આપણા કલ્યાણપૂર્વકના ભવિષ્યની પ્રજાના કલ્યાણ માટે આપણે પણ આવાં સ્થાપત્યો મૂકવાં જ જોઇએ અને શક્ય-તેટલી મદદ તેમાં કરી, તે સ્થાનોનાં નિર્માણમાં આપણે હિસ્સો સમર્પી, આપણા આત્માને ઉર્ધ્વગામી બનાવવો જોઈએ.

પાવાપુરીનું આ સમવસરણ, વર્તમાન કાલનું અદ્વિતીય અને પ્રથમ એવું આ સમવસરણ, જ્યારે બની રહ્યું છે ત્યારે આપણી ફરજ શું ? એ આપણે વિચારવાનો સમય આવી લાગ્યો છે.

આપણે શાંતિથી અંતરમાં ઉંડા ઉતરી આ વાત વિચારીયે અને પરમનિર્જરાના કારણભૂત એવા આ સ્થાપત્યના ભવ્ય નિર્માણમાં, આપણી શક્તિ અનુસાર મદદ કરી, આપણા સંસારને ટુંકો બનાવીયે અને અનેક ભવ્યાત્માઓના સંસારને ટુંકો બનાવવામાં તેમજ અનેક જીવોને બોધિબીજ પમાડવામાં નિમિત્ત બનીયે.

❀

# જૈનશાસન જયવંતુ છે.

જૈનશાસન વિજયવંતુ-જયવંતુ છે. એ મલ્યું, વિજયવંતા બનો તો ફલ્યું ગણાય. પાપ કમી કરો. કોઈ ગાળો દે ત્યાં સમતા રાખો, મીઠાશ ધારણ કરો, સંતોષથી રોષને ઓછો કરો, માયાનો મોહ ઓછો કરો. માયામાં મજા નથી, સજા છે; મજા, માયા-દ્રવ્ય છોડવામાં છે. કોઇ પર રોષ થઇ ગયો, તે દૂર કરો. સામો ગુણી હોય તો ચરણમાં જઇ, પગે લાગી માફી માગો.

રોષને જીતી વિજય મેળવો. દુષ્ટ વાસના એ દૂષણ છે. સુવાસના એ ભૂષણ છે. કુપ્રવૃત્તિ દૂષણ છે. સત્પ્રવૃત્તિ ભૂષણ છે. દૂષણને દૂર કરો, ભૂષણ ધારણ કરી અલંકૃત બનો, વિજયને વરો. ત્યાગ-વૈરાગ્યમાં આગળ વધો અને સંપૂર્ણ વિજય વરો. યાદ કરો !

જૈનશાસન જયવંતુ-વિજયવંતુ છે, વિજયવંત બનાવનારૂં છે, તે મલ્યું, વિજયવંત બનો. યાદ રાખો, આ શાસન-દર્શન વિના બીજે કયાંઇ વિજય મળે તેવા માર્ગો નથી, તેવી ચાવીઓ નથી. આ શાસન-દર્શનમાં ધ્યેય, બંધારણ, પરિણામ આદિ તમામ વિજયમય છે. માટે જ જૈનશાસન જયવંતુ-વિજયવંતુ છે.

**પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ-ખંભાત.**

✤

અંગ્રેજ લેખક થેકરે પાસે એક ડોશીએ એક પેનીની ભીખ માંગતાં થેકરે પોતાનો હાથ ગજવામાં નાંખ્યો. એટલે ડોશીએ કહ્યું: 'પ્રભુના આશીર્વાદ તારી તારી પાછળ પગલાં પાડો.' પણ ગજવામાંથી થેકરે પેની નહિ પણ છીંકણીની ડબ્બી બહાર કાઢી. ડોશીએ વાકય આગળ લંબાવ્યું-'પણ એ આશીર્વાદ તને કદી સ્પર્શી શકે નહિ.'

# જીવો જીવસ્ય જીવનમ્ ।

શ્રી વજ્રપાણિ.

માનવ જીવન એક જ માત્ર અનંતકાળની અવળી ચાલને બ્રેક મારવા સમર્થ છે. પૂર્વજીવનોના કુસંસ્કારોના વિષવૃક્ષને જડમૂળથી નષ્ટ કરવા સર્વથા કાબેલ છે. જગતની અંધાધૂંધીમાં જકડાયેલા આત્માને એ કાળી સજામાંથી મુક્ત કરનારૂં એક જ માત્ર માનવજીવન છે. અનંતકર્મોથી ખરડાયેલા આત્માને પશ્ચાત્તાપના નિર્મળ નીરમાં ઝબોળી–ઝબોળીને નિર્મળ કરનારૂં માનવ જીવન સિવાય બીજું કોણ હોઈ શકે?

આ માનવજીવન જ ' જીવો જીવસ્ય જીવનમ્ 'નો મંત્ર આંતરપટમાં સોંસરો ઉતારી શકે છે. જગતના જીવો અજ્ઞાનદશામાં રાચીને આ જાદુઈ મંત્રને સમજવા અસમર્થ છે, એમની પ્રજ્ઞા કસોટી સાથે આ મંત્ર–સુવર્ણનો સંયોગ થતો નથી. એક જ માત્ર માનવ આને સ્પર્શી શકે છે અને એના સ્પર્શદ્વારા દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. અનેક ઉદાહરણો દૃષ્ટિ પાસેથી પસાર થઈ જાય છે. ' જીવો જીવસ્ય જીવનમ્ 'નું રહસ્ય અનેક મહર્ષિઓએ પ્રાપ્ત કર્યું–અને પરમ કલ્યાણને સાધ્યું.

જુઓ નેમનાથસ્વામીના બાંધવ રહનેમિનું અને તેમના ભાભી રાજીમતીનું જીવન–એમના જીવનમાં આ મંત્ર જ અગત્યનો પાઠ ભજવે છે. વાસનાના વાયરાઓને આ મંત્ર જ શાંત કરે છે, વિકારોની આગોને બુઝાવે છે, રીસાઈને ચાલી ગયેલી માનવતાને મનાવી પાછી લાવે છે. વિશ્વની અનંત મુસાફરીના નિર્માણ માટેની ઇમારતને એ જ તોડી પાડે છે.

અંધારી હતી એ ગુફા. વિશ્વના કૃત્રિમ અજવાળા રહનેમિના અંતરને ન ગમ્યા. ચાલ્યા એ ગુફામાં. ધ્યાનસ્થ બની ગુફાના અંધકારમાં એ લીન બની ગયા. જગત જ્યારે માખણશી મૃદુ શય્યામાં પોઢયું હતું ત્યારે આ મહાત્મા ગુફાની અંધારી અને કર્કશ ગોદમાં સુકુમાર કાયાને લઇ પોઢી ગયા હતા. જગતનો અંધકાર વિષયોના અંધકારથી વધુ ગાઢો બનતો હતો. ત્યારે આ કોઇ મસ્ત મહાત્મા ગુફાના અંધકારમાં પણ આંતર પ્રકાશના પાતાળકુવાને ફોડવા ધ્યાનની સુરંગો ફોડી રહ્યા હતા. હા, અંધારી હતી એ ગુફા. પણ સહુ કરતાં એ વધુ ભાગ્યવતી હતી. એને આજ કોઈ અલબેલો નાથ મળ્યો હતો.

પણ હા ! આ શું થયું ! વિધાતાને આંતરના અજવાળા સાલ્યા શું ? મદાંધ મોહને એના વર્ચસ્વમાં ન્યૂનતા દેખાઈ શું ? આ યોગીરાજની તીવ્ર વેગે વધતી જતી ધ્યાન–ધારાની સામે શું કર્મસત્તાનો પ્રકોપ થયો ! કાંઇ સમજાતું નથી. પણ કોઈ આવ્યું. એ હતા રાજીમતીજી. નેમનાથજી જેમના નાથ હતા. એ રાજીમતીજી જીવરક્ષાને માટે વરસતી વર્ષાથી આર્દ્ર થયેલા વસ્ત્રોને સૂકવવા આવ્યા હતા. એ આ અંધારી ગુફામાં ઉતારી નાખ્યા. વસ્ત્રો એક પછી એક ખૂબ યતનાપૂર્વક સુકવ્યાં. અને અચેલક અવસ્થામાં ઉભા. અહા ! કેવો કાળ ? કાળમાં જીવોની એકાંત રક્ષા કાજે રાજીમતીજી એકાગ્ર બની ગયા હતા તેજ કાળમાં' આત્મગુણોની કત્લેઆમ કરનારા વાસનાના વાયરાઓને છૂટા મૂકવા આ વાયુદેવ રહનેમિજી કટીબધ્ધ બન્યા હતા–એક ક્ષણ પસાર થઇ અને મધુર છતાં આત્મપ્રદેશો ઉપર કાજળશી કાલીમાને વરસાવતા શબ્દો મેલા મુખમાંથી

ખરી પડયા.

સંયમીના મુખ-પંકજમાંથી શબ્દ-પરાગની છાંટ ઊડે અને સહુની આંખને-સહુના આત્માને ઠારે પણ આ શું? આ શબ્દોમાં દુર્ગંધ કેમ? મલીનતા શાને? સમજાયું! એમાં વાસનાની છોળો ઊડી રહી છે. વિકારોથી એ મુખ જ નહિ સમસ્ત આત્મપ્રદેશો મલીન બની રહ્યા છે. દૈહિક સુખને આલિંગવા આ વિનશ્વર દેહ તલસી રહ્યો છે. આત્મિક આનંદના પ્યાલાના પાન કરી કરીને ચેતનજી હવે ધરાઇ રહ્યા જણાય છે. આંતર-દીપકની ઝળહળતી જ્યોત હવે છેલ્લા શ્વાસ જોસભેર લઇ રહી છે. હા! સંયમીનો આત્મા અને આંતર-જ્યોતના અંતિમ શ્વાસ! વિરાગીનો દેહ અને રાગદશામાં તરબોળ બનતો! હાય વાસના!

બુઝાઇ ગયો-ઓલવાયો એ દીપક અંતે! આત્માનંદની સફરે નીકળેલા રહનેમિ અધવચ્ચે જ થાક્યાં. રાજીમતીજી પાસે વિષયોની માગણી કરી. વિકૃતિએ આત્મપ્રદેશો પર ઠેરઠેર નાચગાનો આરંભ્યા. વિલાસી જીવનના સોણુલાઓએ મન-પ્રદેશોની જપ્તી લીધી. વિકારોની આગોએ આંતરભૂમિને ચીનગારી ચાંપી. એક પછી એક ગુણસ્થાનકો ધારાશાયી બનતા ગયા. ભાવનાના અપ્રતિબધ્ધ વેગો પણ શિથિલ બન્યા. ખરે-ખર! બુઝાયો એ આંતરદીપક. અંધારી ગુફા વધુ અંધારી બની.

પણ હજી એક દીપજ્યોત ઝળહળતી હતી. એની ગતિ અસ્ખલિત હતી. એની પ્રભા નિર્મલ હતી. એની પ્રતિભા ગુફાના ગાઢ અંધકારને પણ ઉલેચી રહી હતી. અરે! એની તેજોદૃષ્ટિ આત્માના અનંત અંધારાને ઉલેચી રહી હતી. આજે તો એણે કમાલ કરી. એના અપૂર્વ તેજોબલથી એ કોઇ પતિતના અંધા-રપટોને પણ ભેદી નાંખવા જાણે ઉછળી રહી હતી.

મહાત્માનો આંતર દીપ બુઝાયો હતો. વાસનાના વેગીલા સૂસવાટભર્યા વાયુએ એને બૂઝાવ્યો હતો. શું હવે એ બૂઝેલો દીપ નહિ પ્રગટે! શું આત્મપ્રદેશના તિમિરમાં અનંતતા પ્રગટશે! શું દીવ્યદૃષ્ટિ સદાને માટે મીંચાઇ જશે! ના, ના, હજુ માનવ-કોડીયું હતું, વીતરાગ વાણીનું તેલ હતું. પ્રજ્ઞાની વાટ હતી. ન હતો માત્ર પ્રકાશ તેમાં વીતરાગદશાનો, ન હતા માત્ર પ્રાણ એમાં પરમપદપ્રાપ્તિના, ન હતી માત્ર સુવાસ ત્યાં ચિદાનંદની. દીપકે પ્રગ-ટવા બીજા દીપની સહાય લેવી જ રહી. અન્ય જ્યોતની ઓથમાં પોતાની જ્યોત જગમગાવવી રહી! આ રહનેમિજીની બધી બાજી હજુ હાથમાં હતી. એના કર્મે આયુષ્યનો બંધ નહોતો કીધો. શી તાકાત હતી એ કર્મોની આ ચરમશરીરી સામે! એનું ભાગ્ય આંતર-દીપ પ્રગટાવવા રાજીમતીજીને જ કેમ જાણે ખેંચી લાવ્યું હતું. મોહનાં ઝનૂની હુમલાથી પછડાઈ ગયેલા-ક્ષણભર બેભાન બનેલાં આ વીર-રહનેમિ ઊભા થયા. બુઝાયેલ વાટ રાજી-મતીજીના સતીત્વ-દીપ પાસે ધરી. પ્રગટી ગયો એ દીપક. અસ્ત પામેલો પ્રતાપ-પ્રદ્યોતન ફરી ડોકીયાં કરવા લાગ્યો. વિરાગની નોબતોએ પ્રભા-તના આગમન જણાવ્યાં. આત્માનો અંધકારપટ ખેંચાઇ ગયો. દીવ્ય પ્રકાશના દર્શન સુલભ બન્યાં. ગુફાના અંધકારમાં અનંત પ્રકાશનાં કિરણો ફૂટી નીકળ્યાં. હા! શો ચમત્કાર! દીપકે દીપકને પ્રકટાવ્યો.

જીવો જીવસ્ય જીવનમ્ એ આ જ કે બીજું કાંઈ!!!

આ મંત્રવાકયની સાર્થકતા આ દૃષ્ટાંત-માંથી શું સરી નથી પડતી?

# ધર્માદા ટ્રસ્ટ અને તેનો હેતુ

શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ.

હમણાં જાણવામાં આવ્યું છે કે, મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટના આધારે રચાએલા ખાતાના મુખ્ય અમલદાર–ચેરીટી કમીશ્નર તરફથી એવી જાતની પ્રેરણાત્મક સૂચના જૈનશાસનની ધાર્મિક મિલ્કતોના વહીવટ કરનારાઓને થઇ રહી છે કે–જ્ઞાનખાતાની રકમોનો કેળવણીખાતે ઉપયોગ કરવો.

કમીશ્નર આ જાતની સૂચના શા આધારે કરે છે? જ્ઞાનખાતું એ તો ધાર્મિક ( Religion ) ખાતું છે. જ્યારે કેળવણીખાતાની રકમો તે ચેરીટેબલ વિભાગમાં ગણાય. સુપ્રીમકોર્ટે ધાર્મિક ( Religion ) ખાતાની રકમો–શાસ્ત્ર અને પરંપરાના રીતરિવાજ પ્રમાણે, જે વપરાતી હોય તે પ્રમાણે વાપરવાની અને તેને અન્ય ભળત માર્ગે વાપરવાની રાજ્યને કશી સત્તા ન હોવાનો ચુકાદો આપ્યા છતાં, આવી વાતો શા માટે કરવામાં આવે છે?

કમીશ્નરે દરેકધર્મના દ્રવ્યોનાં ઉપયોગ વિષે અભ્યાસ કરી જરૂરી અનુભવ મેળવી લેવો જોઇએ. જેથી તેમને વારે ને તહેવારે, તે તે પ્રકારના દ્રવ્યના ઉપયોગ અંગે શાસ્ત્રના પૂરાવા માગવાની આવશ્યકતા ન રહે. અને જેને એટલું પણ જ્ઞાન ન હોય કે જે જાણકાર ન હોય, તેણે ધાર્મિક ક્ષેત્રના કમીશ્નર બનવું ન જોઇએ–બનાવવા ન જોઇએ.

પબ્લીક ટ્રસ્ટ એક્ટનો અર્થ તો એટલો જ સમજવામાં આવ્યો છે કે, વહીવટદારો ગોલમાલ ન કરે, માટે આ કાયદો કરવામાં આવ્યો છે. તો કમીશ્નરે એટલી જ પોતાની મર્યાદા સાચવીને–વહીવટોનું વ્યવસ્થિતપણું સંભાળીને સંતોષ પકડવો જોઇએ.

પરંતુ ખરી વાત એ છે કે, આ કાયદો ધાર્મિક વહીવટોની માત્ર વ્યવસ્થા માટે નથી. પરંતુ તેની ઓથમાં કબજો મેળવ્યા પછી ધાર્મિક ( Religious ) રકમોને ધર્માદા ( Cheritable ) માં ખેંચી જવાની નેમથી જ કરવામાં આવ્યો છે. તે વાત આપણે આપણા દેશનેતાઓના અને બીજા કેટલાક રાજકીય આગેવાનોના ધાર્મિક દ્રવ્યોનો બીજા દુન્યવી કામોમાં ઉપયોગ કરાવવા વિષે અને ધર્મ અને ધર્મના અંગો તરફ ફેલાવનારા ભાષણો તથા ભારત સાધુ સમાજ જેવી સંસ્થા રાજ્ય ઉભી કરે છે તેમજ તેના ઉદ્દેશો વાંચતાં જે હેતુ તરી આવે છે. તે બધું જોતાં પબ્લીક ટ્રસ્ટ એક્ટના નિયમન પાછળનો વર્તમાન ભારત સરકારનો ઇરાદો શો છે તે હવે કંઇક વધારે અંશે સ્પષ્ટ થતું જાય છે!

જૈનશાસનની શાસ્ત્રમર્યાદા મુજબ સાત ક્ષેત્ર અને બાર ધર્મક્ષેત્ર અને તેને લગતા નાના–મોટા બીજા ખાતાઓની રકમો ધાર્મિક ( Religious ) વર્ગની મિલ્કતો છે તે ધર્માદા ( Cheritable ) સ્વરૂપની નથી હોતી તેથી તે ધર્માદામાં જઇ જ ન શકે, હા, ધાર્મિક ક્ષેત્રને જરૂર પડે તો, ધર્માદા રકમો તેમાં લઇ જઇ શકાય, પરંતુ ધાર્મિક રકમ કોઇ કાળે ધર્માદામાં ન જઇ શકે.

જ્યારે રાજ્યોનો ઇરાદો ધર્માદા મિલ્કતો, ધાર્મિક ખાતામાં જવા ન જ દેવી, પરંતુ ધાર્મિક મિલ્કતો ( Religious Properties ) ધર્માદામાં ( Cheritable ) ખેંચી જવાનો છે, ધાર્મિકમાં પણ જૈનશાસનની શાસ્ત્રમર્યાદા પ્રમાણે નીચેના ક્ષેત્રોની મિલ્કત ઉપરના ક્ષેત્રમાં જઇ શકતી નથી. છતાં આ જાતની પ્રેરણાત્મક સૂચનાથી એ સ્પષ્ટ થાય છે કે, રાજ્યોનો ધાર્મિક વહીવટ બરાબર ચલાવવાનો હેતુ તો નામનો જ છે, મુખ્ય હેતુ તો પ્રથમ કબજો મેળવીને પછી, તે મિલ્કતો પોતે કલ્પેલા આદર્શો તરફ ઘસડી જવાનો છે.

વિશેષમાં એ પણ સાંભળવામાં આવ્યું છે કે દહેરાસરો વગેરેના વહીવટદારોને પ્રથમ દેવદ્રવ્યના નાણા જેને રાજ્ય લોકોપયોગી માને છે, તેવા ચેરીટેબલ કામોમાં લઇ જવા પ્રથમ સમજાવવામાં આવે છે. 'તમારા ધર્મનું શિક્ષણ આપો, તમારા જાતભાઇઓને માટે દવાખાનાં ઉઘાડો.' એમ કહેવામાં આવે છે, તેમ છતાં અસર ન પડે તો એ વાતને છોડી દેવામાં આવે છે; કેમકે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આડે આવતો હોય છે. તેમ છતાં પોતાનો હેતુ બર લાવ-

વાના પ્રયાસો તો થાય જ છે અને તેમાં કોઇ વહીવટદાર સહેજ નબળા મનનો કે ડરપોક હોય ને ધાર્મિક મિલ્કતો બીજા ક્ષેત્રમાં જાય તો વાંધો શો? એવા આજના ઉડતા વિચારોમાં આવી જાય અને સહમત થઈ જાય તો દશા શી થાય? તેમ જ રાજ્યના ઉક્ત લક્ષ્યના સમર્થકો ધીમે ધીમે વધતા જાય અને જૈનસિદ્ધાન્તને અનુસરનારા ઘટતા જાય

આડકતરી ગોઠવણો પણ અંદરખાને ચાલુ જ રહે છે કે જેથી ભવિષ્યમાં રાજ્ય ધાર્મિક મિલ્કતોનો ધાર્યા મુજબ ઉપયોગ કરી શકે.

રાજ્ય, 'ધાર્મિક વહીવટદારો ઉપર, દેવ-ગુરુ-ધર્મ-સંઘ-શાસન ને શાસ્ત્રો છે' એમ ગર્ભિત રીતે માનતું જ નથી, તે ઊંડે ઊંડે એમ જ માને છે કે, 'લોકોએ પબ્લીક માટે નાણાં આપ્યાં છે તેના ઉપર પબ્લીક સંસ્થા તરીકે રાજ્યનો અધિકાર થઇ ચૂકયો હોય છે. અને વહીવટ કરનારાઓને ટ્રસ્ટી માનેલા હોવાથી તેમને રાજ્યના કાયદા પ્રમાણે રાજ્યને જ જવાબદાર રહેવું ઘટે' તેમ ઊંડે ઊંડે માને છે.

છતાં વહીવટદારોની સંમતિની હાલમાં જે અપેક્ષા રાખવામાં આવે છે, તે કામચલાઉ છે. કેમકે ધર્મ જેવા લોકપ્રિય ક્ષેત્રમાં ભારત જેવા દેશમાં એકદમ સીધા હુકમો ચાલી શકે તેમ નથી, છતાં ય મળતા પ્રસંગોએ ધર્મ તરફ અનાદરાત્મક કટાક્ષો થતા હોય છે કે જેથી આસ્તે આસ્તે ધાર્યું પરિણામ લાવી શકાય. અને મિલ્કતો બીજા ક્ષેત્રોમાં વાપરી નાખવાનું ગંભીર પગલું એકાએક ન ભરી શકાય એટલા માટે જ વહીવટદારોની સંમતિ પર આજે ઘણા અંશે આધાર રાખવો પડે છે. અને એટલા જ ધાર્મિક (Religious) અને ધર્માદા (Charitable) નો એક સહિયારો કાયદો બનાવ્યો છે.

નહિંતર બન્નેયના જુદા જુદા કાયદા બનાવવા જોઈએ. ભેગા બનાવવા તે ગેરકાયદેસર છે, કારણ કે ધર્મના પરંપરાગત ચાલ્યા આવતા સ્વાતંત્ર્યને ટકાવી રાખવાની બાંહેધરી નવા બંધારણમાં પણ અપાએલી છે. અને એને બીજી કલમો સ્પર્શતી નથી, તેમજ દરેક ધર્મના સિદ્ધાન્તો, રિવાજો, જુદા જુદા હોવાથી, ધાર્મિક મિલ્કતોને રક્ષણ આપવાનો કાયદો જુદો જ હોવો જોઇએ.

પરંતુ અજાણ લોકોની આંખોમાં ધૂળ નાંખવા માટે બન્નેયને ભેગા રાખીને 'બન્નેય એક જેવા જ છે' એવો ભાવ જન્માવાય છે કે જેથી ધીમે ધીમે એકબીજા ખાતાની મિલ્કતો એકબીજામાં લઇ જઇ શકાય અને આખરે ધાર્મિક મિલ્કતોને 'બીન જરૂરી હોવાથી, જરૂરી ધર્માદા ( Charitable ) ખાતાઓમાં લઇ જવી એ વધારે વ્યાજબી છે' એમ ઠસાવાય અને એ રીતે નિર્ણયનું પગથિયું આવે: માટે બન્નેય ક્ષેત્રોનો એકજ કાયદો રાખ્યો છે. મુશ્કેલી એ છે કે વર્તમાન રાજ્યતંત્ર ધર્મ તરફ સામાન્ય રીતે ઉપેક્ષાવૃત્તિ ધરાવે છે. તંત્રમાંના કેટલાકને ધર્મનું જ્ઞાન પણ હોતું નથી. જ્યારે કેટલાક દેખાવ જ કરતા હોય છે. ન્યાયાધીશો અને વકીલોમાં ય મોટે ભાગે ધાર્મિક ક્ષેત્રોના અનુભવ વગરના તેમજ ધર્મના મૌલિક સ્વરૂપથી અજ્ઞાત હોય છે. તેથી ધર્મક્ષેત્રમાં કેટલીક વ્યક્તિઓના ભૂલભરેલા વર્તનને કારણે ધર્મ અને સિદ્ધાન્તો ઉપર દોષારોપણ કરાય છે. સુપ્રીમ-કોર્ટમાં કોઈ બેરીસ્ટર સંતોષકારક દલીલો જ કરી શકતો નથી, કોઇ દિવસ એ તરફ ધ્યાન આપ્યું ન હોય, પછી તાત્કાલિક કેટલુંક તૈયાર થઇ શકાય? મુખ્ય ન્યાયાધીશને, બેરીસ્ટરોને ચીમકી આપવી પડી હતી કે તમે આ રીતે દલીલો કરો તો અસીલોના હિતને હાની થાય વિગેરે...

ધાર્મિક ક્ષેત્રમાં શાસ્ત્રપાઠો મુખ્ય હોય છે. ત્યારે તે તરફ લગભગ ઉપેક્ષા જ સેવાતી હોય છે. વળી કોર્ટના મોટા ખર્ચા, જાતે કામકાજ ચલાવવાનો અનુભવ ન હોય, બેરીસ્ટરો મારફત કામ, તેમની આંખો આસ્માનમાં નિહાળતી હોય, પૂરૂં સાંભળે-ન સાંભળે, સાંભળે તો બોલે કે ન બોલે, બોલી શકે કે ન બોલી શકે.

ન્યાયાધીશો ( Judges ) ગમે તેમ પણ તેઓ-રાજ્યના પગારદારો ન્યાયને વરેલા ન હોય, ન્યાય કરતાં, રાજકૃત કાયદાને વધારે વળગીને ચાલવાની

મનોવૃત્તિવાળા હોય. તેમ ન કરે તો રાજ્યના આદર્શો અને હેતુઓ સાથે વિસંગતતા થાય, એ જાતની વિસંગતતા જન્માવીને રાજ્યની આંખે ચઢવાનું બધાંને ન એ પોષાય, લગભગ આ દશા વકીલોની પણ હોય છે, ક્યાંથી ન્યાય લેવો ?

ધાર્મિક ક્ષેત્રોના વહીવટદારો, ગૃહસ્થો હોય છે. તેઓ ધંધા વિગેરે અનેક સંયોગોથી રાજ્ય સાથે સંકળાએલા હોય છે, એટલે પ્રતિપળે રાજ્યથી ભય પામતા હોય છે. રખેને આપણી મિલ્કતને ફટકો ન પડી જાય, ધંધામાં નુકશાન ન પહોંચે, રાજ્યની આંખમાં ન આવી જઇએ, ઇન્કમટેક્ષ–સેલ્સટેક્ષના લફરામાં ફસાઈ ન જવાય. આવા અનેક પ્રકારના ભયને લીધે તેઓ ધાર્મિક હેતુઓનો યથાયોગ્ય પ્રકારે બચાવ કરી શકતા નથી.

મુખ્ય મુશ્કેલી તો એ છે કે–રાજ્યને વફાદાર રહેવા માટે બંધાએલા નાગરિકો તે વફાદારીને પૂરેપૂરી દીપાવવા જતાં, તેમને હસ્તક જે ધાર્મિક ક્ષેત્રોનો વહીવટ હોય છે તેને પણ વફાદારીની અસર નીચે આણવાની ભયાનક ભૂલ કરી બેસે છે, અને એ ભૂલી જાય છે કે; ધર્મ એ રાજ્યનો પ્રજાજન નથી, તે તો સરકારનો પણ સરકાર છે. તેના મોભા અને હિતને નુકસાન પહોંચાડવાનો મને અધિકાર નથી. મારાથી તેનો વિશ્વાસઘાત ન થઇ શકે. હું મારા રાજ્ય સાથેના નાગરિક તરીકેના સંબંધથી જરૂર રાજ્યનો પ્રજાજન છું. પરંતુ ધાર્મિક વહીવટદાર તરીકે એટલે અંશે ધર્મનો તાબેદાર છું. રાજ્યનો નહિ. જ્યાં રાજ્યનાં અને ધર્મનાં હિતોનો મુકાબલો થાય, ત્યાં મારે ધર્મના હિતોને વફાદાર રહેવાનું છે. પરંતુ આ બધું તે લગભગ ભૂલી જાય છે, અને રાજ્ય પણ ધર્મની બાબતમાં ધર્મગુરુઓનું પ્રાધાન્ય હોવાનું જાણવા છતાં તેમને તરફીબથી અળગા રાખી, બને ત્યાં સુધી ગૃહસ્થો પાસેથી જ કામ લેવામાં એટલા માટેજ પોતાનું હિત માને છે.

આ રીતે જ કચ્છમાં રાવનું તંત્ર ગયા પછી, રાજ્યે દરેક ધર્મની સંસ્થાના વહીવટદારો પાસેથી હુકમો મોકલીને ધાર્મિક મિલ્કતો વગેરેના અહેવાલ મંગાવ્યા, અને તે ખાતાનાં ગૃહસ્થ વહીવટદારોએ રાજ્ય તરફના પરંપરાગત સદ્‌ભાવ અને વર્તમાનના ભયના લીધે મોકલી પણ આપ્યા. તેમજ તે મોકલતાં પહેલાં તેના મૂળ માલિક જૈનશાસનના મુખ્ય જવાબદારોની સલાહ કે સંમતિ લેવા ય ન રોકાયા. અને રાજ્ય તો એવી ગફલત ખવડાવવામાં માનતું હોય છે. જ્યારે સામાન્ય અમલદારો હુકમને તાબે થવા સિવાય ઊંડા પાણીમાં ઊતરે જ શા માટે ?

આમ રાજ્યે ધર્મક્ષેત્રમાં પણ રાજ્યસત્તા અને આડકતરી ધાકધમકીથી કામ લીધાના ઘણા દાખલા છે.

ધર્મક્ષેત્રમાં અવિશ્વાસ ધરાવતા કે અર્ધદગ્ધ વિશ્વાસ ધરાવતા લોકો, ડખલ કરી, સાચા ધાર્મિકોને હરકત ન કરે તેનું બરાબર પાલન કરાવવાની પોતાની ફરજને ચૂકી જઇને, રાજ્ય અશ્રદ્ધાળુઓને આડકતરો ટેકો કરતું જણાય છે. જાણે કે ધાર્મિકજનોને દબડાવવાનું તેનું લક્ષ્ય ન બની ગયું હોય ! રુઢિચુસ્ત, ધર્માંધ, અશ્રદ્ધાળુ, જુનવાણી આદિ વિશેષણોથી તેને તક મળતાં જાહેરમાં કે ખાનગીમાં ઊતારી પાડવાની પેરવી થતી જ હોય છે.

મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટમાં પણ જ્યારે ધર્મ તરફ તથા તેના જવાબદારો તરફ તથા ભોગ આપીને સંભાળનારા તરફ પૂજ્યભાવ રાખવાની રાજ્યની પણ ફરજ છે, ત્યારે ધર્મસ્થાનમાં પ્રવેશ કરતી વખતે, ચેરીટી કમીશ્નર વિગેરેને તે તે ધર્મ તરફ માત્ર સભ્યતા રાખવાની ભલામણ કરવામાં આવી છે. પૂજ્યતા રાખવાની ફરજ ઉડાડી દેવા, સભ્યતા આગળ કરી પૂજ્યતા રાખવાની ભલામણ નથી કરવામાં આવી.

ધાર્મિક જ્ઞાનખાતાનો એક કાગળ પણ શ્રાવકથી વાપરી શકતો નથી. જ્યારે સાધારણ દ્રવ્યમાંથી માંગણને પણ આપી શકાતું નથી. તો પછી જ્ઞાનદ્રવ્યમાંથી કોઇને ય પણ કેમ આપી શકાય ?

જ્ઞાન અને કેળવણી વચ્ચે આકાશ પાતાળ જેટલું અંતર છે.

દ્વાદશાંગી અને તેને વફાદાર બીજા શાસ્ત્રગ્રંથોના રક્ષણ–વર્ધન; ત્યાગીઓને પઠન–પાઠનને લગતાં કામ

માટે જ જૈનશાસનનું ધાર્મિક જ્ઞાનદ્રવ્ય છે. દ્વાદશાંગી આત્મવાદનું મુખ્ય શાસ્ત્ર છે ને ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો આદર્શ ધરાવે છે. તેનો ઉદ્દેશ આત્મ-વાદનો પ્રચાર કરીને, તેનો અમલ કરાવી લોકોને મોક્ષ અપાવવાનો છે. તેના પોષણ માટે જ્ઞાનદ્રવ્ય છે.

ત્યારે હાલની કેળવણી માત્ર દુન્યવી હેતુ માટે છે. તેમજ તેનું તંત્ર અને આદર્શો તથા ઉદ્દેશ્ય હાલના આંતરરાષ્ટ્રીય ગણાતા આદર્શોની પાછળ પાછળ જાય છે. અને તેથી સાથે સંકળાએલા છે. હાલના આંતરરાષ્ટ્રીય આદર્શો–ધર્મ અને મોક્ષ એ બે પુરૂષા-ર્થને બાદ રાખીને ગોઠવાએલા છે. તેના અર્થ–કામ પણ ધર્મ–નિરપેક્ષ હોવાથી પુરૂષાર્થપણા રહિત છે. એટલે લૂંટ અને પાશવતાને જ ખીલવનારા અને જીવાડનારા છે.

તેથી ઉપર પ્રમાણેના હેતુપૂર્વકના જ્ઞાનદ્રવ્યો આજની કેળવણીના ક્ષેત્રમાં જઇ જ કેમ શકે?

આમ પ્રજા અને રાજ્યના આદર્શો પરસ્પર વિસંગત છે. માત્ર રાજ્ય ધીમે ધીમે અને યુક્તિપૂર્વક આગળ વધે છે. અને પોતાના પક્ષમાં કેટલાક પ્રચારક બળોને ખેંચતું જાય છે.

આજે ચેરીટી કમીશ્નર જ્ઞાનદ્રવ્ય કેળવણીમાં ન વાપરી શકાય તેના શાસ્ત્ર–પાઠ માંગે છે. ખરી રીતે દરેક ધર્મના કયા કયા દ્રવ્યનો ઉપયોગ કેમ કરવાનો હોય છે? તેનાં લીસ્ટ તેમની પાસે હોવાં જોઇએ. અને તેને કાયદાના પરિશિષ્ટરૂપે ગોઠવી લેવાં જોઇએ. અને તેનો સૂક્ષ્મ અભ્યાસ તેમને હોવો જ જોઈએ. તેની પરીક્ષામાં પાસ થનાર જ ચે૦ ક૦ કે આ૦ ચે૦ ક૦ થઇ શકે તેવી વ્યવસ્થા રાજ્યે દાખલ કરવી જોઇએ. રાજ્યના આદર્શમાં તો ધર્મ એક નકામી અને ફેંકી દેવા જેવી ચીજ છે. મોટા મોટા આગેવાનો કોઈ કોઇ વાર ધર્મની વાત કરતા હોય છે, ઉપવાસ કરતા હોય છે, રામધૂન પણ મચાવતા હોય છે, પણ તે તો એક માત્ર ભારતની ધર્મપ્રિય પ્રજામાં લોકપ્રિયતા મેળવવાના સ્ટંટરૂપે જ હોય છે. પરંતુ તેમનો આત્મા તેમાં પરોવાયેલો નથી જ હોતો. ધર્મપ્રેમી દરેકે આ વસ્તુસ્થિતિ સમજી લેવી જરૂરી છે.

આવા બધા કારણોથી અમે પ્રથમથી જ આ કાયદાથી ચેતતા રહેવાની ભલામણ કરતા આવ્યા છીએ.

જ્ઞાનદ્રવ્ય–જૈન ધાર્મિક હેતુના જ્ઞાન અને દેવદ્રવ્ય સિવાય બીજે ન જ જઇ શકે, તે જાતના પાઠો ઘણા છે. તે જોઇતા હોય તો મંગાવવાથી મોકલી આપ-વામાં આવશે.

પરંતુ આપણે જે જે શાસ્ત્રોને માન્ય રાખતા હોઇએ, તેના પાઠો હોય તે સ્વીકારવા ચેરીટી કમીશ્નર કબૂલ છે? કે નહીં? તે પણ નક્કી કરવું પડે. પરંતુ જો તેમાંથી ચેડાં કાઢવાનો કાર્યક્રમ અમલમાં મૂકવાનો હોય તો તે આપવાથી પણ શો અર્થ સરે? એ પ્રશ્ન છે.

❀

દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત
દિવ્ય અગરબત્તી
તથા
કાશ્મીરી અગરબત્તી
પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.
નમુના માટે લખો
ધી નડીઆદ અગરબત્તી વર્કસ
ઠે. સ્ટેશન રોડ, નડીઆદ (ગુજરાત)

श्री जिन प्रतिमाजीका लेपके लिये खास
जीर्ण प्रतिमाजीके मनोहर सुंदर चक-चकित और मजबुत लेप करनेके लिये पुराणा जाणकार.
हिंदभरमेंसे अनेक सर्टीफीकेट मीला हुआ है.
—: लिखो या मीलो :—
पेन्टर :—शामजी जवेरभाइ
,, जवेरभाइ गोविंद
जगु मीस्त्रीनी शेरी. — पालीताणा.

# વિવેચન લખી મોકલવા સપ્રેમ આમંત્રણ !

નીચે રજૂ થયેલ પૂ. આનંદઘનજી મહારાજશ્રીના તથા પૂ. પં. શ્રી વીરવિજયજી મહારાજના એક એક પદ ઉપર તેના ભાવને સ્પષ્ટ કરતું વિવેચન લખી મોકલવા અમારૂં સર્વ કોઇ અભ્યાસી સજ્જનોને, તેમજ પૂ. વિદ્વાન મુનિવરોને સપ્રેમ આમંત્રણ છે. જેઓનું વિવેચન સુસંગત, સ્પષ્ટ તથા શાસ્ત્રીય જણાશે તે વિવેચનને 'કલ્યાણ'માં અમે પ્રસિદ્ધ કરીશું; તેમજ બન્ને પદો ઉપર આવું સપ્રમાણ વિવેચન લખી મોકલનાર અભ્યાસી સજ્જનને 'કાર્યાલય' તરફથી યોગ્ય પારિતોષિક વિતીર્ણ કરવામાં આવશે. સં૦

૧

કંથ ચતુર દિલ જ્ઞાની હો, કંથ ચતુર દિલ જ્ઞાની;
જો હમ ચહેની સો તુમ કહેની, પ્રીત અધિક પિછાની.... કન્થ૦ ૧.
એક બુંદકો મહેલ બનાયો, તામેં જ્યોત સમાની;
દોય ચાર દો યુગલ મહેલમેં, બાત કચ્છુ નહિ છાની. કન્થ૦ ૨.
પાંચ અરૂ તિન ત્રિયાજી મંદિરમેં, રાજ્ય કરે રાજધાની;
એક ત્રિયા સબ જગ વશ કીની, જ્ઞાનખડ્ગ વશ માની. કન્થ૦ ૩.
ચાર પુરૂષ મંદિરમેં ભૂખે, કબહુ તૃપત ન માની;
દશ અસલી એક અસલી બુઝે, બુઝે બ્રહ્મ જ્ઞાની. કન્થ૦ ૪.
ચાર ગતિમેં રૂલતા બીતે, કર્મસે કિણુહુ ન જાણી;
**આનંદઘન** ઇસ પદકું બુઝે, બુઝે ભવિક જન પ્રાણી. કન્થ૦ ૫.

## સોદાગરની સજ્ઝાય.

સુણ સોદાગર બે દિલકી વાત હમેરી,
તેં સોદાગર દૂર વિદેશી, સોદા કરનકું આયા;
મોસમ આયે માલ સવાયા, રતનપુરીમાં ઠાયા........ સુ૦ ૧.
તિન દલાલકું હર સમજાયા, જિનસે બહોત નફાયા;
પાંચ દિવાનું પાઉં જડાયા, એકકું ચોકી બિઠાયા........ સુ૦ ૨.
નફા દેખકર માલ બિહરણાં, ચુઆ કટે ન યું ઘરના;
દોનું દગાબાજી દૂર કરના, દીપકી જ્યોતિ ફિરાના........ સુ૦ ૩.
ઓર દિન વલી મહેલમેં રહના, બંદરકું નહિ લાના;
દશ શહેરમેં દોસ્તીહિ કરના, ઉનસે ચિત્ત મિલાના........ સુ૦ ૪.
જનહર તજના જિનવર ભજના, સજના જિનકું દલાઇ;
નવસરહાર ગલેમેં રખના, જખના લખકી કટાઇ........ સુ૦ ૫.
શિરપર મુગટ ચામર ઢોલાઇ, અમ ઘર રંગ વધાઇ;
શ્રી **શુભવીરવિજય** ઘર જાઈ, હોત સવાઇ સગાઇ........ સુ૦ ૬.

તાઃ-ક. આમાં જે કાંઇ અશુદ્ધિ જણાય તો સૂચના કરવા વિનંતિ છે.

મહાગૂજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર વૈદ્યરાજ ભાઇ શ્રી **મોહનલાલ ધામીની** તેજસ્વી કલમે આલેખાએલા પ્રાણવાન ભવ્ય ઐતિહાસિક કથાગ્રંથો,

**બંધન તૂટ્યાં– ભા. ૧–૨ઃ**

૩૫૬ પેજનો પ્રથમ ખંડ, ૩૨૦ પેજનો દ્વિતીય ખંડ; ૬૨ પ્રકરણોના આ બે ભાગના ઐતિહાસિક ગ્રંથોમાં શ્રી મહાવીરદેવના સમકાલીન ઐતિહાસિક પાત્રોને સ્પર્શીને લખાયેલી મહાકથા સુંદર રોચક તથા હૃદયસ્પર્શી શૈલીયે આગળ વધી રહી છે. જે એક વખત વાંચવા હાથમાં લીધી એટલે પૂરી કર્યે જ છુટકો. ભા. ૩ જો હજુ છપાય છે; બન્ને પુસ્તકો દ્વિરંગી જેકેટ: તથા આકર્ષક બાઇન્ડીંગમાં મલે છે. બે ભાગની કિં. રૂ. ૯–૦–૦પોસ્ટેજ અલગ.

**મગધેશ્વરી ભા. ૧–૨–૩ઃ**

ભ૦ શ્રી મહાવીરદેવના નિર્વાણ પછીના ૧૦૦ વર્ષના ગાળામાં મગધ-વંશના સામ્રાજ્યમાં થઇ ગયેલા છેલ્લા નંદ ધનનંદના સામ્રાજ્યના વિનાશની પ્રતિજ્ઞા સ્વીકારનાર મહામુત્સદ્દી ચાણક્યનો બુદ્ધિવૈભવ, મગધસામ્રાજ્યની કલાસ્વા-મિની નૃત્યાંગના ચિત્રલેખાનો તેજસ્વી જીવનપ્રવાહ, તથા મૌર્યસમ્રાટ્ ચંદ્રગુપ્તની જીવનસાધના, ઇત્યાદિની સુરેખ; ભાવવાહી તથા અદ્‌ભૂત છબી અહિં સજીવા બને છે. ૯૭૫ પેજના આ ત્રણ ગ્રંથો રોચક, અદ્‌ભુત તથા ભવ્ય શૈલીએ આલેખાએલા છે. તદુપરાંત : આર્ય સ્થૂલભદ્ર, રૂપકોશા, શકટાલ મંત્રીશ્વર ઇત્યાદિ ઐતિહાસિક પાત્રોની આસપાસનાં વાતાવરણને અહિં જીવંત કરવામાં લેખકે જે પોતાની કલમનો અદ્‌ભુત ચમત્કાર સર્જ્યો છે, તે પાને–પાને વાંચવા મલશે. ૧૦૮ પ્રકરણો, ત્રણ પુસ્તકોમાં પૂર્ણ થાય છે. પ્રત્યેક પુસ્તક દ્વિરંગી જેકેટ સહિત, ત્રણેયનું મૂલ્ય રૂા. ૧૩–૮–૦ પોસ્ટેજ અલગ.

**રૂપકોશા ભા. ૧–૨ઃ**

ભ. શ્રી મહાવીરદેવના નિર્વાણ બાદ ૧૦૦ વર્ષ બાદ થએલા, મહામંત્રીશ્વર શકટાલના પુત્ર આર્ય સ્થૂલભદ્રજી કે તેઓ જૈન શાસ્ત્રોમાં 'મંગલં સ્થૂલભદ્રાદ્યા'ના વાક્યથી અમર બન્યા છે, તે તથા મગધસામ્રાજ્યની કલાસ્વામિની નૃત્યાંગના રૂપકોશા બન્નેના જીવનની ભોગ તથા ત્યાગના દ્વંદ્વ યુદ્ધમાં ત્યાગનો વિજયધ્વજ ફરકાવતી યશસ્વી, અદ્‌ભુત તથા રસિક કથા. પ્રત્યેક પુસ્તકને દ્વિરંગી જેકેટ: ૬૦૦ પેજ ઉપ-રનું વાંચનઃ બન્નેનું મૂલ્યઃ રૂા. ૯–૦–૦

**વિશ્વાસ :**

નવકારમંત્રના મહિમા ઉપર ઐતિહાસિક ભાવવાહી કથા મૂલ્ય રૂા. ૬–૪–૦

**શ્રી નવયુગ પુસ્તક ભંડાર. રાજકોટ [ સૌરાષ્ટ્ર ]**

**સોમચંદ ડી. શાહ. પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]**

# દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

(ઢાળ-૧૦-મી. ગાથા-૪-૫-૬-૭-૮-૯.)

[ ગતાંકથી ચાલુ. ]

છએ દ્રવ્યોમાં પ્રથમ ધર્માસ્તિકાય ગણાવેલ છે, માટે તેનું સ્વરૂપ પ્રથમ જણાવે છે.

જીવ અને પુદ્ગલ ગતિ કરે છે, એ બન્નેની ગતિ ચૌદ રાજલોક પ્રમાણ ક્ષેત્રમાં છે. આ ગતિમાં કોઇ અપેક્ષાકારણ અવશ્ય હોવું જોઇએ. એ જે અપેક્ષાકારણ છે તે ધર્માસ્તિકાય. ધર્માસ્તિકાય વગર ગતિસ્વભાવવાળા જીવ-પુદ્ગલ પણ ગતિ કરી શકે નહિં. ગતિસામર્થ્યવાળું માછલું પાણીમાં ગતિ કરે છે અને સ્થળમાં ગતિ કરી શકતું નથી. તેમાં માછલાને જેમ પાણી ગતિમાં અપેક્ષિત છે, તેમ ગતિમાં ધર્માસ્તિકાય અપેક્ષિત છે.

**શં૦** સ્થળમાં માછલું વ્યાકુળ થઈ જાય છે અને તેથી તેને ચેષ્ટા કરવાની ઇચ્છા જ થતી નથી, એટલે ગતિ થતી નથી, બાકી પાણી નથી માટે ગતિ થતી નથી એમ નહિં. એટલે પાણી માછલાને ગતિમાં અપેક્ષાકારણ છે એમ માનવાને કોઈ કારણ નથી.

**સ૦** કાર્ય-કારણભાવની વ્યવસ્થા અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થાય છે અને સ્થિર રહે છે. લોકવ્યવહારમાં એ રીતે કાર્યકારણભાવની વ્યવસ્થા નિયત કરવામાં ન આવે તો એકે કાર્યકારણભાવ સ્થિર કરી શકાય નહિં. પરમ-કારણ એક જ કારણ રહે ને બાકીના સર્વ કારણો અન્યથા સિદ્ધ થઇ જાય માટે એક-બીજામાં એક-બીજા જે કોઈ પૂરક-સહાયક બનતા હોય તે સર્વ તે તે કાર્યોમાં અપેક્ષા-કારણ માનવા જોઇએ. પાણી મત્સ્યાદિને ગતિ કરવામાં સહાયભૂત છે એ પ્રત્યક્ષસિદ્ધ છે. તેને કારણ તરીકે ન માનીને ઇતર કલ્પનાઓ કરવી વ્યર્થ છે.

જે પ્રમાણે પાણી મત્સ્યાદિની ગતિમાં અપેક્ષા કારણ છે, તે પ્રમાણે ધર્માસ્તિકાય જીવ- પુદ્ગલની ગતિમાં અપેક્ષાકારણ છે.

વિશ્વમાં જીવ અને પુદ્ગલ જે પ્રમાણે ગતિ કરે છે તે પ્રમાણે સ્થિર પણ રહે છે. જો ગતિ કરતાં તેઓને સ્થિર કરનાર ધર્માસ્તિકાય જેવો કોઇ પદાર્થ ન હોય તો તેઓ સદાકાળ ગતિ કર્યા જ કરે. પણ એ પ્રમાણે બનતું નથી. ગતિ કરતાં તેઓ સ્થિર થઇ જાય છે. એ સ્થિર થવામાં અપેક્ષાકારણભૂત અધર્માસ્તિ-કાય છે. ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય એ એક એક સ્વતંત્ર અખંડ પદાર્થ છે. ગતિ અને સ્થિતિ સ્વભાવવાળા જીવ અને પુદ્ગલમાં એક સરખા સમાનપણે સહાયભૂત બને છે એટલે જીવવિશેષ કે પુદ્ગલવિશેષ જે ગતિ-સ્થિતિ-વિશેષ કરતાં હોય અને તેઓની ગતિ-સ્થિતિ-વિશેષમાં અન્ય જે કોઇ કારણભૂત બનતાં હોય તે માનવામાં કાંઈપણ બાધક થતાં નથી. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયથી બીજા ગતિ-સ્થિતિના કારણે અન્યથા નથી અને તે તે માનવામાં પણ બાધ નથી.

જો ધર્માસ્તિકાય ન હોય, હોય છતાં તે ગતિમાં કારણભૂત ન હોય અને જીવ-પુદ્ગલ સ્વ-સ્વભાવ પ્રમાણે ગતિ કરતા હોય તો સંસારીજીવનું તો ઠીક-કારણ કે તે કર્મવશ

તે તે સ્થળે ગતિ કરતો હોય છે, પણ કર્મ-મુક્ત આત્મા કે જેનો ઊર્ધ્વગતિ કરવી એ સ્વભાવ છે, તે લોકને અંતે અટકી કેમ જાય છે? અનંત અલોકમાં ઊંચે ઉંચે તેની સતત ગતિ ચાલુ રહેવી જોઇએ. પણ એમ નથી બનતું, કારણ કે અલોકમાં ધર્માસ્તિકાય નથી. જ્યાં સુધી ઊંચે ધર્માસ્તિકાય છે ત્યાં સુધી મુક્ત આત્મા જાય છે અને પછી ત્યાં સ્થિર રહે છે.

**શં૦** સિદ્ધ આત્મા અલોકમાં કેમ નથી જતો, તે માટે ધર્માસ્તિકાયને માનવો એ કરતાં ગતિમાં કારણભૂત લોકાકાશને માની લેવાથી ઉપરની કોઇ વિષમતા નહિ નડે. અલોકમાં લોકાકાશ નથી માટે ત્યાં મુક્તઆત્માની ગતિ નથી.

**સ૦** એ પ્રમાણે લોકાકાશને ગતિમાં કારણભૂત માનવામાં આવે તો એક વિષમતા બીજી એ ઊભી થાય છે કે–લોકાકાશની વ્યવસ્થા શું? ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના મુખ્ય આધારને લઈને તો લોકાકાશ અને અલોકાકાશ જુદા પડે છે. એટલે ધર્માસ્તિકાય અથવા અધર્માસ્તિકાય જેટલામાં છે તેનું નામ લોકાકાશ એમ કહેવું પડે. અને ધર્માસ્તિકાય–વિશિષ્ટ જે આકાશ તે ગતિમાં હેતુ એ પ્રમાણે માનવું પડે. એ માનવું એ કેટલું ઉચિત છે, તે સામાન્ય સમજમાં પણ આવી શકે એમ છે. ધર્માસ્તિકાયને માનવો અને તેને ગતિમાં કારણ ન માનતા તદ્વિશિષ્ટ આકાશને ગતિમાં કારણ મનાવવું–એ કેવું વિચિત્ર છે! ઘટમાં સ્પષ્ટ કારણરૂપ જણાતા દંડને કારણ ન માનતાં દંડવિશિષ્ટ આકાશ તેમાં કારણ છે એમ કહેવું એના જેવું આ છે.

વળી આકાશનો અવકાશ આપવાનો એક સ્વભાવ તો છે, તેમાં આ બીજો સ્વભાવ માનવો પડે, વળી ત્રીજો સ્વભાવ–એમ બધી જવાબદારી બીજા દ્રવ્યો હોવા છતાં આકાશ ઉપર ઓઢાડવી એ યથાર્થ નથી. લોકાકાશને વ્યવસ્થિત રાખવા માટે ધર્માસ્તિકાયને સ્વીકાર્યા વગર છૂટકો તો નથી જ.

ધર્માસ્તિકાયની જેમ અધર્માસ્તિકાયનું પણ સ્વતંત્ર વ્યક્તિત્વ છે, અને તે સ્થિતિમાં કારણ ભૂત છે. અલોકમાં તે નથી માટે જીવ કે પુદ્ગલ અલોકમાં સ્થિતિ કરી શકતા નથી.

**શં૦** અલોકમાં ધર્માસ્તિકાય નથી એટલે જીવ અને પુદ્ગલ ત્યાં જઇ શકતા જ નથી તો ત્યાં સ્થિતિ કરવાની વાત જ ક્યાં?

**સ૦** લોકમાં રહેલા જીવ અને પુદ્ગલ ત્યાં ન જઈ શકતા હોય એ માની લઇએ તો પણ ત્યાં અલોકમાં જીવ અને પુદ્ગલો કાયમના સ્થાયી કેમ નથી? એ પ્રશ્નનો ઉત્તર યથાવસ્થિત અધર્માસ્તિકાય ન માનનાર આપી શકશે નહિં. અધર્માસ્તિકાયને માનનાર કહી શકે કે અલોકમાં આકાશ સિવાય બીજું કાંઇ નથી. આકાશ અવકાશ આપે છે, પણ ત્યાં રહેનાર વસ્તુને સ્થિર રાખનાર અધર્માસ્તિકાય ત્યાં નથી માટે ત્યાં કાંઇ નથી.

સ્થિતિ એ ગતિના અભાવસ્વરૂપ નથી પણ સ્વતંત્ર પર્યાય છે. જે પ્રમાણે લઘુત્વ એ ગુરુત્વના અભાવરૂપ નથી પણ સ્વતંત્ર છે, તે પ્રમાણે સ્થિતિએ સ્વતંત્ર છે. સ્થિતિ એ સ્વતંત્ર છે એટલે તેનું કારણ પણ સ્વતંત્ર માનવું જોઇએ. જો સ્થિતિને ગતિના અભાવરૂપ માનવામાં આવે તો ગતિને સ્થિતિના અભાવ રૂપ કેમ માનવામાં ન આવે? અને સ્થિતિમાં ધર્માસ્તિકાયના અભાવને કારણ માનીએ તો ગતિમાં

અધર્માસ્તિકાયના અભાવને કારણરૂપ કેમ ન માનવો ? આમ એકને માનવામાં અને બીજાનો અપલાપ કરવામાં કોઇ પક્ષે વિશેષ બળ નથી કે એ વિશેષ બળવાળાને માનીને અલ્પબળ વાળાને ઉડાડી શકાય. જો ધર્માસ્તિકાયને માનીએ અને અધર્માસ્તિકાયને ન માનીએ તો લોકમાં જીવ અને પુદ્ગલો સતત ગતિ કર્યા જ કરે. અટકે નહિં અને સ્થિર થાય નહિ. લોકમાં ધર્માસ્તિકાય સર્વત્ર છે. કારણ છે તો કાર્ય થાય, જ્યારે અધર્માસ્તિકાયને સ્થિતિમાં કારણરૂપ સ્વીકારવામાં આવે છે. ત્યારે ગતિ અને સ્થિતિ કારણ સમબળ બની જાય છે, અને ઇતર કારણોને અધીન જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિ થયા કરે એમાં કોઇપણ પ્રકારનો બાધ આવે નહિ.

જિનવાણીના પરમાર્થ સ્થિરમતિપૂર્વક વિચારવા, અને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને સ્વતંત્ર પરસ્પર અસંકીર્ણ સ્વભાવવાળા માનવા.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના આ ગંભીર ભાવોને કેટલાક બુદ્ધિમાન્ ઈતરદર્શનના વિદ્વાનો પણ વિચારી શકતા નથી. વિચારવા માટે યત્ન પણ કરતા નથી, યત્ન ન કરે તેથી તેમને તે તે ભાવો ન સમજાય, એટલું તેમનું જ્ઞાન ઓછું રહે. તેમના તે અજ્ઞાનની જ્ઞાનીઓને દયા આવે, પણ જ્યારે એ વિદ્વાનો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું ધર્મ અને અધર્મ-કે જે ઇતરોમાં અદષ્ટ શબ્દથી પ્રસિદ્ધ છે, પુણ્ય-પાપરૂપે લોકમાં સમજાય છે, તેથી ખંડન કરે છે ત્યારે તેમની તે રભસવૃત્તિ માટે ખરેખર દયા જાગે.

સૂક્ષ્મભાવો સમજવા માટે સૂક્ષ્મ વિચારણા આવશ્યક છે.

સર્વદ્રવ્યને જે સર્વદા સાધારણ અવકાશ આપે છે તે આકાશાસ્તિકાય છે. તે સર્વના આધારભૂત અનુગત એક છે. 'અહિં પક્ષી છે, અહિં પક્ષી નથી' વગેરે વ્યવહારો જે દેશભેદે થાય છે, તેમાં દેશરૂપે અનુગત આકાશ જ ફલિત થાય છે.

"અહિંઆ છે ને અહિંઆ નથી વગેરે વ્યવહારો તે તે દેશના ઉપરના ભાગમાં રહેલ મૂર્તિ-વસ્તુઓના અભાવથી સંગત કરી શકાય છે." એ પ્રમાણે વર્ધમાનોપાધ્યાય વગેરે કહે છે, પણ તે વ્યાજબી નથી. અભાવથી તે તે વ્યવહારો સંગત થઇ શકે નહિં, કારણ કે તે તે વ્યવહારમાં ભાવપદાર્થનો જે સ્પષ્ટ અનુભવ થાય છે તેનો અપલાપ કરવો પડે. તે તે વ્યવહારમાં તે તે મૂર્તિના અભાવનો અનુભવ પણ જેને નથી તેઓને પણ આકાશદ્રવ્યની પ્રતીતિ સ્પષ્ટ થાય છે. 'આકાશમાં તારા ઊગ્યા છે' વગેરે વ્યવહારો લોકપ્રસિદ્ધ છે.

ઉપરની હકીકત પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રીના ગંભીર શબ્દોમાં આ પ્રમાણે છે.

'तत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्ताभावादिना तद्व्यवहारोपपत्तिः' इति वर्ध्धमानाद्युक्तं नानवद्यम्, तस्याभावादिनिष्ठत्वेनानुभूयमानद्रव्याधारांशापलापप्रसङ्गात्; तावदप्रतिसन्धानेऽपि लोकव्यवहारेणाऽऽकाशदेशंप्रतिसन्धायोक्तव्यवहाराच्च।'

આકાશ એક અને અખંડ હોવા છતાં તેના બે ભેદ છે. ૧, લોકાકાશ અને ૨, અલોકાકાશ. આગમમાં આ પ્રમાણે કહ્યું છે. "दुविहे आगासे पण्णत्ते, लोआगासे य अलोआगासे य"

ધર્માસ્તિકાય વગેરેથી યુક્ત જે આકાશ છે તે લોકાકાશ છે, અને ધર્માસ્તિકાય વગેરેથી

રહિત જે કેવળ આકાશ છે તે અલોકાકાશ છે. અલોકાકાશ નિરવધિ છે. અનંત છે.

**શ૦** જે પ્રમાણે લોકની પાસે અલોકની અવધિ આવે છે તે પ્રમાણે આગળ પણ કયાંય પણ અલોકની અવધિ હોવી જોઇએ. અને અવધિ આવે એટલે તે નિરવધિ કેમ કહેવાય.?

**સ૦** લોક ભાવસ્વરૂપ છે એટલે તેની અવધિ ગણાય, અર્થાત્–લોકની પાસે અલોકની અવધિ થાય એ સંગત છે. પણ આગળ અન્ય કોઈ ભાવ નથી એટલે અવધિ કઇ રીતે થઇ શકે? અન્ય કોઇ આકાશ પાસે તેની અવધિ માનવી એ તો માનવું ન માનવા બરાબર છે. જે આકાશ પાસે આ અલોકાકાશનો અંત માનવામાં આવે છે એ આકાશ આ અલોકાકાશથી જુદું છે? કે જુદું નથી? જો જુદું છે તો તે શું છે? છ દ્રવ્ય કરતાં એ એક સાતમું દ્રવ્ય માનવું પડે. વળી એ જે આકાશ છે તે અવધિવાળું છે કે નિરવધિ? જો અવધિવાળું છે તો તેનો અવધિ કયાં અને કોનાથી છે? અને નિરવધિ છે તો અલોકાકાશને જ નિરવધિ માનવામાં શું બાધ છે? અને નવું માનવામાં આવતું આકાશ પ્રસ્તુત અલોકાકાશથી જુદું નથી તો તે તેના અવધિરૂપ કેમ બની શકે? આમ પ્રશ્નોની પરંપરાનો અન્ત આવે નહિં. અનવસ્થા વગેરે દોષો ડોકીયા કરે એટલે અલોકાકાશ અનન્ત અને નિરવધિ માનવું, કે જે એ પ્રમાણે છે, તેમાં શ્રેયઃ છે.

# શ્રી સિદ્ધપુરની પ્રાચીનતા

**સો**લંકીવંશના રત્નસ્વરૂપ શ્રી કુમારપાલ વગેરે ગુર્જરસમ્રાટોના અને વિદ્વત્સમ્રાટ્ આચાર્ય શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય ઇત્યાદિ ગુરુઓના સમયે ગુજરાતનું પાટનગર પાટણ સમૃદ્ધિ, કલાકુશલતા, વિદ્વત્તા અને વ્યવહારચાતુર્ય વગેરેમાં ભારતના ઉચ્ચ આસને વિરાજતું હતું, અને ત્યાંથી સમગ્ર ભારતવર્ષ ઉપર જિનશાસનનો ભવ્ય અને ઉજ્જવલ પ્રકાશ પથરાતો હતો. એ વસ્તુ સામાન્ય રીતે દરેક ઈતિહાસજ્ઞને જાણીતી છે. સાથે, પાટણના આધ્યાત્મિક અવિભક્ત અંગ તરીકે તે વખતે ગણાતું **સિદ્ધપુર** એ મહત્મા, યતિ, મુનિ ઇત્યાદિ સાધકોનું અને વિદ્વાનોનું પરમધામ હતું, એ પણ સામાન્ય રીતે વિદિત છે. પરંતુ આ અંગે જો વિશેષ તપાસ કરવામાં આવે તો શાસનસમૃદ્ધિને ઉપકારક ઘણી વિશેષ સામગ્રી અહીંથી લબ્ધ થઈ શકે છે. સિધ્ધપુરની ભૂમિ પ્રાચીન જૈનતીર્થ છે અને જૂના સમયે જૈનતીર્થ તરીકેનો તેનો મહિમા કેટલો અસાધારણ હતો એ અંગેના પૂરાવા તરીકે પ્રાચીન–અર્વાચીન ગ્રંથોમાંથી મળી આવતાં અવતરણો નીચે આપવામાં આવ્યાં છે. એ વાંચીને સમજી શકાય છે કે, જો ઝીણવટપૂર્વકની શોધ કરવામાં આવે તો સિદ્ધપુરની ભૂમિમાંથી જૈનતીર્થનો અને જૈનશાસનનો સૈકાઓથી દટાએલો ભવ્ય ઇતિહાસ બહાર આણી શકાય એમ છે.

**અવતરણો—**

(૧) "શ્રી જૈન સત્યપ્રકાશ" અંક ૮, વર્ષ ૯, સન ૧૯૪૪, પાનું ૩૬૮, સિધ્ધપુરનું વર્ણન કરતાં તેમાં જણાવ્યું છે કે– સિધ્ધપુરનો "રાજવિહાર" જોઇને શ્રી સોમસુન્દરસૂરીશ્વરજીના ઉપદેશથી ધરણુ શેઠે શ્રી રાણકપુરજીનો "ધર-

ઐન્દ્રવિહાર" બંધાવ્યો તે હાલ મોજુદ છે.

(૨) "જ્ઞાનસાર" ટબો પા. ૧૯૩માં શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી લખે છે કે–ઇન્દ્રનગરીની સ્પર્ધા કરતી સિધ્ધપુર નગરીમાં દીવાળીના દિવસે "જ્ઞાનસાર" નામનો ગ્રંથ પુરો કર્યો (આ સિવાય બીજા પણ જૈનગ્રંથો નિર્માણ થવાના સ્થલ તરીકેનું સૌભાગ્ય સિધ્ધપુરને સાંપડયું છે.)

(૩) એક સ્તવનમાં ગવાય છે કે–

**પાટણમાં પંચાસરો ને સિદ્ધપુરમાં**
**સુલતાન મેરે લાલ.**
**સાંભળોને સાહિબા વિનંતિ.**

આ સુલતાન પાર્શ્વનાથની પ્રાચીન ભવ્ય પ્રતિમાજી સિદ્ધપુરમાં હાલ મોજુદ છે. એ પાર્શ્વનાથ ભ. ના ચમત્કારની અનેક કથાઓ પુસ્તકોમાંથી મળે છે. (જુઓ– "પાર્શ્વનાથના ચમત્કાર" નામનું પુસ્તક)

જૈનતીર્થ–સર્વસંગ્રહ–ભાગ ૧ (શેઠ આણંદજી કલ્યાણજી તરફથી નવીન પ્રકાશિત), પાન ૬૬, ૬૭ આમાં જણાવ્યું છે કે–

"સં. ૧૬૪૧માં રચેલી સિધ્ધપુર ચૈત્યપરિપાટીમાં પૂજ્ય આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય શ્રી કુશલવર્ધન પાંચ જિનમંદિરો હોવાનું જણાવે છે, ને ૨૪ દેવકુલિકાવાળું સિધ્ધવિહાર નામનું ઉત્તુંગ જિનમંદિર સિધ્ધરાજે બંધાવેલું છે.

સિધ્ધપુર નગર વખાણીઇ અવની તોલે ચંગ,
શ્રાવક–શ્રાવિકા બહુ વસઈ જિન ધર્મી રંગ;
પૌષધશાળા અતિ ભલી બેહુ તીટાં સોહાઈ,
જિનહર પંચ મનોહર દીસઈ મન મોહઇ (૪)

પાંચ દેરાસરોની શોભાઃ–આ મોટું સુન્દર સ્તવન છે, તેમાં છે.

પંચ જિણહર મનોહરુ તું ભમરૂલી,
પંચય મેરૂ સમાન સાહેલડી,
પંચય તીરથ અતિ ભલા તું ભમરૂલી
પંચય ગતિ સુખ થાન સાહેલડી (૩૪)

(૫) શ્રી સિંહસૂરીશ્વરજી મહારાજ સાહેબ સંવત ૧૪૨૬માં સિધ્ધપુરમાં રહ્યા હતા ને ૧૪૨૭માં ઇડરમાં ચોમાસું રહ્યા હતા. ત્યાં સિધ્ધપુરનું વર્ણન કરતાં લખે છે કે–સિધ્ધપુરમાં ૨૯ જિનમંદિરો હતાં તેમાં ૨૪ કુલિકાવાળું "સિધ્ધવિહાર" નામનું મંદિર બંધાવેલું હતું.

(૬) શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય વર્ગમાં મોખરે ગવાયેલા ને અકબર તથા જહાંગીર જેવા પાદશાહોના ગુરૂપદ જેવાં પરમપૂજ્ય સ્થાનને શોભાવનારા ઉપાધ્યાય શ્રીમદ્ ભાનુચંદ્રગણી મહાપુરૂષે સિધ્ધપુરને પોતાની જન્મભૂમિ તરીકે શોભાવેલું છે.

ઉપર પ્રમાણેનાં પ્રમાણો સિદ્ધપુર જૈનતીર્થની પ્રાચીનતા અને મહત્તાને ધ્યાનમાં લેવા પર્યાપ્ત છે. એમ સમજી હાલ આટલાંનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ વિશેષ પ્રમાણો હજી મળી રહ્યાં છે

લિ૦

**શ્રી સિધ્ધપુર શ્વે. મૂ. પૂ. સંઘ.**

C/o દોલતરામ વેણીચંદ. ગંજબજાર.

**સિધ્ધપુર** (ગુજરાત)

તાઃ–ક. સિધ્ધપુર તીર્થ અંગેની વધુ માહિતિ જે કોઈની જાણમાં હોય તે લખી મોકલવા કૃપા કરે. હાલ બે દહેરાસરો છે. ૧૧૦ પાષાણનાં પ્રાચીન જિનબિંબો છે. જીર્ણોધ્ધાર ચાલુ છે.

# ચિંતન મધુ

પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

પવિત્રતાને ડગાવે, માનવમનને પામર તથા પંગુ બનાવે, એ પ્રેમ ન હોય, એ અણાય કેવળ મનની ચંચલતા કે મોહની મૂઢતા !

માનવીનું મોટું દુશ્મન તેનું અહંપણું છે ! તે ઘવાતા માનવની મહત્તા ઢંકાઈ જતાં તેની ક્ષુદ્રતા બહાર આવે છે.

તમારાં જીવનને એવું ભવ્ય બનાવો કે તે ભવ્યતાને શોભાવનારૂં મૃત્યુ અમર બની જાય.

કાર્યસિદ્ધિનાં ફલો કુરબાનીની વેલપર પાંગરે છે, એ ભૂલશો નહિ !

વાણી તો શબ્દોનો વિલાસ માત્ર બની શકે છે, પણ એનો સાચો વિકાસ તો વર્તન પર જ આધાર રાખે છે.

વિશાલ મહેલોમાં અને ભવ્ય પ્રાસાદોમાં મહાલનારાઓનાં મનની સંકડાશ જોઈને કેટલીયે વખતે મનને થઇ આવે છે કે, શું દીવા પાછળ અંધારૂં તે આનું નામ હશે ?

તમારે દુશ્મન ન હોય એવું જોઈએ છે ? તો એટલું કરો, અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવા તૈયાર બનો !

સંહાર કરનાર બલ એ આસુરી શક્તિ છે, સર્જન કે રક્ષણ માટે ઉપયોગમાં આવતી તાકાત એનું નામ જ દૈવીશકિત.

તમારા સંયમને માપવા માટે તમારી પાસે સુખ આવે છે, અને તમારી શકિતની કસોટી કરવા દુઃખ આવે છે, માનવો ! સાવધ રહેજો ! રખે ગોથું ખાઈ જતા !

એ સાચો શૂર છે, જેનું હાસ્ય અનેકોનાં આંસુઓ લૂછી શકે છે.

સૌંદર્ય–સૌંદર્યની બૂમો શું મારો છો ? સૌંદર્ય તમારા આત્મામાં પડયું છે ! જેનાં ચિત્તમાં સંયમ છે, ચક્ષુમાં પવિત્રતા છે, અને વાણીમાં માધુર્ય છે, તે સંસારમાં ડગલે ને પગલે સૌંદર્યનાં દર્શન કરી શકે છે !

યૌવનનાવને સંસારસાગરમાં વહેતું મૂકનાર ઓ નવયુવાન ! જરા સંભાલીને આગળ વધજે ! સંયમ અને સાત્ત્વિક્તાના સઢ કે સુકાન વિના તારી નાવને તોફાની ખડકોમાં અથડાઇ જતાં વાર નહિ લાગે !

# કચ્છમાં ભૂકંપથી

# ધાર્મિક મિલ્કતોને થયેલ નુકશાનનું અંદાજીખર્ચ

અંજારના ભૂકંપના આંચકાથી આપણાં જૈન શ્વે૦ મૂ૦ ધાર્મિક સ્થળોને ઘણું નુકશાન થયું છે. લગભગ ત્રણ લાખનો અંદાજ મૂકાય છે, તો દરેક જૈન સંઘના અગ્રગણ્યોને વિનંતિ કરવામાં આવે છે કે-સારી એવી રકમ મોકલી આપી સહકાર આપશો, 'કલ્યાણ' માસિક મારફત જેઓ રકમ રવાના કરશે તેઓની યાદી 'કલ્યાણ'માં છપાશે.

સંપાદક 'કલ્યાણ.'

| | ગામનું નામ | સ્થળ | ખર્ચની બાબત | ખર્ચની રકમ |
|---|---|---|---|---|
| ૧ | વોંધ | દેરાસર | મરામત | ૨૫૦૦ |
| | ,, | ઉપાશ્રય | ,, | ૪૦૦૦ |
| | ,, | આંબીલ શાળા | ફરી બાંધવા માટે | ૫૦૦૦ |
| ૨ | ભચાઉ | દેરાસર | મરામત | ૫૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | ,, | ૨૦૦૦ |
| | ,, | આંબીલ શાળા | ફરી બાંધવા માટે | ૫૦૦૦ |
| ૩ | ચીરઈ | દેરાસર | મરામત અને નવાં છાપરાં માટે | ૫૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | ફરી બાંધવા | ૮૦૦૦ |
| ૪ | ગળપાદર | દેરાસર | મરામત | ૬૫૦૦ |
| | ,, | ઉપાશ્રય | ફરી બાંધવા | ૪૫૦૦ |
| ૫ | લોડાઈ | દેરાસર | મરામત | ૨૫૦૦ |
| ૬ | ઝરણુ | દેરાસર | ઘર દેરાસર નવેસર | ૧૦૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | નવેસર | ૫૦૦૦ |
| ૭ | ડગારા | દેરાસર | મરામત | ૩૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | મરામત | ૪૫૦૦ |
| ૮ | દુધઇ | દેરાસર | મરામત | ૫૦૦૦ |
| | ,, | દેરાસરની ડેલી | ,, | ૧૦૦૦ |
| | ,, | ઉપાશ્રય ધર્મશાળા | ,, | ૪૦૦૦ |
| ૯ | ધમડકા | દેરાસર | શીખરબંધ દેરાસરની કંપાઉન્ડવોલ | ૨૦૦૦ |
| | ,, | દેરાસર | ઘરદેરાસર નવેસર બાંધવાના | ૧૦૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | નવેસર | ૫૦૦૦ |
| ૧૦ | ટપર | દર્શન માટેની ઓરડી | દર્શન માટેની ઓરડી ફરી બાંધવા માટે | ૨૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | નવેસર | ૪૦૦૦ |
| | ,, | વરંડો | ,, | ૫૦૦ |
| ૧૧ | સુખપર | દેરાસર | ઘર દેરાસર નવેસર | ૧૦૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | ,, | ૫૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ભદ્રેશ્વરજી | દેરાસર | મરામત | ૨૮૦૦૦ |
| | ,, | ધર્મશાળાઓ ૧૨ | ,, | ૪૦૦૦૦ |
| ૧૩ | કટારીઆજી | ધર્મશાળા | મરામત | ૪૦૦૦ |
| ૧૪ | અંજાર | શ્રી વાસુપૂજ્ય સ્વામીનું દેરાસર | મરામત | ૨૦૦૦૦ |
| | ,, | ,, ઉપાશ્રય બે | ,, | ૧૦૦૦૦ |
| | ,, | ,, જ્ઞાનમંદિર | નવેસર | ૧૫૦૦ |
| | ,, | આંબીલશાળા | મરામત | ૧૦૦૦ |
| | ,, | ધર્મશાળા અને નીચેની ડેલી | નવેસર | ૧૨૦૦૦ |
| | ,, | શ્રી શાંતીનાથ પ્રભુનું દેરાસર નવું બાંધવું પડશે | | ૪૦૦૦૦ |
| | ,, | ,, ઉપાશ્રય | ,, | ૫૦૦૦ |
| | ,, | ,, પૂજાનાં કપડાંની રૂમ | ,, | ૧૦૦૦ |
| | ,, | શ્રી દાદાની દેરી (વરસામેડીના કામસર) | મરામત | ૧૦૦૦ |
| | ,, | શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું દેરાસર | ,, | ૫૦૦૦ |
| | ,, | ઉપાશ્રય | નવેસર | ૯૦૦૦ |
| | | | કુલ | ૨૯૮૫૦૦ |

તારીજ

| ગામ | દેરાસર–શીખરબંધ | ઘરદેરાસર | ઉપાશ્રય |
|---|---|---|---|
| ૧૪ | ૮ | ૭ | ૧૪ |
| જ્ઞાનમંદિર | આયંબીલ શાળા | ગુરુમંદિર | ધર્મશાળાઓ |
| ૧ | ૩ | ૧ | ૧૫ |

લિ૦

**શ્રી કચ્છી જૈન શ્વે. મૂ. સંઘ ધાર્મિક સંસ્થા**
**ભૂકંપ સહાયક સમિતિ અંજાર (કચ્છ)**

❀

પ્રશીઆના રાજા ફ્રેડરિક ધી ગ્રેટને મહેસુલની આવક ઘણી હતી છતાં, ખજાનામાં ખોટ જ દેખાતી. તો મહેસુલી અમલદારોને ખાણાપર નોતર્યા ને આનું કારણ જાણવા માગ્યું. તો આ અમલદારોએ 'ખેડૂતો પૂરતી રકમ આપતા નથી,' મોડેથી આપે છે. ઇત્યાદિ બહાના બતાવવા માંડયાં, પણ પ્રમાણિક અને ચબરાક એવા એકે તેજુરીએ પૂરતી રકમ કેમ નથી પહોંચતી એ સૂચવવા પાસે પડેલા શરબતના પ્યાલામાંથી બરફનો એક મોટો ટુકડો ઉપાડયો, ને તે રાજાને પહોંચાડવા કહ્યું. બધાએ વારાફરતી એ ટુકડો હાથમાં લઇ રાજા સુધી પહોંચતો કર્યો ત્યાં સુધી એ અર્ધો થઈ ગયો હતો. ફ્રેડરીકને આ હકીકતનો ભાવ સમજાયો ને ફ્રેડરિકે મહેસુલી ખાતાની નવેસરથી ગોઠવણ કરી લીધી.




બે મહિના પહેલાં આ કોલમમાં મેં જે હકીકતની આગાહી કરી હતી, તે મુજબ સૂએજની નહેરનો પ્રશ્ન હજુ ગૂંચવાયેલા કોકડાની જેમ અણઉકેલ રહ્યો છે. અમેરિકાનું વલણ ડગુમગુ છે, છતાં ઇજીપ્તે નહેરના રાષ્ટ્રીયકરણનો જે માર્ગ લીધો છે, તે અમેરિકાને બિલકુલ પસંદ નથી. એટલું જ નહિ પણ ઇજીપ્તને કોઈ પણ રીતે મૂંઝવી નાંખવાની મુત્સદ્દીતા વાપરવામાં તે પાછી નહિ કરે. બ્રિટનને તો આજે આ વસ્તુ જીવન–મરણનો પ્રશ્ન છે. સુએઝની નહેર તો વિશ્વમાં તેના આર્થિક સંબંધો તથા વ્યાપાર વધારવા માટે જવાદોરીરૂપ છે. છેલ્લા કેટલાએ વર્ષોથી મરજી મુજબ તેનો વહિવટ તેણે કર્યો છે, સૂએજની નહેર ઇ. સ. ૧૮૫૯માં બંધાવવી શરૂ થયેલી, ૧૮૬૯માં તે બંધાઇ હતી. ભૂમધ્યસમુદ્રને રાતા સમુદ્ર સાથે જોડનાર આ નહેર ૧૦૩ માઇલ લાંબી છે. આ નહેર બાંધવામાં ૧૬૬૩૨૯૫૩ પૌંડનો તેમાં ખર્ચ થયેલો. આ નહેર મિસરના લોકોના હાથે જ બંધાઈ હતી, તેનાં બાંધકામમાં ૧૨૦૦૦૦ મીસરવાસી મનુષ્યો મૃત્યુ પામ્યા હતા. વર્ષ દરમ્યાન નહેરનો ઉપયોગ કરનારાઓ તરફથી નહેરને અંગે ૩ાા ક્રોડ પાઉંડની ઉપજ થાય છે, જેમાંથી ફક્ત ૧૦ લાખ પાઉન્ડ મીસરને મળે છે.

આ નહેરનો સૌથી વધુ ઉપયોગ બ્રિટન કરે છે. ૧૯૫૪માં આ નહેરમાંથી એકંદર ૧૩૧૨૫ જહાજો પસાર થયા હતા, તેમાંથી ૪૪૯૩ જહાજો તો ફક્ત બ્રિટનના હતા. ઇજીપ્તે પોતાના દેશની આબાદિ માટે અશ્વનબંધની યોજના કરી છે, તે માટે યૂરોપના દેશો તેને તેનું સ્વમાન જળવાય તે રીતે નાણુા ધીરવા ના પાડે છે. આથી ઇજીપ્તના વડાપ્રધાન કર્નલ નાસેરે નહેરનું રાષ્ટ્રીયકરણ કર્યું છે. તેઓ તેમાંથી ૫૦ ક્રોડ ડોલર મેળવીને સહરાના રણને ફરતો અશ્વનબંધ ૧૦ વર્ષે પૂરો કરવાની ભાવના રાખે છે.

❀

સુએઝના પ્રશ્નથી યુરોપમાં ચોમેર તંગદિલી ફેલાઈ છે. યુરોપના રાષ્ટ્રો એક–બીજા સામ–સામી છાવણીઓમાં વહેંચાઈ ગયા છે. બ્રિટન, ફ્રાંસ, અમેરિકા આદિ દેશો એક બાજુયે ઇજીપ્તના વિરોધમાં છે. જ્યારે રશિયા, ચીન અને એને મળતા દેશો, આરબદેશો બધા ઇજીપ્તની તરફેણમાં છે. લંડનમાં નહેર વાપરનારા દેશોની પરિષદ મલી, છતાં તેનું પરિણામ હજુ બે મહિના થયા ત્યાંનું ત્યાં જ છે. ભારતના પરદેશી બાબતોના વહિવટીમંત્રી શ્રી કૃષ્ણમેનનના શબ્દોમાં કહીએ તો કહી શકાય કે, 'યુદ્ધનો ભય ટલ્યો છે, પણ વાદળો ઘેરાયેલાં છે.' એ હકીકત સાચી છે.

બ્રિટન, ફ્રાંસ તથા અમેરિકાના દેશોને ઇજીપ્ત ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવાના કોડ છે, પોતે જે સરમુખત્યારીપણું ભોગવ્યું છે, તે ચાલી જતું તેમને ગમતું નથી. એટલે તેઓ દરેકરીતે ધમપછાડા કરે છે. કર્નલ નાસર કહે છે કે, 'નહેર અમારી છે, અને અમારી મિલકત ઉપરનો અધિકાર અમારો પોતાનો છે.' આ બધાયે દેશોની વચ્ચે ભારત તો પોતાની તટસ્થ વલણુ જાળવીને શાંતિ તથા સમાધાન માટે સતત પ્રયત્નો કરી રહ્યું છે. પરસ્પર એક–બીજા વચ્ચે ભય, આશંકા કે વિરોધનાં વાતાવરણને જાગ્રત રાખી રહેલા દેશોને નજીક લાવવા માટે તે આજે સઘળું સાફદિલે કરી રહેલ છે. બાકી, જ્યાં સત્તા તથા હોંશિયારીનો ઘમંડ અને કેફ મગજ ઉપર રાખીને વિશ્વમાં પોતાના જ સામ્રાજ્યને વિસ્તારવાની મેલી મુરાદ સેવાતી હોય, તે સ્થિતિમાં તાત્કાલિક સારૂં પરિણામ ન આવે એ બને, પણ આજે દુનિયાનો મોટો ભાગ યુદ્ધના વિનાશક પરિણામોથી ત્રાસી ઉઠયો છે, એટલે સુએઝનહેરના પ્રશ્ન ઉપર હાલ એકદમ ભડકો નહિ થાય, તેમ વાતાવરણ પરથી લાગે છે.

❀

છેલ્લા દિવસોમાં એક બનાવ બની ગયો. મુંબઇ ખાતે સ્થપાયેલી, અને શ્રી કનૈયાલાલ મુન્શી દ્વારા પ્રતિષ્ઠાને પામી ચૂકેલી શ્રી ભારતીય વિદ્યાભવન સંસ્થાએ તાજેતરમાં હેનરી થોમસ અને ડેનોલી થોમસ દ્વારા રચાયેલા 'રિલીજ્યસ લિડર્સ–ધાર્મિક આગેવાનો' નામનું પુસ્તક પ્રગટ કર્યું છે. આ પુસ્તક સૌ પ્રથમ આજથી ૧૫ વર્ષ પહેલાં ઇ.સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ થયેલું. તાજેતરમાં આ પુસ્તકની નવી આવૃત્તિ 'ભવનબુક સિરીઝ'માં પ્રગટ કરાઇ છે. આ સિરીઝના મુખ્ય સંપાદક તરીકે શ્રી મુન્શીજીનું નામ રહે છે. આ પુસ્તકમાં ઇસ્લામ વિષે અને તેના સંસ્થાપક હઝરત મહમદ પયંગબર વિષે અમુક લખાણ છે, જેથી મુસ્લિમ કોમે તેનો વિરોધ કર્યો છે, પણ એ વિરોધ એવા કોમવાદી ઝનૂનથી પ્રેરાઇને કરવામાં આવ્યો છે કે, ઉત્તરપ્રદેશના કેટલાયે શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યા; અનેક નિર્દોષ માનવોનાં લોહી રેડાયા. ભોપાલ, જબલપુર, અલીગઢમાં તો કોમવાદે માઝા મૂકી. પરિણામે ભારતસરકારે તે પુસ્તકને જપ્ત કરવાની જાહેરાત કરી, તેના સંપાદક શ્રી મુન્શીજી કે જેઓ હાલ ઉત્તર પ્રદેશના ગવર્નર છે, તેમણે તરત જ પોતાનું નિવેદન જાહેર કરીને કહ્યું કે 'એ પુસ્તકની પ્રસિદ્ધિ માટે હું દિલગીર છું, તે બધાં પુસ્તકોનો નાશ કરવા માટે સરકારને સોંપી દેવાશે.' ભારત સરકારના વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરૂએ પણ આ અંગે પોતાનું નિવેદન પ્રસિદ્ધ કર્યું છે; તેમાં તેઓએ મુસલમાનોને આઘાત કરનારા આ પુસ્તકના વિધાનો માટે તિરસ્કાર વ્યક્ત કર્યો છે, ભારત સરકારના ગૃહપ્રધાન શ્રી પંતે પણ દિલગીરી બતાવી છે. એક ન્હાની વાતને મુસલમાનો ધાર્મિક લાગણીના કારણે કેટલું બધું મહત્ત્વ આપે છે, કે જેને ભારત સરકાર જેવી સર્વસત્તાધીશ સત્તા પણ તરત જ નમી પડે છે. એ પુસ્તકમાં શું લખાણ છે? કોણે લખ્યું છે? કઇ રીતે લખાયું છે? એની પણ તપાસ કર્યા સિવાય આ રીતે મહત્ત્વ આપવામાં આવે છે, એ જ કહી આપે છે કે, ધાર્મિક લાગણી એક એવી વસ્તુ છે કે, જો એને પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક અને ખૂબ જ વ્યવસ્થિત રીતે આંદોલનો દ્વારા વ્યક્ત કરવામાં આવે તો ભલભલાને તેની આગળ લાચાર બનવું પડે છે!

જો કે, આ પ્રશ્નમાં કેવલ ઝનૂનનો જ, ધર્માંધપણાનો અને કોમવાદનો જ ગાંડો આશ્રય લેવામાં આવ્યો હતો. હજારો લોકોએ તોફાનો કર્યા હતા. અલીગઢ યુનિવર્સીટીના વિદ્યાર્થીઓએ પણ શરમજનક દેખાવો કર્યા હતા. અને પાકિસ્તાને પણ ભારતની પ્રતિષ્ઠા પર કાદવ ઉડાડવાનું આ પ્રસંગે અટકચાળું કર્યું હતું. આ અવસરે એક જ પ્રશ્ન ઉભો થાય છે કે, આવા તોફાનોને આ રીતે નમતું આપી દેવામાં કે તરત જ તે પુસ્તકને અંગે યોગ્ય નિવેદન પ્રસિદ્ધ કરવા પહેલાં જપ્ત કરવાની અને નાશ કરવાની જાહેરાત કરવાનું ભારત સરકારનું પગલું શું દૂરદેશી ભરેલું ગણી શકાય? આવા ઝનૂનોને આમાં પ્રોત્સાહન નથી મળતું? હિંદુ ધર્મ માટે આવું કાંઈ બન્યું હોત તો ભારત સરકાર કે પં. જવાહરલાલજી આમ તરત નમી પડત કે?

શ્રી મુનશીજીને જો સાચી રીતે કોઇ પણ ધર્મમાં માનનાર વર્ગની લાગણી દુભાવવા માટે દુઃખ થતું હોય તો તેમણે ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા રાજાધિરાજ આદિ નવલકથાઓદ્વારા જૈનોના ઐતિહાસિક મહાપુરૂષોને હલકટ ચીતરવામાં જે પાછું વાળીને જોયું નથી, તેમજ ખંભાતના મુસલમાનોને લૂંટવાનો તથા સ્ત્રી–બાળકોની કતલ કરવાનો બનાવ જૈનોના માથે ઠોકી બેસાડીને તેમણે જૈનધર્મની અહિંસાને જે હલકી દેખાડવામાં આનંદ અનુભવ્યો છે, તે માટે આજે તેનો તેમની પાસે કાંઈ જવાબ છે? તેઓને કોઈ પણ સમાજની ધાર્મિક લાગણીને ન દુભવવાનું કે તેને માન આપવાનું આજે જે રીતે સૂઝયું છે, તે દરેક ધર્મસંપ્રદાયો માટે કે કેવલ મુસ્લીમધર્મના અનુયાયી માટે?

શ્રી મુન્શીજીએ પોતાની ઐતિહાસિક નવલોમાં ગુજરાતના જ્યોતિર્ધર પરમ સમર્થ વિદ્વાન કલિકાલસર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી જેવા મહાત્માપુરૂષને મંજરી જેવું કલ્પિતપાત્ર ઉભું કરી. જાતીયભાવનાથી વિચલિત થતા બતાવ્યા છે, તેમજ મહાન દાનવીર ધર્મશીલ ગૂર્જર સંતાન મંત્રી-

શ્વર ઉદ્યનમંત્રીને લંપટ, સ્વાર્થી, મૂર્ખ તરીકે ચિતરવામાં શ્રી મુનશીજીએ પાછું વાળીને જોયું નથી, તેઓને આ તકે કહેવા મન થાય છે કે, 'મુન્શીજી! સ્વતંત્ર ભારતના મહત્ત્વના અધિકારપદે રહેલા તમે આજે જે રીતે મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણીને તેમના ઝનૂની તથા હિંસક પ્રતિકારોનાં પરિણામે માન આપવા કે તેની અદબ જાળવવા સત્વર તૈયાર થયા છો, તો આજે વર્ષોથી જે જૈનસમાજના પૂજ્ય તથા સન્માન્ય ઐતિહાસિક પુરૂષોનું હલકટ પાત્રાલેખન કરવા દ્વારા સમાજની લાગણીની સામે ચેડા કર્યા છે, તેની અદબ જાળવવા આજે આપ તૈયાર થાવ તો પણ હજુ બગડેલી બાજી સુધરી શકે તેમ છે. બાકી, શું આપ હિંસક પ્રતિકારની શક્તિને અને તેનાં સાધનોને જ કેવળ પ્રતિષ્ઠા આપવા ઇચ્છતા નથી ને?'

છેલ્લા કેટલાયે વર્ષોથી સ્વતંત્ર ભારતમાં જીવહિંસા ફૂદકે ને ભૂસકે પ્રગતિ કરી રહી છે, વિશ્વમૈત્રિ કે અહિંસા એ તો ભારત સરકારના શબ્દો કેવલ રાજકીય સ્ટંટ જેવા જ બને છે. ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટના ભારત સ્વતંત્ર થયા પછી, અને ભારતની વસતિના ભાગલા પાડવા છતાં બ્રિટીશતંત્રમાં નહતી એના કરતાં કઇગુણી હિંસા વધતી રહી છે. આ માટે ભારતની પાર્લામેન્ટના માનનીય સભ્ય જીવદયાપ્રેમી બ્હેન શ્રી રૂક્ષ્મણીદેવી અરૂંડેલ તરફથી પાર્લામેન્ટમાં એક બીલ લાવવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ ભારતમાં જે રીતે પશુઓની હિંસા ક્રૂરપણે તથા ફૂદકે ને ભૂસકે થઇ રહી છે, તેનું નિયમન કરવાનો હતો. આ બીલને આવતું રોકીને પં. જવાહરલાલજીએ આ બીલને વધુ અસરકારક બનાવવા માટે એક કમિટિ નીમી. તે કમિટિ કેવલ પં. જવાહરલાલજીના વર્ચસ્વ નીચે કામ કરનારી હતી, તેણે રીપોર્ટ કરીને જાહેર કર્યું છે કે, **'ભારતમાં જો પશુઓની કતલ બંધ કરવામાં આવશે તો સારાયે પશુઓને ઘાસચારાની તંગી પડશે, માટે ઢોરોની કતલ ચાલુ રાખવી વધુ ઇષ્ટ છે.** તેમ જ તાજેતરમાં ભારત સરકારના આરોગ્યપ્રધાન કુમારી અમૃતકુંવર તરફથી માંસમાર્કીટનો અભ્યાસ કરી રીપોર્ટ રજુ કરવા એક કમિટિ નીમવામાં આવી હતી, તે કમિટિએ હમણાં રીપોર્ટ પ્રસિદ્ધ કર્યો છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે, 'ભારતની પ્રજામાં શારીરિક શક્તિ ઘણી જ નબળી છે, માટે માંસાહાર વધારવા પ્રયત્ન કરવો જરૂરી છે. વધુમાં પશુઓના ગ્લેન્ડઝ અને લીવર વગેરે અદ્યતન પદ્ધતિયે સંઘરવા, અદ્યતન પદ્ધતિના **નવા કતલખાનાઓ મોટા શહેરમાં ઉભા કરવાની ઘણી જ અગત્યતા છે.** વળી પશુઓના માંસ અને હાડ-ચામની પરદેશમાં નિકાશ કરી ધન કમાવવું અને તે માટે પ્રાંતીય રાજ્ય સરકારોને આગ્રહ કરવો' આ કમિટિએ વિશેષમાં એ પણ જણાવ્યું છે કે, 'ગૌહત્યાનો વિરોધ કરવા વાળા થોડાક ઘેલાઓ સિવાય કોઇ નથી, માટે જે જે પ્રાંતમાં ગૌહત્યા વિરોધી કાયદાઓ કરવામાં આવ્યા હોય ત્યાં ગૌહત્યાની બંધી ઉઠાવી લેવી.'

આ કમિટિના આ રીપોર્ટપરથી ભારત સરકારના આરોગ્ય પ્રધાનના ખાતા તરફથી કમિટિની ભલામણોનો અમલ કરવાની સૂચના સાથે પ્રાંતીય રાજ્ય સરકારો ઉપર તેને અનુરૂપ કરવાના હુકમો પણ છૂટી ગયા છે, તેમ જાણવા મળ્યું છે. કોંગ્રેસ સરકારની આ ઘોર હિંસક નીતિને જાણીને કયો જીવદયાપ્રેમી સહૃદય સજ્જન આંચકો નહિ અનુભવે? દેશને નંદનવન કરવાની અબજોની યોજનાઓ એક બાજૂએ હાથ ધરવામાં આવે છે, બીજી બાજુ આમ નિર્દોષ મૂંગા જીવોની ઘોર કતલોના ફરમાનો છૂટે છે, માંસ, મચ્છી, ઇંડા, વગેરે ખાવાને માટે પ્રચાર કરાય છે, પશુઓની નિર્દયપણે હિંસા કરવા માટે રાજ્ય શાસન આદેશો આપે છે, આમાં ભારતદેશ કે જ્યાં અહિંસા-જીવદયાનો પવિત્ર નાદ ગૂંજતો હતો, ત્યાં આ ક્રૂરતાના, શેતાનીયતતાના કે જંગલીપણાના તાંડવો ગાજતા થાય છે. એટલે જ દેશની ચોમેર અતિવૃષ્ટિ, તોફાનો, અકસ્માતો છાશવારે ને છાશવારે થયા જ કરે છે, ને ક્રોડોના આર્થિક નુકશાન થતા રહે છે. 'ઓ જીવદયાપ્રેમી! આર્યસંસ્કૃતિના ધાવણથી પોષાયેલા દયાવાન માનવો! જાગો, ઉઠો, તમારી જ સરકાર, તમારા જ દેશમાં તમારા મત તથા મતા દ્વારા જે ભયંકર અને ક્રૂરતાભર્યા હિંસાના તોફાનો ઉભા કરી રહી છે, તેની સામે વિનમ્રપણે પણ મક્કમદિલે વિરોધ ઉઠાવો, ચૂંટણીજંગ નજીકમાં આવી રહ્યો છે, ભારત

સરકારને કે પ્રાંતીય સરકારોને પૂછી શકો છો કે, ધાર્મિક દૃષ્ટિ, સંસ્કાર દૃષ્ટિ તથા અહિંસાની દૃષ્ટિ, તમે ક્યાં સુધી માનો છો, અપનાવો છો કે અમલી બનાવવા તમારો ઉદ્દેશ છે? તમારૂં ધ્યેય, તમારો સિદ્ધાંત તથા તમારૂં લક્ષ્ય શું છે? એ અમને સ્પસ્ટ કહો!'

આટલું આજે ભારતમાં શાસન કરતી રાજકીય સંસ્થા કોંગ્રેસને પૂછી શકાય છે! જો સ્વતંત્ર ભારતની પ્રજાનાં માનસમાં પોતાની સંસ્કારિતાનું, જીવદયાનું કે ધાર્મિકતાનું સાચું ખમીર હોય તો. નહિતર પરિણામમાં દેશનો સર્વદેશીય અભ્યુદય દૂર છે, એમ કહ્યા વિના ચાલતું નથી.

મહાગુજરાતમાં હમણાં હમણાં છેલ્લાં બે મહિનાથી એક વિરાટ આંદોલન ચાલુ થયું છે. ઓગસ્ટની છઠ્ઠી તારીખે દીલ્હીમાં પાર્લામેન્ટે વિદર્ભ સહિત મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છનું એક રાજ્ય કરવાનો ઠરાવ પસાર કર્યો છે. છેલ્લા લગભગ ૮ મહિનાથી મુંબઇના પ્રશ્નને અંગે દેશભરમાં વિખવાદ ચાલુ હતો. સીમાપંચે જે નિર્ણય મુંબઇને અંગે આપ્યો હતો, તેમાં ગુજરાત કે મહારાષ્ટ્ર બન્નેયમાંથી એકેયને સંતોષ ન હતો. છતાંયે ગુજરાતે સંયમ તથા શિસ્ત જાળવીને મૌન રાખ્યું હતું. મહારાષ્ટ્રે મુંબઇને લેવા માટે ખૂબ જ તોફાનો કર્યા હતા જેમાં ચુસ્ત કોંગ્રેસમેનથી માંડી, સામાન્ય સામ્યવાદીનો પણ હીસ્સો ગણી શકાય. છેવટે મુંબઇને સ્વતંત્ર રાજ્ય તરીકે રાખવાનો ભારત સરકારે નિર્ણય લીધો, તેમાં મહારાષ્ટ્ર આખું ખળભળ્યું, ભલ-ભલાએ રાજીનામાં આપ્યાં, છતાં કોંગ્રેસના સર્વ સત્તાધીશો અણનમ રહ્યા: અને મહારાષ્ટ્ર, મહાગુજરાત તથા મુંબઇનું સ્વતંત્ર રાજ્ય આમ ત્રણ રાજ્યોનો નિર્ણય લેવાઇ ગયો. એ માટે ચોમેર તૈયારીઓ થઇ ગઇ, પ્લાનો, યોજનાઓ ઘડાઇ ચૂક્યા. અને અચાનક મહારાષ્ટ્રના તથા ગુજરાતના અમુક પાર્લામેન્ટના કોંગ્રેસી તથા બીનકોંગ્રેસી સભ્યોએ ભેગા થઇ દ્વિભાષી રાજ્યનો મુસદ્દો ઘડયો. પ્રજાને કે તેના વર્ગને જાણ કર્યા વિના તે યોજના પસાર કરી દીધી. આના પરિણામે અમદાવાદ, સુરત, આદિ ગુજરાતના મોટા-મોટા વિસ્તારોની જનતાનાં દિલમાં રોષ ભરાયો. ઓગસ્ટ ૮મીના દિવસે અમદાવાદમાં વિદ્યાર્થીઓએ સરઘસ કાઢયું. કોંગ્રેસ હાઉસ આગળ દેખાવો થયા, અને ત્યારબાદ ગોળીબાર થયો.

ત્યારપછી તો મુખ્યત્વે અમદાવાદ, નડીયાદ, કલોલ, આણંદ ઇત્યાદિ ગુજરાતના શહેરોમાં તોફાનો, ગોળીબારો, ઇત્યાદિની રમઝટ દિવસોના દિવસો સુધી ચાલી. અમદાવાદ શહેરનું વાતાવરણ આજે લગભગ સવાબે મહિના થયા તંગ જ રહ્યું છે. જનતાનું આંદોલન આજે તો વગર નેતાએ એટલું વિરાટ બની ચૂક્યું છે કે ગુજરાતના પ્રત્યેક શહેર-ગામડાઓમાં મહાગુજરાત જનતા પરિષદની રચનાઓ થઇ છે કેટલાયે. કોંગ્રેસીઓએ રાજીનામાં આપ્યા છે. અમદાવાદ મ્યુ૦ પાલિટિમાંથી પણ તેના પ્રમુખ આદિના પણ રાજીનામાં અપાયા છે. ઠેર-ઠેરથી રાજીનામાઓનો ધોધ વહી રહ્યો છે. આ બાજુ શહેર કોંગ્રેસ સમિતિએ મહાગુજરાતની રચનાને આવકારતો અને દ્વિભાષીની વિરૂદ્ધનો ઠરાવ પાસ કર્યો, ફરી કોંગ્રેસની શિસ્તને માન્ય રાખી દ્વિભાષીનો ઠરાવ પસાર કર્યો, એટલે પ્રમુખ, ઉપપ્રમુખ આદિએ રાજીનામાં આપ્યાં.

આમ હાલ તો ગુજરાતનું વાતાવરણ ડહોળાઇ રહ્યું છે. દેશની શક્તિ આજે તો કેવળ દ્વિભાષી કે મહાગુજરાતના પ્રતિકાર અને સમર્થનમાં ખરચાઇ રહી છે. પ્રજાની તન, મન, ધનની તાકાત આ કાર્યોમાં આજે તો એટલી બધી વેરવિખેર થઇ રહી છે, કે, પરિણામ તો ગમે તે આવે પણ છતાંયે આજે જે કાંઈ બની રહ્યું છે, તેમાં શાસકવર્ગ તથા પ્રજાપક્ષ બન્નેનું એક-બીજા વચ્ચેનું અંતર વધવામાં આજે ચોમેર શક્તિ ખર્ચાઇ રહી છે. રે ભવિતવ્યતા! સીમાપંચના સૂતેલા ભૂતને જગાડીને દેશના માંધાતાઓએ ખરેખર પેટ ચોળીને શૂલ પેદા કર્યા જેવું કર્યું છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય!

ગુજરાતની પ્રજાને જાણ કર્યા વિના દ્વિભાષીનો નિર્ણય એકાએક લઇ લેવાયા બાદ પ્રજાના આગેવાનોએ, મોરારજીભાઈ જેવા પ્રતિષ્ઠિત માણસોએ અમદાવાદ શહેરમાં તાત્કાલિક પ્રજાને વિશ્વાસમાં લેવા પ્રયત્ન કર્યો હોત, કે ગોળીબારનો યોગ્ય વિરોધ કરવામાં સૂર પૂરાવ્યો હોત તો પ્રજાનું વલણ નરમ પડત અને

પ્રજા શાંત રહેત. પણ આમ ન બન્યું: ઊલટું ગુજરાત કોંગ્રેસ સમિતિના મંત્રી ઠાકોરભાઇ દેસાઇએ તથા ગાંધીજીના હરિજન પત્રોના ભૂતપૂર્વ તંત્રી મગનભાઇ દેસાઇએ ઉશ્કેરણીજનક ભાષણો કરી, સત્તાશાહી માનસનો પડઘો પાડયો, જેના પરિણામે ઉશ્કેરાયેલા માનસ પર વધુ ઉશ્કેરાટ વ્યાપ્યો. અને તેનું એ પરિણામ આવ્યું કે, તાજેતરમાં ભારતના વડાપ્રધાન પં. શ્રી જવાહરલાલજીનાં વ્યક્તિત્ત્વને પણ આંચકામાં મૂકી દે તેવું બન્યું. ઓકટોબરની બીજી તારીખે પં. જવાહરલાલજીએ અમદાવાદમાં લાલ દરવાજે જે ભાષણ કર્યું. સેજ ટાઇમે તે સ્થળથી દૂર ઠેઠ લૉ કોલેજના મેદાનમાં સરકારી કે મ્યુ૦ પાલિટીના સાથ વિના મહાગુજરાત પરિષદનું ભાષણ થયું, સામાન્ય વકતાઓ હોવા છતાં ૩ લાખ ઉપરની માનવમેદની ત્યાં હતી. પં. જવાહરલાલજીના વ્યાખ્યાનમાં ૧॥ લાખની મેદની હતી જનતા પરિષદના સરઘસોમાં ૭૦ હજાર માનવ મહેરામણ રહેતો. મોરારજીભાઇની સભા હતી, તે વેળા જનતા કરફ્યુના કારણે કોઈ ગયું નહતું. આમ આ આંદોલન હાલ તો વાતાવરણમાં ગાજી રહ્યું છે, પણ આ બધી શક્તિઓ દેશના કોઈ સ્થાયી હિતમાં કશો જ મહત્ત્વનો ફાળો આપી શકતી નથી. તે ખેદજનક જ ગણી શકાય.

ભાષાવાદ, પ્રાંતવાદના આ બધા તોફાનો દેશના ભાવિ ઇતિહાસનાં પૃષ્ઠોપર કયા શબ્દોમાં અંકાશે એ એક ગૂંચવતો પ્રશ્ન છે.

આજે વારે-તહેવારે કોંગ્રેસીતંત્રમાં ગોળીબારો થઇ રહ્યા છે. પ્રજાથી અલિપ્ત રહી, પ્રજાને તરછોડવાની મનોવૃત્તિ કે ઘમંડ કોંગ્રેસના આગેવાનોમાં જે આવી રહ્યો છે, તેનું પરિણામ પ્રજાનાં માનસપર આજે સ્પષ્ટ રીતે કોંગ્રેસી લોકો માટે નફરતરૂપે આવ્યું છે ગાંધીજીએ દીલ્હીમાં જ્યારે કોંગ્રેસીઓનાં હાથમાં સત્તાના સૂત્રો સોંપાઇ રહ્યા હતા, તે દરમ્યાન જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી, તે આજે પણ કોંગ્રેસના બળે જનપ્રિયતાના શિખરે ચઢીને જાતભાતને ભૂલી જનારાઓ માટે 'રૂક જાવ'ની ચેતવણી આપે છે. ગાંધીજીએ ઓગસ્ટ–૧૯૪૭ના દિવસોમાં કહ્યું હતું કે, 'આપણી રાજસત્તા બ્રિટીશોની માફક બંદુકને જોરે ટકી નહિ શકે. અનેક પ્રકારના ત્યાગ અને તપવડે કોંગ્રેસે પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો છે. પણ જો જે ઘડિએ કોંગ્રેસવાળાઓ પ્રજાને દગો દેશે તો, અને સેવા કરવાને બદલે માલિક બની જશે તથા ધણીપણું આદરશે તો હું કદાચ જીવું કે ન જીવું પણ આટલા વર્ષોના અનુભવના આધારે આ આગાહી કરવાની હું હિમ્મત કરૂં છું કે, **દેશમાં બળવો ફાટશે. અને ધોળી ટોપી વાળાને પ્રજા વીણી-વીણીને મારશે,** અને કોઇ ત્રીજી સત્તા તેનો લાભ લેશે.'

ગાંધીજીના ૯ વર્ષ અગાઉ કહેવાયેલા આ શબ્દોને આજે પણ કોંગ્રેસના પ્રત્યેક અનુયાયીએ દિલમાં કોતરી રાખવા જેવા છે, જો એ શબ્દો ભૂલાયા તો ગાંધીજીની ભવિષ્યવાણીને સાચી પડવાનો કાલ નજીકમાં છે, એમ તેઓ રખે ભૂલે.

દ્વિભાષી રાજ્યની રચનાનો જે મુંબઈના પ્રદેશ માટે નિર્ણય લેવાઇ ગયો છે, તે રાજ્ય પુનર્રચના નવેંબરની પહેલી તારીખથી દેશમાં પ્રારંભાઇ જશે. તેમાં ૧૩ રાજ્યો એકભાષી થનાર છે. અને ૧૪મું દ્વિભાષી થનાર છે, જે મુંબઇ રાજ્યના નામથી સંબોધાશે. તેમાં વિદર્ભ, મરાઠાવાડ, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, આદિ પ્રદેશો મલીને રાજ્ય બનશે. તેની વસતિ પાંચક્રોડની ગણાય છે. ૨ લાખ ચોરસ માઈલનો તેનો વિસ્તાર થશે. ધારાસભામાં તેના ૪૩૪ સભ્યો ચૂંટાઇને આવશે, જેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, તથા કચ્છ પ્રદેશની ૧૫૪ બેઠકો રહેશે અને મહારાષ્ટ્રને ૨૮૦ બેઠકો મલશે, દિલ્હીની લોકસભામાં મુંબઇ રાજ્યની ૬૬ બેઠકો રહેશે, અને રાજસભામાં ૨૭ સભ્યોને બેઠકો મલશે, હાલ દેશની પુનર્રચનાની જે હવા ફેલાઇ રહી છે, તેમાં જે યોજનાઓ અને વ્યવસ્થાઓની વાતો દેશભરમાં વહેતી મૂકાઇ રહી છે, તેનું પરિણામ તો ભવિતવ્યતા ઉપર આધાર રાખે છે, છતાં એટલું તો કહી શકાય કે, જેટલે અંશે ભારતની પ્રજા પરમાર્થપરાયણ, સ્વાર્થત્યાગી, તથા સાદાઈ, સંયમ, અલ્પ જરૂરીયાત, ઈત્યાદિ ગુણોને જીવનમાં ઉતારશે, તથા સાત્ત્વિક ભાવનાને ખીલવશે તેટલે અંશે અભ્યુદય માટે આશા રાખી શકાય. બાકી; કોઇ કોઇનો ઉદય કરી શકે તેના કરતાં પોતે પોતાની જાતનું ભલું કરવાનું સામર્થ્ય ધરાવે છે, એમ કહેવું યથાર્થ છે.

તા૦ ૪-૧૦-૫૬

[ અનુસંધાન પેજ ૫૨૪નું ચાલુ ]
નોંધ મૂકવી જરૂરી ખરી. સૂત્રપરિચયમાં વિવેચન ટુંકમાં પણ સ્પષ્ટ અને માર્ગદર્શક છે. કાઉસ્સગ્ગ મુદ્રાના ચિત્રોમાં બે મુદ્રાઓ મુકી છે, તેમાં બેઠા કાઉસ્સગ્ગ કરવાની જે મુદ્રા છે, તેનો ત્રણ મુદ્રામાંથી એકેયમાં સમાવેશ થઈ તેમ નથી, તો તે કઇ મુદ્રા ગણાય? તે પ્રસ્તુત ચિત્રમાં ઉલ્લેખ કરવો જરૂરી ખરો !

**વાર્તાવિહાર: સંપાદક:** પ્રિયદર્શન **પ્રકા૦** દિવ્યદર્શન કાર્યાલય, કાળુશીની પોળ, અમદાવાદ. મૂ૦ ૧ રૂ૦

પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીનાં વ્યાખ્યાન સાપ્તાહિક 'દિવ્યદર્શન'માંથી યોગ્ય પધ્ધતિયે સંયોજિત કરીને પૂ. મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી (પ્રિયદર્શન) એ નવ બોધક વાર્તાઓ અહિં મૂકી છે પ્રત્યેક વાર્તાની રજૂઆત પહેલાં સંપાદકે યોગ્ય ભૂમિકા દ્વારા વાર્તાની ઓળખ આવી છે, વાર્તાઓ માનવતાનાં મંગલ તત્ત્વોની સૌરભ ફેલાવનારી છે. અધ્યાત્મદૃષ્ટિને સન્મુખ રાખીને આ વાર્તાઓ માર્ગદર્શન આપી જાય છે. ક્રા. ૧૬ પેજી ૧૫૪ પેજના આ પુસ્તકમાં જનસમાજને બોધપ્રદ વસ્તુ લોકભોગ્ય શૈલીમાં મુકાઇ છે.

**મંદિરોનું નગર: પ્રયોજક:** પુલચંદ હરિચંદ દોશી. પાલીતાણા **પ્રકા૦** પ્રવીણચંદ્ર પુ૦ દોશી મૂ૦ ૧-૦-૦

પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવર ઉપર જે ભક્તિ, શ્રધ્ધા, ઔદાર્ય અને શિલ્પ-સ્થાપત્યનાં ચતુર્મુખી સંગમસમાં અનેક ભવ્ય, ગગનચુંબી વિશાલ જિનમંદિરો છે, તે જિનમંદિરોનાં સુંદર ભાવવાહી ચિત્રો, ફોટાઓ, તથા તેનો ઐતિહાસિક ટુંક પરિચય આ ટુંક પુસ્તિકામાં પ્રસિધ્ધ થયેલ છે. શ્રી શત્રુંજયગિરિવરનો પણ ટુંક પરિચય અહિં આલેખાયો છે. લાખ્ખો જૈનોના હૃદયહાર તરણ તારણ જહાજ પરમપવિત્ર શ્રી શત્રુંજયગિરિરાજની યાત્રાર્થે જનાર યાત્રાળુ વર્ગને આ ન્હાની પુસ્તિકા માર્ગદર્શન આપનારી બને તેવી છે. પ્રયોજકનો પરિશ્રમ સાચે નોંધપાત્ર છે.

**મચ્છકુમાર લે૦** શતાવધાની શ્રી જયંતમુનિ **પ્ર૦** શાહ ઉમરશી પાશુ રતાડીયા. (ગણેશવાળા) (કચ્છ) મૂ. ૦-૧૨-૦

જૈન સાહિત્યમાં આવતી પ્રાચીન જૈનકથાને વર્તમાન શૈલીમાં બાલભોગ્ય પધ્ધતિયે અહિં પ્રસિધ્ધ કરવામાં આવી છે. ભાષા સરળ છે. શૈલી સ્વચ્છ છે. નાના નાના પ્રકરણો, મોટા સુવાચ્ય ટાઇપો, અનેક રંગી છપાઇ, અને પ્રાસંગિક ચિત્રો ઈત્યાદિથી આ પુસ્તિકા આકર્ષક બની છે, ક્રા૦ ૧૬ પેજી ૮૮ પેજની આ પુસ્તિકા ધનદકુમારનાં ચરિત્રદ્વારા ધૈર્ય, શ્રધ્ધા તથા ક્ષમાભાવનો બોધ આપી જાય છે. લેખક મુનિશ્રીનો પરિશ્રમ ઉલ્લેખનીય છે.

તા૦ ૨-૧૦-૫૬.

(અન્ય પ્રકાશનો જે અમને સમાલોચનાર્થે મલ્યાં છે તેની સમીક્ષા આગામી અંકે)

સુરતના વિકટોરિયા બાગમાં બાપ સાથે ફરવા નિકળેલા છોકરાએ કપાળે આંગળી મુકી વિચાર કરતા નર્મદનુ પૂતળું જોઈ સહજ કુતુહલથી પૂછ્યું. બાપુજી! માથું દુઃખે છે તોય આ માણસ અહીં કેમ બેઠો છે? ઘેર કેમ ચાલ્યો જતો નથી? ને આવડું મોટું પાઘડું પહેરે પછી માથું દુઃખી આવેજ ના?

"બેટા! એ તો કેટલાયના માથાને દુઃખાવો થઇ પડેલો."

# અ૦ મી૦ ઝ૦ ર૦ ણું૦

## પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

**જૈ**નશાસનમાં કૃપણને સ્થાન છે, પણ દાનની શી જરૂર છે, એમ કહેનારને સ્થાન નથી.

**કૃપણ**ની કૃપણતા એના આત્માને મારે, પણ કૃપણની કૃપણતાની સ્તુતિ આખી દુનીયાને મારે.

**શ્રી** જિનાગમે કોઇપણ ક્રિયા સંસારમાં રહેવા, સંસારને વધારવા, ખીલવવા કે સંસારના રંગરાગ માટે વિહિત કરી નથી. મળી જાય એ વાત જૂદી છે.

**દુ**નીયાદારીના પદાર્થો ધર્મયોગે મળે ભલે, પણ ધર્મયોગથી તે પદાર્થો મળે એ ઇચ્છવાનું નથી.

**જ્ઞા**નનું ફળ વિરતિ અને વિરતિનું બીજ જ્ઞાન.

**રા**ગને માટેનો ત્યાગ એ ખરાબ છે.

**ત્ય**જવા જેવી પણ ચીજ ત્યાગને માટે કરવી પડે તો કરવાની આજ્ઞા.

**અ**રિહંતના શાસનને પામેલા સમ્યગ્દૃષ્ટિ આત્માને દુનિયાની કોઇ પણ વસ્તુ અનીતિના પંથે લઈ જવા સમર્થ નથી.

**સ**મ્યગ્દૃષ્ટિ એટલે ત્યાગનો પિપાસુ, ત્યાગનો જાપ કરનાર.

**રા**ગના રસિયા બન્યા તો સંસારમાં અગ્નિ ખરશે.

**ધ**ર્મીનાં હૃદયમાં દેવગુરુ રોમેરોમ હોય છે.

**ખ**રા ભોગીનું એ લક્ષણ છે કે-મરજી આવે ત્યાં સુધી ભોગવે પછી લાત મારી ફેંકી દે તે સાચો ભોક્તા.

**સ**મ્યગ્દૃષ્ટિની વાત આવે કે સર્વવિરતિ આવે જ. સર્વવિરતિ એવી છે કે સમ્યગ્દૃષ્ટિથી અલગી ન રહે. સર્વવિરતિના ભાવ વગરનો સમ્યગ્દૃષ્ટિ હોય નહિ.

**તું** તારા આત્માને ગમે તેટલો જીતનારો માન, બળવાન માન, પણ રાગાદિ શત્રુઓથી જીતાયેલો હો તો તું પામર છે.

**પૈ**સાટકાનું દાન, આશ્રિત બનાવવા, તાબામાં રાખવા, કે હું મોટો દાતાર છું, એમ કહેવડાવવા માટે નથી, જો એ માટે થાય તો તે દાન નથી.

**શી**લનો સેવનાર, તપ કરનાર તથા ભાવના ભાવનાર પોતાનો ઉદય કરી શકે છે, જ્યારે દાન દેનાર સ્વપર ઉભયનો ઉદય કરી શકે છે.

**દા**તાર, દેવાની વસ્તુ અને લેનાર ત્રણે શુધ્ધ જોઇએ. એ ત્રણમાં ખામી એટલી વસ્તુમાં ખામી.

**મુ**નિ એટલે ષટ્જીવનિકાયના પાલક, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિકાયને પણ ન હણે. ત્રસને હણવાના તો હોય જ શાના?

**મુ**નિની દૃષ્ટિ અને દુનિયાના ગૃહસ્થોની દૃષ્ટિ જૂદી હોય છે.

**જૈ**નપણું એટલે શ્રી જિનેશ્વરદેવનું અનુયાયીપણું.

**જિ**નેશ્વર એટલે રાગદ્વેષાદિ દોષોને જીતનાર તે જિન અને તેમાં યે અધિપતિ એ જિનેશ્વર.

**દુ**નિયાના ગૃહસ્થોની-સંસારમાં રહેતાઓની પ્રવૃત્તિ ભલે જુદી હોય. કારવાઇમાં ભલે ફરક હોય, કારણ કે કારવાઇનો આધાર તો કૌવત પર છે, પણ ભાવના, ઇચ્છા ને દૃષ્ટિ તો એક જ જોઇએ.

**અ**નાદિકાળથી વળગેલા પૌદ્ગલિક સંયોગોને મૂકીએ એ ધર્મ, પૂરા મૂકીએ તે પૂરો ધર્મ, અને અધૂરા મૂકીએ તો અધૂરો ધર્મ.

આત્મા અનંત શક્તિનો સ્વામી છે, સ્વચ્છ છે, પણ અનાદિકાળથી લાગેલા કર્મ-સંયોગોને લીધે એમાં પરિવર્તન થયેલું છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય, ને યોગ એટલે મન, વચન, કાયાના અશુભ વ્યાપાર, આ ચારે કર્મબંધના હેતુ છે.

શુધ્ધ દેવમાં દેવત્વ બુદ્ધિનો અભાવ, શુદ્ધ ગુરુમાં ગુરુત્વ બુદ્ધિનો અભાવ, શુધ્ધ ધર્મમાં ધર્મત્વ બુધ્ધિનો અભાવ, તેમજ અશુધ્ધ દેવમાં દેવત્વ બુધ્ધિ, અશુદ્ધ ગુરુમાં ગુરુત્વબુદ્ધિ અને અશુદ્ધ ધર્મમાં ધર્મત્વબુદ્ધિ. એ મિથ્યાત્વ કહેવાય.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ મન, વચન, કાયાની પ્રવૃત્તિ એ પ્રમાદ, અને આજ્ઞાને અનુસરતી પ્રવૃત્તિ એ અપ્રમાદ. અવિહિત વસ્તુમાં પ્રવૃત્તિ એ પ્રમાદ.

જે તારક, જે સેવ્ય, જે પૂજ્ય. જેના અભાવમાં પોતાનો અભાવ, જેના યોગે પોતાનું જીવન, એની ગૌણતા કરે એ સાધુ સાધુ નહિ સાધ્વી સાધ્વી નહિ. શ્રાવક શ્રાવક નહિ અને શ્રાવિકા એ શ્રાવિકા નહિ. ધ્યેય વિનાની કોઈ પણ પ્રવૃત્તિ જ્ઞાનીએ સફળતાની કોટિમાં મૂકી નથી.

શ્રાવક કોણ? રોજ શ્રી જિનેશ્વર દેવની સેવા કરે. નિર્ગ્રંથ ગુરુની ઉપાસના કરે, અને શ્રી જિનેશ્વર દેવની વાણીને સાંભળે અને તેને યથાશક્તિ અનુસરે.

આ સંસારમાં રહીને જે અધોગતિ થવાની છે, તેમાંથી આજ્ઞાના આરાધનના યોગે બચી જવાય છે.

માર્ગાનુસારીનો અર્થ સત્યનો અર્થી, સત્ય લેવાની ઇચ્છાવાળો.

ઝેર આપનારો અણઘડ હોય તો સીધું પડીકામાં આપે, ને જરા હુંશીયાર હોય તો દૂધમાં ભેળવીને આપે. માટે સત્ય ગ્રહણ કરતાં એમાં અસત્યનું વિષ ન ભળે એની ખાત્રી કરો.

વકીલમાં એ ખામી છે કે–પોતાનો બચાવ કરવા સારા કે ખોટાના વિચાર વિના અસીલનું ગાણું ગાય. વકીલનો ઉદ્દેશ એ કે જજને મૂંઝવણમાં મૂકે.

વકીલ તો એનું નામ કે–જે જજનો રસ્તો સીધો કરે.

જૈન સાધુ કદી પણ નહિ કહે કે મારે આ વસ્તુ જ જોઈએ.—

જે હૈયે ન ઉતરે એને માથે મૂકનારો ઢોંગી છે.

ભગવાન શ્રી મહાવીરદેવનો એ મૌલિક સિદ્ધાન્ત છે કે, છતી વસ્તુનો સદુપયોગ કરવો એ ધર્મ, પણ સદુપયોગ માટે વસ્તુ પેદા કરવી એ પાપ.

હોય તે વસ્તુના સદુપયોગનો ઉપદેશ હોય, પણ આવી વસ્તુની જરૂર છે માટે પેદા કરો એ કહેવું એ શ્રાવકને પણ પાપ. તો અમને તો મહાપાપ.

નિંદા સહન કરવી એ સહેલી છે, પણ પ્રશંસા સહન કરવી કઠણ.

---

મંગાવો! મંગાવો! મંગાવો!
**ચરવલા** તથા **ઓઘા** માટે ઘણી જ સુંદર, સફેદ

**ઉન. રતલના રૂ. સાત**

દરેક જાતની રેશમી તથા ઉની કામળીઓ માટે સૂચિપત્ર મંગાવો.

લખો : **વિશેસરદાસ રતનચંદ જૈન**
**લુધીયાના** (પંજાબ)

[ અનુસંધાન ટાઇટલ પેજ બીજાનું ચાલુ ]

રૂા. ૧૧, શ્રી વિજયરાજ મહેતા ઉંબરગામ શ્રી ભવાનભાઇ પી. સંઘવીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શાહ મહેન્દ્રકુમાર જયંતિલાલ વરલી શ્રી કાલુલાલ ચંદનમલ જૈનની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી મુલચંદ એલ. મહેતા મોગાડીસ્કીઓ

રૂા. ૧૧, જૈન બાળ મંડળ નાગપુર–૨

રૂા. ૧૧, શ્રી પ્રવીણચંદ્ર જીવણચંદ્ર ઝવેરી મુંબઈ

રૂા. ૧૧, જૈન તપગચ્છ સંઘ વાપી સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી મ. ની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી શાંતિભુવન જૈન ઉપાશ્રય જામનગર પૂ. મુનિરાજ શ્રી પદ્માકરવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી જયંતિલાલ રામલાલ સાવરકુંડલા પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી જૈન સંઘ બેડા પૂ. પંન્યાસજી મંગલવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, બ્હેનોનો જૈન ઉપાશ્રય સાવરકુંડલા સાધ્વીજી દર્શનશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, માલીયા જૈન સંઘ સાધ્વીજી રંજનશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, દિગ્વિજય પ્લોટ જૈન ઉપાશ્રય જામનગર સાધ્વીજી કીર્તિપ્રભાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૦ શ્રી જૈન સંઘ થરા પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયભક્તિસૂરિજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૦, શ્રી જૈન સંઘ મોરબી પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૦, શ્રી દશા ઓશવાલ જૈન સંઘ શીનોર પૂ. પંન્યાસજી તિલકવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૦, શ્રી જૈન તપગચ્છ સંઘ રાજકોટ પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૦, વડાલા જૈન સંઘ મુંબઈ પૂ. મુનિરાજ શ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૭, શ્રી જૈન સંઘ આમોદ પૂ. પંન્યાસજી ભક્તિવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૫, જૈન સંઘ વરતેજ પૂ, રૂચકવિજયજી મ. ની શુભપ્રેરણાથી

રૂા. ૫, મુંડારા જૈન સંઘ પૂ. આચાર્ય શ્રી જિનેંદ્રસૂરિજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૫, શ્રી જૈન સંઘ સાયલા પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદવિજયજી મહારાજની શુભપ્રેરણાથી

રૂા. ૫, કાશીપુરા જૈન સંઘ બોરસદ પૂ. મુનિરાજ શ્રી જયવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂા. ૫, શ્રી જૈન સંઘ ઝીંઝુવાડા પૂ. મુનિરાજ શ્રી જયધ્વજવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

રૂા. ૫, એક ભાઈ તરફથી દાઠા પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી.

### અંજાર ભૂકંપ જૈન રાહત ફંડ.

'કલ્યાણ' માસિકના ઓગસ્ટ મહિનાના અંકમાં અંજારના ભૂકંપના ભોગ બનેલા ભાઇ-બ્હેનોના રાહત માટે એક નિવેદન પ્રગટ કરવામાં આવ્યું હતું એથી ગયા મહિનામાં રૂા. ૧૪૧૦ની રકમ રાહત કમિટિને પ્રાપ્ત થઈ હતી. આ માસમાં નીચે મુજબ રકમ રાહત કમિટિને 'કલ્યાણ' દ્વારા પ્રાપ્ત થઈ છે.

રૂા. ૪૭૧, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ-શહેર વિભાગ હા. શેઠ શ્રી ચીમનલાલ મંગળદાસ વડોદરા

રૂા. ૫૦, શ્રી ગુલાબચંદ સાહેબચંદ સાવટા

રૂા. ૫, શ્રી જૈન સંઘ પોસાલીઆ પૂ. મુનિરાજ શ્રી ત્રિભુવનવિજયજી મહારાજની પ્રેરણાથી.

હવે પછી જે રકમ અંજાર રાહત કમિટિને પ્રાપ્ત થશે તે આગામી અંકે નામ વાર છપાશે.

સંપાદક 'કલ્યાણ'

# રૂા પંદરમાં ત્રણ હજાર પેજનું વાંચન.

| | |
|---|---|
| મહાકવિ ધનપાલ | ૦–૮ |
| પવિત્રતાને પંથે | ૦-૧૨ |
| પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ | ૦–૮ |
| જૈનતત્ત્વ સારાંશ | ૦–૮ |
| શાંતિનો માર્ગ | ૦-૧૦ |
| પ્રશ્નોત્તરી બોધમાળા | ૧–૨ |
| રામબાણઉપાય | ૦–૮ |
| પ્રશમરતિ | ૦–૮ |
| શ્રાવકયોગ્ય આચાર–વિચાર | ૦–૮ |
| જૈનતત્ત્વપ્રવેશક જ્ઞાનમાળા | ૦–૮ |
| અમર બલિદાન | ૧–૪ |
| પ્રશ્નોત્તર–રસધારા | ૦–૮ |
| જૈન દૃષ્ટિએ યોગ | ૨–૮ |
| કાવ્ય સુધાકર | ૩–૦ |
| ભક્તિ ભામંડલ | ૧–૦ |
| શત્રુંજય દિગ્દર્શન | ૧–૦ |
| કુદરતી ઉપચારો | ૩–૮ |

આખો સેટ ખરીદનારને વીશ ટકા કમીશન કાપી આપીશું પોષ્ટેજ ખર્ચ અલગ

કુલ ૧૭ પુસ્તકો. ત્રણ હજાર પેજનું વાંચન, કિંમત રૂા. ૧૮-૧૨-૦ કમીશન કાપી રૂા. ૧૫

**સોમચંદ ડી. શાહ** પાલીતાણા (સૌરાષ્ટ્ર)

